# પ્રવચન પહેલું

**'वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।'**

**'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે તો વિરાધેલી આજ્ઞા ભવ (સંસાર) વૃદ્ધિ માટે થાય છે.'**

## 1 સર્વસુખનું મૂળ આજ્ઞાની આરાધના :

અનંત ઉપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'શ્રી વીતરાગ સ્તોત્ર' નામના મહાગ્રંથરત્ન દ્વારા શ્રી વીતરાગ પરમાત્માની સ્તુતિ કરી છે. એ સ્તુતિ કરતાં તેઓશ્રીએ પરમાત્મા અને પરમાત્માની પૂજાનું જેમ મહિમાગાન કર્યું છે, તેમ પરમાત્માની આજ્ઞાનું પણ મહિમાગાન કર્યું છે.

વીતરાગ પરમાત્માની પૂજા કરતાં પણ વીતરાગ પરમાત્માની આજ્ઞાનું મહત્ત્વ-વિશેષ છે, તેવું જણાવવા તેમણે કહ્યું કે 'ભગવંત ! તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન વધારે શ્રેષ્ઠ છે, કારણ કે 'આરાધેલી આજ્ઞા મુક્તિનું કારણ છે અને વિરાધેલી આજ્ઞા સંસારનું કારણ છે.' આજ્ઞાની આરાધના આત્માને



નિશ્ચિતપણે મોક્ષમાં પહોંચાડે છે અને આજ્ઞાની વિરાધના આત્માને નિશ્ચિતપણે સંસારમાં રઝળાવે છે.

**પૂજા નહિ કરી શકનારો કદાચ તરી શકે, ડૂબે જ એવું નથી પણ આજ્ઞાને નહિ માનનારો તો ડૂબે જ છે.**

પરમાત્માની દ્રવ્યપૂજા એ મોક્ષનું એકાંતિક કારણ નથી પણ પરમાત્માની આજ્ઞા તો મોક્ષનું એકાંતિક કારણ છે. માટે પૂજા કરનાર મોક્ષ પામે અગર ન પણ પામે જ્યારે આજ્ઞાપાલક મોક્ષ અવશ્ય પામે જ.

**સંસારમાં સર્વ સુખનું મૂળ જાણતાં-અજાણતાં કરેલી પરમાત્માની આજ્ઞાની આરાધના છે અને સર્વ દુઃખનું મૂળ જાણતાં-અજાણતાં પણ કરેલી પરમાત્માની આજ્ઞાની વિરાધના છે.**

સદ્‌ગતિ અને સદ્‌ગતિની પરંપરાનું મૂળ આજ્ઞાની આરાધના છે અને દુર્ગતિ અને દુર્ગતિની પરંપરાનું મૂળ આજ્ઞાની વિરાધના છે.

માનસિક શાંતિની અનુભૂતિ એ આજ્ઞાની આરાધનાનું ફળ છે અને માનસિક અશાંતિની અનુભૂતિ એ આજ્ઞાની વિરાધનાનું ફળ છે.

શ્રી અરિહંત પરમાત્માએ બતાવેલી ધર્મકરણી આજ્ઞા મુજબ કરીએ તો તારનારી બને છે અને આજ્ઞાની ઉપેક્ષા કરીને કરીએ તો ડૂબાડનારી બને છે.

**સભા :** *આજ્ઞાને બાજુમાં મૂકીને ધર્મકરણી ન થઈ શકે ?*

## 1 આજ્ઞા વિનાની ધર્મકરણી પ્રાણ વગરની :

ના, ન થઈ શકે. કારણ કે શાસ્ત્રોમાં લખ્યું છે કે,

**'धम्मो आणाए पडिबद्धो'**

**'ધર્મ આજ્ઞા સાથે બંધાયેલો છે.'**

આજ્ઞાની ઉપેક્ષા કરીને કરેલી ધર્મકરણી દ્વારા ધર્મ પ્રગટતો નથી પણ ધર્મ નાશ પામે છે. આજ્ઞા એ ધર્મનો પ્રાણ છે. **આજ્ઞા વગરની ધર્મકરણી પ્રાણ વગરના શરીર-મડદા જેવી છે. જેમ આજ્ઞા વગરની ધર્મકરણી નિષ્પ્રાણ હોઈ મડદા જેવી છે; તેમ આજ્ઞા વગરના સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પણ**

**હાડપિંજર જેવા છે.** માટે જ 'યોગવિંશિકા' ગ્રંથની વૃત્તિમાં લખ્યું છે કે

**'आज्ञारहितस्य तस्यास्थिसंघातरूपत्त्वप्रतिपादनात्'** અને સંબોધ પ્રકરણ નામના ગ્રંથમાં આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે લખ્યું કે

**'आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ'**

**'જે આજ્ઞાયુક્ત છે તે સંઘ છે અને જે આજ્ઞા વગરના છે, તે હાડકાનો માળો છે.'**

અનાદિકાળથી આજ સુધીમાં અનંતીવાર દ્રવ્યચારિત્ર પ્રાપ્ત કર્યું, મેરુ જેટલા ઓઘા લીધા તે છતાં એ ધર્મકરણીથી ભવનિસ્તાર ન થયો કેમ કે આજ્ઞાની આરાધના ન કરી - આજ્ઞાનું પાલન ન કર્યું.

દ્રવ્યચારિત્ર અચરમાવર્તમાં પણ મળી શકે; પરંતુ આજ્ઞાની આરાધનાનું પાલન ચરમાવર્તમાં જ થઈ શકે છે.

તમારી પાસે પ્રાથમિક જ્ઞાન પણ નથી એટલે નવતત્ત્વ, ચરમાવર્ત, અચરમાવર્ત, પુદ્‌ગલપરાવર્ત, સાગરોપમ, પલ્યોપમ, સંખ્યાત, અસંખ્યાત, અનંત, અપુનર્બંધક, ગુણસ્થાનક વગેરે પ્રાથમિક કક્ષાના શબ્દોનો પણ તમને પરિચય નથી. આ સ્થિતિમાં તમને શાસ્ત્રોની વાતો, પરિભાષાઓ સમજાવવી કેટલી અઘરી પડે એ તમે સમજી શકો તેમ છો. અમને સમજાવવામાં મુશ્કેલી પડે છે એનો આ સવાલ નથી, પણ જે વસ્તુ તત્કાળ સમજવી તમારા માટે હિતકર છે, અનિવાર્ય છે એ ન સમજી શકવાના કારણે તમે તમારું હિત ગુમાવી રહ્યા છો, સાધના માર્ગમાં આગળ વધવાની ઉજળી તકોને પણ ગુમાવી રહ્યા છો, એ અત્યંત દુઃખદ વસ્તુ છે. જો આ બધી પરિભાષાઓ સમજાય તો એક એક શબ્દ દ્વારા જે સજાગતા કેળવવી છે તે સહેલાઈથી કેળવી શકાય.

આપણે અનંતીવાર તીર્થંકરના સમવસરણમાં પણ જઈ આવ્યા, અનંતીવાર ચારિત્ર લીધું, ચારિત્ર પાળી અનંતીવાર દેવલોકમાં પણ ગયા પણ આજ્ઞાનું પાલન ન કર્યું એટલે આ સંસાર યથાવત્ રહ્યો.

આજ્ઞાનો તાત્ત્વિક આદર, બહુમાન અને પાલન આ બધું ચરમાવર્તમાં જ થાય.



### આજ્ઞાનો આરાધક :

સંસાર જેને કર્તવ્ય ન લાગે એ વ્યક્તિમાં આજ્ઞા પ્રત્યે આદર પેદા થવાની શક્યતા છે. આના માટે ત્રણ વાતો વિચારવાની છે.

**૧. પાપ નવિ તીવ્ર ભાવે કરે,**
**૨. જેહને નવિ ભવરાગ રે,**
**૩. ઉચિત સ્થિતિ સેવે સદા.**

આ ત્રણ જેનામાં આવે તે પરમાત્માની આજ્ઞાનો આરાધક બની શકે.

અનુચિત પ્રવૃત્તિથી તે જ વ્યક્તિ અટકી શકે કે જેનો ભવનો રાગ ઘટ્યો હોય. ભૌતિક સુખનો રાગ એ જ ભવનો રાગ છે. જ્યાં સુધી ભવનો રાગ જીવતો જાગતો હોય ત્યાં સુધી આજ્ઞા પ્રત્યેનો આદર કે આરાધના, એક પણ શક્ય નથી.

### આજ્ઞાભંગનું તાંડવ :

**ભૌતિક સુખની તીવ્ર આસક્તિ આજ્ઞા પ્રત્યેની ઉપેક્ષા પેદા કરાવીને આજ્ઞાભંગ કરવા સુધી પ્રેરિત કરે છે. માટે જ આગમશાસ્ત્રોમાં પણ લખ્યું છે કે –**

**'गारवरसियाणं पुण जिणाणाभंजणं किला –**

**'જેઓ ગારવરસિક છે, તેમને માટે જિનાજ્ઞા ભાંગવી તે રમત માત્ર છે.'**

ગારવ એટલે ગૃદ્ધિ-આસક્તિ. આ ગારવ ત્રણ પ્રકારના છે. **૧.** રસગારવ, **૨.** ઋદ્ધિગારવ, **૩.** શાતાગારવ.

**રસગારવ :** મનગમતી વાનગીઓની ગાઢ આસક્તિ. ઉત્તમોત્તમ વાનગીઓ ખાવાની ઈચ્છા, એ ક્યારે મળે એવી અભિપ્સા, મળે એટલે તેમાં ગાઢ લીનતા, આનંદ આનંદ થઈ જાય એ રસગારવ છે.

**ઋદ્ધિગારવ :** ઋદ્ધિ-સમૃદ્ધિની ગાઢ આસક્તિ. ધન-ધાન્ય, વિવિધવસ્ત્રો, અલંકારો, અવનવી સુખસામગ્રીઓ, બંગલા-બગીચા, ગાડીઓ વગેરે મેળવવાની ઈચ્છા અને મળે ત્યારે તેમાં થતી લીનતા એ ઋદ્ધિગારવ છે.

**શાતાગારવ :** અનુકૂળતાની ગાઢ આસક્તિ. વિવિધ પ્રકારની અનુકૂળતાઓનું અર્થીપણું, અનુકૂળતાને મેળવવાના વિચારોમાં રત રહેવું અને અનુકૂળતા મળતાં જ તેમાં લીન થઈ જવું એ શાતાગારવ છે.

આ ત્રણ પૈકીના કોઈપણ એક, બે કે ત્રણેયમાં જે ગાઢ આસક્ત બને તે સાધુ હોય કે સાધ્વી હોય, શ્રાવક હોય કે શ્રાવિકા હોય એને માટે પરમાત્માની આજ્ઞા ભાંગવી એ રમત છે.

**ભૌતિક સુખ અને સુખની સામગ્રી પ્રત્યેના ગાઢ લગાવનું જ એ પરિણામ છે, કે વર્તમાનનાં ધર્મસ્થાનો પણ અધર્મકારક સુખસામગ્રીઓથી હવે ખરડાવા લાગ્યાં છે.**

ધર્મસ્થાનોમાં પણ લાઈટ, માઈક, પંખા, ફ્રીજ, ક્લોજ સર્કીટ ટી.વી., વિડીઓ જેવાં સાધનો ઘર કરવા માંડ્યાં છે. તો 'બુફે' પદ્ધતિ જેવી અગણિત અયોગ્ય પદ્ધતિઓ ઘર કરવા માંડી છે.

જે ઉત્તમ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ આ બધાં અનિષ્ટોથી દૂર રહે છે, તેમની અનુમોદના કરવાના બદલે, તેમની દયા ખાવામાં આવે, તેમને મૂર્ખ-જડ-રૂઢીચુસ્ત કહીને નવાજવામાં આવે છે. આજે નહિ તો કાલે એ પણ આ જ રસ્તે આવવાના છે,- એમ કહી તેમને હીણા ચીતરવામાં આવે, આ બધો વ્યવહાર પણ આજ્ઞાભંગનો જ એક પ્રકાર છે.

**આજે ચારેકોર આજ્ઞાભંગનું ભયાનક તાંડવ ખેલાઈ રહ્યું છે અને કમનસીબે એને ખેલનારા સાધુ-સાધ્વીના અને શ્રાવક-શ્રાવિકાના લેબાસમાં ફરનારા અને સમાજમાં આગવું સ્થાન ધરાવનારાઓ હોય છે, જે અત્યંત ભયાનક ભાવિનો અણસાર આપી જાય છે.**

આજે મંદિર બંધાવનારા મળશે પણ જયણાપૂર્વક મંદિર બાંધનારા કેટલા મળશે ?

પૂજા કરનારા મળશે પણ વિધિપૂર્વક પૂજા કરનારા કેટલા મળશે ?

સામાયિક કરનારા મળશે પણ બત્રીશ દોષ ટાળીને કરનારા કેટલા મળશે ?

રોજ બોલે 'સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું' છતાં વિધિની ખબર કેટલાને ?



રોજ બોલે કે 'દશ મનના, દશ વચનના, બાર કાયાના' પણ બત્રીશ દોષની ખબર કેટલાને ?

ખબર નથી એ પણ કદાચ ક્ષંતવ્ય ગણી લેવાય પણ એ જાણવાની ઇચ્છા પણ નહિ એને ક્ષંતવ્ય શી રીતે લેખાય ?

જો વિધિ-અવિધિની ખબર હોત તો અવિધિ ટાળી વિધિ કરનારા મળી શકત.

જો મનના દોષોની ખબર હોત તો દુર્ધ્યાનથી બચનારા મળી શકત.

જો વચનના દોષોની ખબર હોત તો સામાયિકમાં ગમે તેમ બોલાતું ન હોત.

જો કાયાના દોષોની ખબર હોત તો સામાયિકમાં જેમ તેમ વર્તન કરાતું ન હોત.

અમૃત ભોજન કર્યું હોય તો અમૃત સમા ઓડકાર આવ્યા વિના ન રહે તેમ ભગવાનની આજ્ઞા મુજબ ઉત્તમ ધર્મક્રિયા કર્યા પછી આનો વારંવાર આસ્વાદ આવ્યા વિના ન રહે.

## ı 'વિધિપૂર્વક' એટલે શું ?

**સભા :** *દરેક ક્રિયા વિધિપૂર્વક કરવી જોઈએ. તેમ આપ કહો છો તો અમે પણ સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ વગેરે વિધિપૂર્વક જ કરીએ છીએ. વિધિના પુસ્તકમાં જે ક્રમે જે સૂત્રો બોલવાનાં કહ્યાં તે મુજબ જ બોલીએ છીએ તો એ અમારી ક્રિયા વિધિ મુજબની કેમ નહિ ?*

આના પછી આ સૂત્ર, આના પછી આ સૂત્ર, આ તો માત્ર ક્રમ છે; પણ તે વખતે હાથપગની મુદ્રા કેવી હોવી જોઈએ ? સૂત્રોચ્ચાર કેવી રીતે કરવો જોઈએ? અર્થબોધ કેવો હોવો જોઈએ ? દરેક ક્રિયામાં ક્યારે ક્યારે કોનું આલંબન લેવું ? અને કયી ક્રિયામાં કેવો ભાવ હોવો જોઈએ ? પ્રત્યેક ક્રિયાઓ કયા સમયે અને કયા સ્થળે કરવી વગેરે બાબતોનું શાસ્ત્રોમાં સુંદર અને સ્પષ્ટ વર્ણન કરાયું છે. આ તમામ બાબતોનું પાલન કરવું તે વિધિ છે.

પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ 'યોગવિંશિકા' ગ્રંથમાં સ્થાનયોગ, ઊર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ દ્વારા આ બધી ક્રિયાઓ-વિધિઓનું સુંદર અને સ્પષ્ટ વર્ણન કર્યું છે. માટે જ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ૩૫૦ ગાથાના સ્તવનની પહેલી ઢાળમાં લખ્યું કે-

"આચરણા શુદ્ધિ આચરિએ, જોઈ 'યોગની વીશી' રે"

આવી રીતે આજ્ઞાના આદરપૂર્વક વિધિપૂર્વક ક્રિયા કરનારો એ ક્રિયામાં એવો એકાકાર બને કે એની ક્રિયા અમૃત બની જાય, જ્યાં સુધી અમૃત ન બને ત્યાં સુધી પણ એ તદ્ધેતુ તો બને જ એટલે એની ક્રિયા આજે નહિં તો કાલે અમૃત અનુષ્ઠાનરૂપ બની આત્માને પરમાત્મપદની ભેટ આપી શકે. આથી એવા આત્માને સંસારમાં તો એક ઘડી પણ રહેવું ન ગમે. રહેવું પડે તે જુદી વાત.

## ı સામાયિકનો રસાસ્વાદ શું ?

**સાચા શ્રાવકને સામાયિકમાંથી ઊઠીને બહાર જવું પડે ત્યારે 'એરકંડીશન્ડ રૂમમાંથી ગરમીમાં જનારની જેવી હાલત થાય' તેવી હાલત હોય.** આજના આરાધકોની હાલત ઊંધી છે. સામાયિક લેતાં ભાર લાગે અને સામાયિક પારવાનું આવે ત્યારે 'હાશ' થાય.

ધર્મકરણી વખતે અંદર આનંદ, ઉલ્લાસ, અપૂર્વભાવ જોઈએ તે કેમ આવતો નથી ? આ બધાનું કારણ એક જ છે કે આજ્ઞા પ્રત્યે આદર પ્રગટ્યો નથી. અને એનું પણ મૂળ એક જ છે કે હજુ ભવનિર્વેદ જે પ્રગટવો જોઈએ તે પ્રગટ્યો નથી.

## ı શ્રી વીતરાગનો સાધુ સુખી કેમ ?

શ્રી વીતરાગ પરમાત્માના સાધુને જ્યારે જુવો ત્યારે તે સુખી જ હોય. ચાર ડીગ્રી તાવ વખતે પણ પૂછો કે 'ભગવંત ! શાતામાં ?' એક જ જવાબ મળશે - 'દેવગુરુપસાય.' બીજી વાત જ નહિ ?

આ આનંદ, આ સુખ ક્યાંથી આવ્યું ? તમારી પાસે છે એમાનું એક પણ દુન્યવી સુખનું સાધન એની પાસે નથી. રહેવા ગામમાં ઘર નહીં, કમાવા બજારમાં પેઢી નહીં, ખેડવા જંગલમાં જમીન નહીં, બેલેન્સ માટે બેંકમાં ક્યાંય ખાતું નહીં, કોઈના ઘરે થાપણ નહીં, વ્યવહાર ચલાવવા પાસે ફુટી કોડી નહીં, ગરમીથી બચવા પંખો-એરકન્ડીશનર નહીં, ઠંડીથી બચવા તાપણું-હીટર નહીં, તાજી વાનગી ખાવા સગડી કે ફ્રીજ નહીં, દૃશ્યો જોવા ટી.વી., વિડીઓ નહીં, સંગીત સાંભળવા રેડીઓ-સ્ટીરીઓ નહીં, કોઈપણ ઇંદ્રિયના વિષયોને માણવા કોઈ સાધન નહીં, કોઈપણ સુવિધા માણવા સગવડનાં સાધન નહીં. સાધુને



રોટલાનો ટુકડો જોઈએ તો પણ તેને તમારા ઘરે આવવું પડે, પાણીનું ટીપું જોઈએ તો પણ તમારા ઘરે આવવું પડે. તમારા આંગણે આવી ચડ્યા અને કોઈ કહે 'પધારો' તો ય 'ધર્મલાભ' અને કોઈ કહે કે 'મહારાજ ! અહીં ક્યાંથી આવી ચડ્યા ?' તો પણ 'ધર્મલાભ' કહે. સર્વજ્ઞનો સાધુ જ્યાં જાય ત્યાં આવકાર મળે કે જાકાર મળે બેયમાં પ્રસન્ન ! બેય વખતે એ 'ધર્મલાભ'ના જ આશિષ વરસાવે. 'આવકારે તેને આશિષ' અને 'જાકારે તેને શ્રાપ' એવું અહીં નથી હોતું.

ઘણીવાર સાધુ વિહાર કરીને જાય ત્યારે ગોચરી-પાણીનું ઠેકાણું ન પણ પડે. ભગવાનની આજ્ઞા મુજબ જીવવું હોય તો ન પણ મળે. બાકી માલ મિષ્ટાન્ન ખાવા હોય તો જંગલમાં પણ મળે પણ નિર્દોષ ન મળે. આજ્ઞાના ખપીને તો કોક વાર આહાર મળે તો પાણી ન મળે, પાણી મળે તો આહાર ન મળે તેમ પણ બને.

શરૂઆતના વર્ષોમાં શાસ્ત્રોમાં એવું વાચ્યું હતું કે 'મહાત્માઓને આહાર મળે તો પાણી ન મળે અને પાણી મળે તો આહાર ન મળે' - ત્યારે એમ વિચાર આવતો કે એ કાળમાં વહોરાવનારા નહિ હોય ? પણ જ્યારે પરમતારક ગુરુદેવશ્રીને પૂછ્યું ત્યારે ખબર પડી કે આ નિર્દોષ ભિક્ષાચર્યા માટેની વાત છે.

**જેને આજ્ઞા મુજબ જીવવું છે તેના માટે બધું જ દુષ્કર છે. જેને આજ્ઞા પડતી મૂકવી છે તેના માટે બધું જ સરળ છે. આમ છતાં આજ્ઞા મુજબ જીવનાર સદાય સુખી હોય છે, આજ્ઞાને પડતી મૂકનાર સદાય દુઃખી હોય છે.**

## ı ભગવાનના શાસનની અદ્‌ભુત વિધિમર્યાદા :

વસ્ત્ર લાવવા માટે પણ ભગવાને અમને વિધિ બતાવી છે. આગમ શાસ્ત્રોમાં કેવાં અદ્‌ભુત વર્ણનો આવે છે.

સાધુ પાસે માત્ર એક જ વસ્ત્ર હોય અને તે ફાટવા આવ્યું હોય ત્યારે સાધુ વસ્ત્ર વહોરવા જાય પણ સાધુ જ્યારે વસ્ત્ર લેવા જાય ત્યારે ભગવાનને પૂછે કે, 'ભગવંત ! અનુમતિ આપો તો વસ્ત્ર લેવા જાઉં.'

ભગવાન તે વખતે પૂછે કે, 'વત્સ ! આજે નિર્દોષ વસ્ત્ર નહિ મળે તો ?'

'ભગવંત ! કાલે મળશે.'

'વત્સ ! કાલે પણ નહિ મળે તો ?'

'ભગવંત ! પરમ દિવસે મળશે.'

'વત્સ ! પરમ દિવસે પણ નહિ મળે તો ?'

'ભગવંત ! તે પછીના દિવસે મળશે !'

'વત્સ ! પછી પણ નહિ મળે તો તું શું કરીશ ?'

'ભગવંત ! જો પછી પણ નહિ મળે તો વસ્ત્ર વગર પણ મજેથી ચલાવીશ.'

ત્યારે ભગવંત તેને કહે કે, 'વત્સ ! સુખેથી જઈ શકો છો.'

**જ્યાં સુધી વસ્તુ વિના ચલાવી લેવાની વૃત્તિ નથી ત્યાં સુધી ભૂલ થવાની સંભાવના છે. એ સંભાવનાને ટાળવા ભગવાનના શાસનની આ કેવી અદ્‌ભુત વિધિ મર્યાદાઓ છે.**

માટે જ આહાર-પાણી વહોરવા જનાર સાધુ ભગવંતોની મનોવૃત્તિ કેવી હોવી જોઈએ તે દર્શાવતાં લખ્યું છે કે **'મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ.'** આવી જેની મનોવૃત્તિ હોય તેવા ગીતાર્થ સાધુ ભગવંતને જ ગોચરી પાણી વહોરવા જવાનો અધિકાર અપાયો છે.

## ı આયાનુસારી વ્યય :

તમારા માટે પણ **'આયાનુસારી વ્યયઃ'** 'આવકમુજબ જાવક' એ નિયમ છે. પણ આજે તો **'વ્યયાનુસારી આયઃ'** 'આવકમુજબ જાવક'ની નીતિ અપનાવાયી છે. એમાંથી જ અનીતિએ માઝા મૂકી છે.

'મીનીમમ આટલું તો જોઈએ જ !' પણ મળે ક્યાંથી ? નસીબ કોડીયા જેટલું અને ઇચ્છા આકાશ જેટલી. પછી એને આડા અવળા રસ્તા લેવા જ પડે.

જુના લોકો પણ કહેતા કે **'પછેડી જોઈ પગ પહોળા કરાય'** પણ આ તો પગ મુજબ પછેડી ખેંચવા જાય તો પછી પછેડી ફાટે જ ને !

પરમતારક ગુરુદેવશ્રીજી કહેતા હતા કે **'જેઓ જાવક નક્કી કરીને આવક કરવા નીકળે તે લુંટારા જ પાકે.'** 'આટલું જોઈએ જ' આ આવ્યું તેમાંથી તમારું શ્રાવકપણું ગયું, માર્ગાનુસારીપણું પણ ગયું. અમે પણ આટલું જોઈએ જ આવી મનોવૃત્તિ જો રાખીએ તો અમારું સાધુપણું પણ જાય.



## ı આજ્ઞાયોગનું મહત્ત્વ :

'ઉપદેશ પદ' નામના મહાગ્રંથરત્નનાં બીજા ભાગમાં આચાર્ય ભગવંતશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ આજ્ઞાયોગનું મહત્ત્વ વર્ણવ્યું છે. ત્યાં કહ્યું છે કે – 'જે જીવને પરમાત્મા જિનેશ્વરદેવની આજ્ઞા સ્પર્શી જાય તે વ્યક્તિ અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળમાં મોક્ષે જાય જ.'

ભગવાનશ્રી જિનેશ્વરદેવની આજ્ઞા શું ? એ સમજાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ વીતરાગ સ્તોત્ર ગ્રંથમાં સર્વ આજ્ઞાઓના સારભૂત બે આજ્ઞાઓ દર્શાવી છે.

**'आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ।'**

સમગ્ર દ્વાદશાંગીનો સાર માત્ર આ બે વાતમાં જ આવી જાય છે. આ બે વાત કહેવા જ સમગ્ર દ્વાદશાંગીની રચના કરાયી છે. તે બે આજ્ઞાઓ ખાસ સમજી લેવા જેવી છે. તે આ પ્રમાણે છે -

**૧ - आश्रवः सर्वथा हेयः** - આશ્રવ સર્વથા હેય - સર્વથા છોડવા જેવો છે.

**૨ - उपादेयश्च संवरः** - અને સંવર ઉપાદેય - આદરવા યોગ્ય છે.

**આશ્રવ** - કર્મોનું આત્મામાં આવવું તે પણ આશ્રવ કહેવાય અને જે વૃત્તિ-પ્રવૃત્તિના કારણે આત્મામાં કર્મ આવે તેને પણ આશ્રવ કહેવાય છે.

**સંવર** - આત્મામાં આવતાં કર્મો અટકે તે સંવર કહેવાય અને જે જે પ્રવૃત્તિથી આત્મામાં આવતાં કર્મ અટકે તે વૃત્તિ-પ્રવૃત્તિને પણ સંવર કહેવાય છે.

**બંધ** - આશ્રવ દ્વારા આવેલાં કર્મો આત્મા સાથે એકમેક થાય તે બંધ કહેવાય.

**નિર્જરા** - આત્મા સાથે એકમેક થયેલાં કર્મો આત્માથી વિખૂટા પડે તે નિર્જરા કહેવાય.

અહીં આશ્રવ સાથે બંધ પણ સમજી લેવાનો છે અને સંવર સાથે નિર્જરાને પણ સમજી લેવાની છે.

એટલે, જે જે વૃત્તિ-પ્રવૃત્તિથી આત્મા ઉપર કર્મનો હુમલો થાય, આત્મામાં કર્મનું આગમન થાય, આત્મા કર્મથી મલિન થાય, આત્મા કર્મથી લેપાય-બંધાય તે બધી જ પ્રવૃત્તિઓને આશ્રવ કહેવાય.

તેમજ, જે જે વૃત્તિ-પ્રવૃત્તિથી આત્મા ઉપર કર્મનો હુમલો અટકે, કર્મ આત્મામાં દાખલ થતાં અટકે, આવેલાં કર્મો આત્માથી વિખૂટાં થાય, છૂટાં પડે તે બધો સંવર ગણવો.

આશ્રવ છોડવા માટે આશ્રવના સ્થાનો છોડવાં જરૂરી છે, સંવરને સાધવા માટે સંવરનાં સ્થાનો સાધવાં જરૂરી છે.

એ માટે આશ્રવનાં સ્થાનો કયાં ? સંવરનાં સ્થાનો કયાં ? એ જાણવું ખૂબ જરૂરી છે.

આશ્રવનાં સ્થાનોને પણ 'આશ્રવ' કહેવાય. સંવરનાં સ્થાનોને પણ 'સંવર' કહેવાય. આને ઉપચાર ભાષા-વ્યવહાર ભાષા કહેવાય. કારણને કાર્ય તરીકે ઓળખાવવું એનું નામ ઉપચાર ભાષા-વ્યવહાર ભાષા છે. તમને સહેલાઈથી સમજાય તે માટે આપણે વ્યવહારભાષામાં વાત કરીશું.

ઘર આશ્રવ – દેરાસર સંવર,

પેઢી આશ્રવ – ઉપાશ્રય સંવર,

ધન આશ્રવ – ધર્મ સંવર,

કુટુંબ આશ્રવ – સાધર્મિક સંવર,

સંસારની તમામ સામગ્રી આશ્રવ – ધર્મની તમામ સામગ્રી સંવર,

સંસારની તમામ પ્રવૃત્તિ આશ્રવ – ધર્મની તમામ પ્રવૃત્તિ સંવર,

સંસારનો લગાવ આશ્રવ – ધર્મનો લગાવ સંવર.

હવે જો આગળ વધીને તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો –

સંસાર માટે ધર્મપ્રવૃત્તિ આશ્રવ – ધર્મ માટે સાંસારિક પ્રવૃત્તિ સંવર,

સંસાર માટે ધર્મ પ્રવૃત્તિનો લગાવ આશ્રવ-ધર્મ માટે સાંસારિક પ્રવૃત્તિનો લગાવ સંવર,

માટે ઘર હેય, પેઢી હેય, ધન હેય, કુટુંબ-પરિવાર હેય, સંસારની તમામ સામગ્રી હેય, સંસારની તમામ પ્રવૃત્તિ હેય, સંસારનો લગાવ હેય, સંસાર માટે ધર્મ પ્રવૃત્તિ હેય, સંસાર માટે ધર્મ પ્રવૃત્તિનો લગાવ હેય.



દેરાસર ઉપાદેય, ઉપાશ્રય ઉપાદેય, ધર્મ ઉપાદેય, સાધર્મિક ઉપાદેય, ધર્મની તમામ સામગ્રી ઉપાદેય, ધર્મની તમામ પ્રવૃત્તિ ઉપાદેય, ધર્મનો લગાવ ઉપાદેય, ધર્મ માટેની સાંસારિક પ્રવૃત્તિ ઉપાદેય.

**સભા :** *આપે કહ્યું કે સંસાર માટેની ધર્મપ્રવૃત્તિ કે સંસાર માટેનો ધર્મપ્રવૃત્તિનો લગાવ એ આશ્રવ છે માટે તે હેય ગણાય અને ધર્મ માટે સાંસારિક પ્રવૃત્તિ કે ધર્મ માટે સાંસારિક પ્રવૃત્તિઓનો લગાવ એ સંવર છે માટે તે ઉપાદેય ગણાય એ સમજાયું નહિં !*

તમે આટલા ધ્યાનથી સાંભળ્યું તે મને ગમ્યું. દરેક શ્રોતા જો આટલા ધ્યાનથી સાંભળે તો ઘણો જ લાભ થાય.

આચારાંગ સૂત્ર નામના પ્રથમ અંગ આગમમાં **'जे आसवा ते परिसवा,' 'जे परिसवा ते आसवा'** કહ્યું છે.

જે આત્માઓ સમ્યગ્દૃષ્ટિ હોય છે, જેનું સમ્યગ્દર્શન નિર્મળ હોય છે, આવા સમ્યગ્દર્શનના પ્રભાવે જેઓની દશા **'मोक्षे चित्तं भवे तनुः' 'મન મોક્ષમાં શરીર સંસારમાં'** હોય છે, **'सम्यग्दर्शनपूतात्मा न रमते भवोदधौ' 'સમ્યગ્દર્શનથી પવિત્ર થયેલો આત્મા સંસાર સાગરમાં રમતો નથી,'** 'રહેવું પડે તો રહે પણ રમે નહિ' આવા આત્માઓ સંસારની પ્રવૃત્તિને પણ સંસારથી છૂટવા માટે જ કરતા હોય. આથી તેઓ જેમ જેમ સંસારની પ્રવૃત્તિ કરતા જાય તેમ તેમ સંસારથી છૂટતા જાય. આવા આત્માઓ માટે કહ્યું કે તેમને માટે આશ્રવની તમામ પ્રવૃત્તિઓ સંવરનું કારણ બને છે. અને જેઓ ગાઢ મિથ્યાદૃષ્ટિ છે, સંસારના સુખોની જેમની તીવ્ર અભિલાષા છે, તેવા આત્માઓ ધર્મપ્રવૃત્તિ પણ કરે કે ધર્મ પ્રત્યે તેમને જે પણ લગાવ હોય તે સંસારને પોષવા માટે જ હોય છે. માટે તેમની સંવરની પ્રવૃત્તિઓ પણ આશ્રવનું જ કારણ બને છે.

આથી સમ્યગ્દૃષ્ટિ માટે આશ્રવનાં કારણો સંવરનાં કારણો બને છે અને મિથ્યાદૃષ્ટિ માટે સંવરનાં કારણો આશ્રવનાં કારણો બને છે.

જ્યાં સુધી સમ્યગ્દર્શનની ભૂમિકાએ ન પહોંચાય અને નિર્ભેળ વિવેક પેદા ન થાય ત્યાં સુધી આશ્રવનાં સ્થાનોથી સતત બચતા રહેવાનું છે અને સંવરના સ્થાનો આશ્રવના સ્થાનો ન બની જાય તે માટે સજાગ રહેવાનું છે.

## ı હૈયાનો ઢાળ બદલો :

હૈયાનો ઢાળ ક્યાં છે તે આપણે નક્કી કરી લેવું છે. જ્યાં સુધી તમારો ઢાળ નથી બદલાયો અને એ ઢાળ બદલવાની વૃત્તિ પણ નથી જાગી ત્યાં સુધી ગમે તેટલી ધર્મપ્રવૃત્તિ થાય તેની કોઈ કિંમત નથી. અમે ઉપર બેઠા છીએ અને અમારી નજર જો નીચે સંસાર તરફ હોય, તમે નીચે બેઠા હો, છતાં તમારી નજર ઉપર સંયમ તરફ હોય, તો જ્ઞાનીઓને પૂછવામાં આવે કે બેમાં વહેલો કોણ મોક્ષે જશે ? તો જ્ઞાનીઓ તરફથી જવાબ એવો મળે કે 'નીચે બેસનારો જશે.' કેમકે ઉપર બેસનાર ભલે ઉપર બેઠો હોય પણ એના હૈયાનો ઢાળ નીચે-સંસાર તરફ છે અને નીચે બેસનાર ભલે નીચે બેઠો હોય પણ એના હૈયાનો ઢાળ ઉપર-સંયમ તરફ છે.

જીવનો અનાદિકાળનો ઢાળ સંસાર તરફનો છે, વિષય-કષાય તરફનો છે. જ્યારે એ ઢાળ બદલાઈને મોક્ષ તરફ ઢળે છે ત્યારે જ આજ્ઞા પ્રત્યેનો સાચો આદર પેદા થાય છે. **જ્યારે આજ્ઞા પ્રત્યેનો સાચો આદર પેદા થાય છે, ત્યારે જ ધર્મક્રિયાઓ સુવિશુદ્ધ કોટિની બનતાં યોગરૂપ બને છે, અને આત્માને પરમાત્મપદની ભેટ ધરે છે.**

## ı ધર્મક્રિયાઓને યોગસ્વરૂપ બનાવવાનો શ્રેષ્ઠમાર્ગ :

જે ધર્મક્રિયાઓમાં પ્રણિધાનાદિ આશયો નથી હોતા તેવી ક્રિયાઓ ભલે મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક પણ કરાતી હોય; આમ છતાં તે ક્રિયાઓ દ્રવ્યક્રિયા કહેવાય છે. આવી દ્રવ્યક્રિયાઓ મુક્તિફળને આપવા અસમર્થ હોઇને તેને તુચ્છ-નિઃસાર ગણાવી છે.

આ અંગે 'ષોડશક' નામના મહાગ્રંથરત્નની સાક્ષી આપવા પૂર્વક પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે યોગવિંશિકાવૃત્તિની પહેલી જ ગાથામાં કહ્યું કે,

**'आशयभेदा एते, सर्वेऽपि हि तत्त्वतोऽवगन्तव्याः ।**
**भावोऽयमनेन विना, चेष्टा द्रव्यक्रिया तुच्छा ।।२-१२।।'**

**'પ્રણિધાનાદિ આ પાંચેય પ્રકારના આશયો એ ભાવ છે. આ ભાવ વિનાની - આશય વિનાની ક્રિયાઓ દ્રવ્યક્રિયા હોઈ તુચ્છ છે.**



આમાં '**चेष्टा द्रव्यक्रिया तुच्छा**' પદની વ્યાખ્યા કરતાં લખ્યું કે,

**'चेष्टा कायवाङ्मनोव्यापाररूपा 'द्रव्यक्रिया' 'तुच्छा' असारा अभिलषितफला-साधकत्त्वादित्येतदर्थः ।'**

**'આ આશય વગરની મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ ક્રિયા દ્રવ્યક્રિયા છે. આ દ્રવ્યક્રિયા તુચ્છ છે. અસાર છે, અભિલષિત-ફળને આપવા માટે અસમર્થ છે.'**

એ જ વાતને થોડા જુદા શબ્દોમાં ૧૨૫ ગાથાના સ્તવનમાં રજુ કરી છે.

**'અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે;**
**મમકારાદિક યોગથી, જ્ઞાની એમ બોલે.'**

આથી પહેલું કાર્ય કરવાનું છે, હૈયાના ઢાળને બદલવાનું. જે ઢાળ સંસાર તરફ છે, વિષય-કષાય તરફ છે, તેને મોક્ષ તરફ વાળવાનો છે.

બીજું કાર્ય કરવાનું છે, આજ્ઞા પ્રત્યે અપાર આદર કેળવવાનું, જેથી આજ્ઞા જાણીને આજ્ઞા મુજબ ચાલવાનો જ પ્રયત્ન થયા કરે અને

ત્રીજું કાર્ય કરવાનું છે, ક્રિયાઓને પ્રણિધાનાદિ આશયોથી સુવિશુદ્ધ બનાવવાનું. જેને લઇને તે ક્રિયાઓ યોગરૂપ બનીને આત્માને પરમાત્મપદની, પરમાનંદ પદની ભેટ ધરે.

**સભા :** *આ પ્રણિધાનાદિ આશયો કયા છે ?*

**૧** - પ્રણિધાન, **૨** - પ્રવૃત્તિ, **૩** - વિઘ્નજય, **૪** - સિદ્ધિ અને **૫** - વિનિયોગ. આ પાંચ આશયો છે. જેનું વિગતવાર વર્ણન ષોડશક નામના મહાગ્રંથ રત્નમાં આચાર્ય ભગવંતશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કર્યું છે. એને અનુસરીને વિષદ્ રીતે **'યોગવિંશિકા'** ગ્રંથની પહેલી ગાથાની વૃત્તિમાં અને **'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા'** ગ્રંથમાં પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સુંદર નિરૂપણ કર્યું છે.

**સભા :** *આ બધા ગ્રંથો અમે શી રીતે વાંચી શકીએ !*

આ બધા ગ્રંથો તમે જરૂર વાંચી શકો. એ વાંચવાનો તમારો પણ અધિકાર છે.

તમારા ઉપર પણ ઉપકાર કરવા એ મહાપુરુષોએ આગમતત્ત્વોનું દોહન કરીને આ બધા ગ્રંથો બનાવ્યા છે.

**સભા :** *એ વાત તો આપની સાચી, પણ અમને સંસ્કૃત-પ્રાકૃત નથી આવડતું, એનું શું ?*

તો આજે તમને સમજાય છે ને કે, સંસ્કૃત-પ્રાકૃત ન ભણીને તમે કેટલું ગુમાવ્યું?

**સભા :** *ગુમાવ્યું છે એ તો હકીકત છે જ, પણ આમ છતાં હજુ અમને નથી લાગતું કે આ બધુ અમે ભણી શકીએ ?*

કેમ ન ભણી શકો ! મહારાજ કુમારપાળ સિત્તેર વર્ષની ઉંમરે ધર્મ પામ્યા પછી પણ જો સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ વગેરે ભણી શક્યા તો તમને કેટલી ઉંમર થઈ કે ન ભણી શકો !

પ્રયત્ન કરો તો તમે પણ જરૂર ભણી શકો ! પણ ખરી વાત એ છે કે તમને એ જરૂરી લાગવું જોઈએ.

**સભા :** *સાહેબ, જરૂરી તો જરૂર લાગે છે, પણ અમારી આ બધી જવાબદારીઓની વચ્ચે આ બધું શી રીતે કરવું ?*

અઢાર દેશના માલિકના માથે કોઈ જવાબદારી જ નહીં હોય, ખરું ને ? અને બધી જ જવાબદારી જાણે કે તમારા શીરે જ આવી ગઈ હશે !

ખરી વાત જ એ છે કે હજુ જોઈએ તેવો ઢાળ બદલાયો નથી. જોઈએ તેવું અર્થીપણું પ્રગટ્યું નથી.

આમ છતાં પણ તમારી કક્ષા મુજબ તમારે જાણવું જ હોય તો તમારા ઉપર ઉપકાર કરવામાં પણ પૂર્વના મહાપુરુષોએ કમી રાખી નથી.

એમણે તો જે આગમો ન ભણી શકે તેના માટે જેમ પ્રકરણ ગ્રંથો બનાવ્યા, તેમ સંસ્કૃત-પ્રાકૃત નહિ ભણેલા જીવો પણ તત્ત્વજ્ઞાનથી, જિનાજ્ઞાની સમજથી, વિધિ-અવિધિની જાણકારીથી વંચિત ન રહી જાય તે માટે ગુજરાતી ભાષામાં પણ સ્તવનો, સજ્ઝાયો, પદ્યો, પૂજાઓ, રાસાઓ વગેરે બનાવીને પણ મહાન ઉપકાર કર્યો છે.



## 1 પ્રણિધાનાદિનું સ્વરૂપ :

પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સીમંધર જિન વિનંતિ સ્વરૂપ ૩૫૦ ગાથાના સ્તવનની દશમી ઢાળમાં આ પાંચેય આશયોનું ટૂંકાણમાં સુંદર વર્ણન કર્યું છે. ત્યાં તેઓશ્રીએ જે શૈલીથી વર્ણન કર્યું છે, તે વાંચતાં તેના ઉપરથી પ્રણિધાનાદિ આશયોના સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે.

એ સમજતાં પહેલાં સામાન્ય રીતે પ્રણિધાનાદિને સમજી લઈએ. આ પ્રણિધાનાદિ આશયરૂપ ક્યારે બને તે પણ સમજી લઈએ.

**પ્રણિધાન :** આરાધના, સાધના, ધર્માનુષ્ઠાન, ગુણપ્રાપ્તિ કરવાનો નિર્ધાર કરવો.

**પ્રવૃત્તિ :** નિર્ધારિત આરાધના, સાધના, ધર્માનુષ્ઠાન, ગુણપ્રાપ્તિને અનુરૂપ કાર્યો એકાગ્રચિત્તે સાદ્યંત કરવાં.

**વિઘ્નજય :** નિર્ધારિત આરાધના, સાધના, ધર્માનુષ્ઠાન, ગુણપ્રાપ્તિને અનુરૂપ કાર્યોને અટકાવે તેવાં આંતર-બાહ્ય નિમિત્તોથી લેશ પણ ચળાયમાન ન થવું.

**સિદ્ધિ :** નિર્ધારિત આરાધના, સાધના, ધર્માનુષ્ઠાન, ગુણ વગેરેની સર્વથા નિર્દોષ પ્રાપ્તિ થવી.

**વિનિયોગ :** સિદ્ધ થયેલ આરાધના, સાધના, ધર્માનુષ્ઠાન, ગુણ વગેરે અન્યને પમાડવાં.

આ પાંચેય આશયરૂપ ત્યારે કહેવાય કે જ્યારે તેની સાથે નિશ્ચિતરૂપે દર્શાવેલા ભાવોનું જોડાણ થાય.

જ્યાં સુધી જ્ઞાની ભગવંતોએ નિશ્ચિતરૂપે દર્શાવેલા ભાવોનું જોડાણ ન થાય ત્યાં સુધી તેને આશય કહી શકાય નહિ.

**પ્રણિધાન** સાથે હીન ગુણવાળા પ્રત્યે દ્વેષનો અભાવ અને કરુણા જોઈએ.

**પ્રવૃત્તિ** સાથે સ્થિરભાવ જોઈએ.

**વિઘ્નજય** સાથે ઉત્તમ જ્ઞાન પરિણતિ જોઈએ.

**સિદ્ધિ** સાથે અધિક ગુણવાન પ્રત્યે વિનય, મધ્યમ ગુણી પ્રત્યે ઉપકાર કરવાની વૃત્તિ અને હીનગુણ પ્રત્યે કૃપા-કરુણાભાવ જોઈએ.

**વિનિયોગ** સાથે અન્યને ધર્મમાં જોડવાનો ભાવ જોઈએ.

જ્યારે આ દરેક સાથે સમુચિત ભાવ જોડાય ત્યારે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ આશયરૂપ બને છે.

## 1 આશય શુદ્ધિ ન હોય તો... :

હવે આ જ વાતને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં સમજાવું. ત્યાં તેઓશ્રીએ જેની ક્રિયામાં **'પ્રણિધાન'** નામના આશયનો અભાવ હોય તેની રજૂઆત કરતાં લખ્યું છે કે,

**'કરુણા ન કરે હીનની રે, વિણ પણિહાણ સનેહ રે;**
**દ્વેષ ધરતાં તેહશું રે, હેઠા આવે તેહ.' – ૫.**

જેનામાં પ્રણિધાન નથી હોતું, તે પોતાના કરતાં હીન પ્રત્યે કરુણા કરતો નથી, પણ દ્વેષ કરે છે. જેને કારણે તે ઉપર ન ચડતાં નીચો પટકાય છે. આનો સીધો અર્થ એ થયો કે, ધર્મક્રિયાદિક કરવાનો નિર્ધાર કરનાર પોતાના કરતાં હીન પ્રત્યે દ્વેષ ન કરે પણ કરુણા કરે તો જ તેનામાં પ્રણિધાન આવે અને તે આત્મકલ્યાણના માર્ગે આગળ વધી શકે.

**'પ્રવૃત્તિ'** નામના આશયનો અભાવ દર્શાવતાં તેઓશ્રી લખે છે કે,

**'એક કાજમાં નવિ ધરે રે, વિણ પ્રવૃત્તિ થિર ભાવ રે;**
**જિહાં તિહાં મોઢું ઘાલતાં રે, ધારે ઢોર સ્વભાવ રે.' – ૬.**

પ્રવૃત્તિ નામનો આશય ન પ્રગટે ત્યાં સુધી જીવ, એક કાર્યમાં - એક ક્રિયામાં સ્થિર ભાવ રાખતો નથી અને ઢોરની જેમ અન્ય અન્ય ક્રિયામાં, પ્રવૃત્તિમાં માથું માર્યા કરે છે. આના ઉપરથી સમજાય છે કે, જેનામાં 'પ્રવૃત્તિ' નામનો આશય પ્રગટે તે જે પણ કાર્ય – જે પણ ક્રિયા કરે તે પૂરી સ્થિરતાના ભાવપૂર્વક કરે અને તે ક્રિયા કરે ત્યારે તેનું મન અન્ય કોઈ પણ ક્રિયામાં જાય નહિ.

હવે **'વિઘ્નજય'** નામનો આશય ન પ્રગટ્યો હોય તેની સ્થિતિનું વર્ણન કરતાં લખે છે કે,



**'વિના વિઘનજય સાધુને રે, નવિ અવિચ્છિન્ન પ્રયાણ રે;**
**કિરિયાથી શિવપુરી હોયે રે, કેમ જાણે અન્નાણ રે. – ૭.**

**શીત-તાવ-પ્રમુખ વિઘન છે રે, બાહેર – અંતર વ્યાધિ રે;**
**મિથ્યાદર્શન એહની રે, માત્રા મૃદુ-મધ્યાધિ રે. – ૮.**

**આસન-અશન-જયાદિકે રે, ગુરુ યોગે જય તાસ રે;**
**વિઘન જોર એ નવિ ટળે રે, વગર જ્ઞાન અભ્યાસ રે.' – ૯.**

વિઘ્નજય નામનો આશય પ્રગટ્યા વિના માત્ર ક્રિયા કરવાથી સાધુને પણ મોક્ષ માર્ગે અખંડ પ્રયાણ થઈ શકતું નથી, અને એ અખંડ પ્રયાણ વિના શિવપુરી – મોક્ષની પ્રાપ્ત પણ થઈ શકતી નથી. આ બધું જ્ઞાન વિનાનો જીવ શી રીતે સમજી શકે ?

કહેવાનો ભાવ એ છે કે, જેણે પણ મોક્ષે પહોંચવું છે, તેણે મોક્ષ માર્ગના પ્રયાણરૂપ પોતાની ક્રિયા-આરાધના-સાધનાને અખંડ બનાવવી જોઈએ. મોક્ષ માર્ગની આરાધના-ક્રિયારૂપ પ્રયાણ અખંડ ત્યારે જ બને કે જ્યારે વિઘ્નજય નામનો આશય આત્મામાં પ્રગટ થયો હોય. આ વસ્તુની અજ્ઞાની જીવોને ખબર જ હોતી નથી, તેથી તેઓ માત્ર ક્રિયાના સહારે તરી જવા ઇચ્છે છે, પણ વિઘ્નજય વિનાની ક્રિયા દ્વારા કદી જ તરી શકાતું નથી. એ જાણતા નથી. વિઘ્નજય કરતાં પહેલાં વિઘ્નોના પ્રકારો, વિઘ્નોનું બળાબળ, અને વિઘ્નને જીતવાનાં સાધનોનું જ્ઞાન મેળવવું પણ જરૂરી છે.

## 1 વિઘ્ન અને વિઘ્નજય :

એ જણાવવા જ તેઓશ્રી કહે છે કે,

– ઠંડી, ગરમી વગેરે બાહ્ય વિઘ્નો **મૃદુ** એટલે કે સામાન્ય કોટીનાં વિઘ્નો છે, તેનો વિજય વિવિધ આસનો વગેરે દ્વારા થઈ શકે છે.

– તાવ વગેરે રોગો આંતરિક વિઘ્નો **મધ્યમ** કોટિના બળવાળાં છે, તેનો વિજય અશન એટલે કે ખોરાકના નિયંત્રણ-નિયમન વગેરે દ્વારા થઈ શકે છે.

– મિથ્યાત્વનો ઉદય વગેરે **અધિ** એટલે અધિક-ઉત્કૃષ્ટ કોટિનું વિઘ્ન છે. તેનો વિજય ગુરુ ભગવંતના સાંનિધ્યથી થઈ શકે છે.

– જ્યાં સુધી જ્ઞાનાભ્યાસ કરવામાં ન આવે ત્યાં સુધી આ વિઘ્નો ટળી શકતાં નથી. વિઘ્નો ન ટળે ત્યાં સુધી મોક્ષમાર્ગનું પ્રયાણ અખંડ બનતું નથી અને એ પ્રયાણ અખંડ બન્યા વિના સિદ્ધિ મળી શકતી નથી.

એટલે ટુંકમાં કહીએ તો,

– ઠંડી, ગરમી વગેરે બાહ્ય કક્ષાનાં વિઘ્નો છે. તે વિઘ્નો સામાન્ય કોટિનાં કહેવાય છે. આસનો વગેરે કરીને ઠંડી, ગરમીને સહન કરવાની શક્તિ કેળવવાથી તે ઠંડી, ગરમી વગેરે આરાધનાના પરિણામમાં મનને વિચલિત કરી શકતી નથી.

– તાવ વગેરે નાનામોટા શારીરિક રોગો તે આંતરિક વિઘ્ન કહેવાય છે. આ વિઘ્ન મધ્યમ કોટિનું છે. આહાર ત્યાગ, અલ્પ આહાર, હિતકર આહાર વગેરેના આયોજન દ્વારા એ રોગોને જીતી શકાય છે. રોગની ભયાનકતાને, વિકરાળતાને ટાળી શકાય છે અને આમ છતાં પણ ન જ ટળે તો મનને તેમાંથી ઉઠાવી લઈને આ રોગો તો માત્ર મારા શરીરને વિકૃત કરનાર છે, તેનાથી મારું પોતાનું-આત્માનું કશું જ અહિત થતું નથી, એવા ઉત્તમ ભાવો દ્વારા મનને રોગાદિથી વિખુટું પાડી, આરાધના-સાધનામાં જોડી આ વિઘ્નને જીતી શકાય છે.

– મિથ્યાત્વનો ઉદય-અશ્રદ્ધા એ આંતરિક વિઘ્ન છે. આ વિઘ્ન ઉત્કૃષ્ટ કક્ષાનું છે. જ્યાં સુધી અશ્રદ્ધા દૂર થતી નથી; ત્યાં સુધી આરાધના-સાધનાના માર્ગમાં આગળ વધી શકાતું જ નથી. તેને જીતવા માટે સંવિજ્ઞ ગીતાર્થ – બહુશ્રુત ગુરુ ભગવંતનું શરણ સ્વીકારી હૃદયના એકરારપૂર્વક આંતરિક ભાવોને રજુ કરી તેમનું ઉત્તમ અનુશાસન મેળવવું જોઈએ. એના દ્વારા વિઘ્નજય કરે છે તે જ સાધક આગળ વધી શકે છે. આ બધી જાણકારી માટે પણ જ્ઞાન સાધના કરવી ખૂબ જ જરૂરી છે.

હવે, 'સિદ્ધિ' નામના આશય વિહોણા સાધકની દશાનું વર્ણન કરતાં તેઓશ્રી લખે છે કે;

**'વિનય અધિક ગુણ સાધુનો રે, મધ્યમનો ઉપકાર;**
**સિદ્ધિ વિના હોવે નહિ રે, કૃપા હીનની સાર રે.' – ૧૦.**

જેના હૈયે 'સિદ્ધિ' નામનો આશય પ્રગટ્યો નથી તેના જીવનમાં પોતાના



કરતાં અધિક ગુણવાળાઓ પ્રત્યેનો વિનય હોતો નથી. મધ્યમ ગુણવાળા ઉપર ઉપકાર કરવાની વૃત્તિ નથી હોતી અને હીન ગુણવાળા પ્રત્યે કૃપા-કરુણા નથી હોતી. કહેવાનો ભાવ એ છે કે, 'સિદ્ધિ' નામનો આશય જેના હૈયે પ્રગટે તે પોતાના કરતાં અધિક ગુણવાન પ્રત્યે આદર-બહુમાન ભાવપૂર્વકનો વિનય કરે, મધ્યમ ગુણવાળા જીવોને સહાયક બની તેમના ઉપર ઉપકાર કરે અને જે હીન ગુણવાળા હોય જેમના ઉપર ઉપકાર થઈ શકે તેવો ન હોય, તેમના પ્રત્યે પણ હૈયામાં કૃપા-કરુણા ભાવ રાખે.

હવે, છેલ્લા **'વિનિયોગ'** આશયના અભાવવાળી અવસ્થાનું વર્ણન કરતાં લખે છે કે,

**'વિણ વિનિયોગ ન સંભવે રે, પરને ધર્મે યોગ રે;**
**તેહ વિના જન્માંતરે રે, નહિ સંતતિ સંયોગ રે.' – ૧૧.**

જેના આત્મામાં 'વિનિયોગ' નામનો આશય ન પ્રગટ્યો હોય તે બીજાને ધર્મમાં જોડી શકતો નથી. જે બીજાને ધર્મમાં જોડતો નથી તેને જન્માંતરમાં તે ધર્મની ઉત્તરોત્તર વિકાસવંતી આરાધના સાધનાની પ્રાપ્તિ થતી નથી.

કહેવાનો ભાવ એવો છે કે, જેનામાં વિનિયોગ નામનો આશય પ્રગટ્યો હોય તે સુયોગ્ય વ્યક્તિને પોતાને સિદ્ધ થયેલ આરાધના-સાધનાના માર્ગમાં જોડી શકે છે અને એના પરિણામે તેને એવા સાનુબંધ-પરંપરાવાળા સુકૃતથી પ્રાપ્તિ થાય છે કે જેને લઇને દરેક ભવમાં ઉત્તરોત્તર વિકાસવંતી આરાધનાની પ્રાપ્તિ થાય છે અને એમ કરતાં જ્યારે પરાકાષ્ઠાની આરાધના-સાધના સિદ્ધ થાય છે ત્યારે એને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

જેના જીવનમાં આ પ્રણિધાનાદિ આશયો પ્રગટ્યા નથી તેવા જીવોની ક્રિયા કેવી હોય છે તે જણાવતાં આજ ઢાળમાં તેઓશ્રીએ કહ્યું છે કે,

**'જ્ઞાન વિના જે જીવને રે, ક્રિયામાંહિ છે દોષ રે;**
**કર્મબંધ છે તેહથી રે, નહીં સમસુખ સંતોષ રે. – ૧૨.**
**લોક પંક્તિ કિરિયા કરે રે, મન મેલે અનાણ રે;**
**ભવ ઇચ્છાના જોરથી રે, વિણ શિવસુખ અન્નાણ રે. – ૧૩.**
**કામકુંભ સમ ધર્મનું રે, મૂલ કરી એમ તુચ્છ રે;**
**જનરંજન કેવળ લહે રે, ન લહે શિવતરુ ગુચ્છ રે.' – ૧૪.**

'જ્ઞાન મેળવ્યા વિના જીવો જે પણ ક્રિયા કરે છે તેમાં દોષ ઉભા થાય છે. આ દોષથી કર્મબંધ થાય છે અને રાગદ્વેષના વિજય દ્વારા થતા શમ સુખની પ્રાપ્તિ થતી નથી.

જેઓ લોકસંજ્ઞાને વશ થઇને લોકને રાજી રાખવા, લોકને ગમે તે રીતે ક્રિયાઓ કરે છે. રાગાદિ ભાવોથી જેઓનું મન મલિન હોય છે, જેઓ તત્ત્વ-અતત્ત્વની સમજ વિનાના છે અને સાંસારિક ઇચ્છાઓની પ્રબળતાને વશ થયેલા છે, અને એથી જ જેઓ શિવસુખના જ્ઞાન વગરના છે, તેવા લોકો ઇચ્છિતપૂરક કામકુંભ-ચિંતામણિરત્ન સમા ધર્મનું મૂલ્ય તુચ્છ કરે છે. તેઓ માત્ર લોકરંજન કરી શકે છે, પણ મોક્ષસુખને પામી શકતા નથી.'

આટલું કહીને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ઘણું કહી દીધું.

**જેઓ આજ્ઞા નિરપેક્ષ છે તે બધાની ધર્મક્રિયાઓ સરવાળે નિરર્થક ઠરે છે. એટલું જ નહી પણ કામકુંભ સમા ધર્મને તેઓ તુચ્છ બનાવવાના મહાપાપના ભાગી બને છે.**

તમારા-અમારા-આપણા સૌના જીવનમાં આવું ન બને તે માટે આ બધી મહેનત છે. આ બધી બાબતોમાં જેટલું ગંભીર બનીને જેટલું જલદી વિચારશો તેટલું જલદી હિત થશે. આજે તો ધર્મક્રિયાઓ લક્ષ્યવિહીન બનીને માત્ર ગતાનુગતિકપણે 'ઓઘસંજ્ઞા' કે 'લોકસંજ્ઞા'ને વશ થઈને કરાઈ રહી છે. ઉપદેશકોએ પણ એ દિશામાં આંખ-મિચામણાં કરવા માંડ્યાં છે. જેના પરિણામે પરમાત્માની આજ્ઞાની ઘોર ઉપેક્ષા, અવહેલના, અનાદર થઈ રહ્યો છે. જેના દારુણ પરિણામોનો વિચાર કરતાં જ ધ્રુજી ઉઠાય તેવું છે. તમે સૌ સાવધ બનો તો બનાવવાનો આ પ્રયત્ન છે. એમાં તમારું જ હિત છે.

## ı ગતિ, પ્રગતિ કે અવગતિ ?

ધર્મક્રિયા કરનારો જે કેટલોક વર્ગ ધર્મ અને ધર્મક્રિયા વચ્ચેની ભેદરેખાને ભૂલવા લાગ્યો છે, તે ધર્મક્રિયા કરીને માત્ર ગતિ જ કરી રહ્યો છે. પ્રગતિનો એને વિચાર પણ નથી. એને એ વાતની કલ્પના પણ નથી કે, આજ્ઞા નિરપેક્ષ ક્રિયાથી પ્રગતિ નહિ માત્ર ગતિ જ થાય છે. પ્રગતિ તો આજ્ઞા સાપેક્ષ ક્રિયાથી જ થાય છે.

**મુક્તિના લક્ષ્ય વગર અને આજ્ઞા પ્રત્યેના આદર વગર જે પણ ધર્મક્રિયા**



**કરાય છે તેનાથી માત્ર ગતિ થાય છે; પ્રગતિ તો મુક્તિના લક્ષ્યપૂર્વક અને આજ્ઞા પ્રત્યેના આદરપૂર્વક જે ધર્મક્રિયા કરાય તેનાથી જ થાય છે.**

**સંસારના જ લક્ષ્યથી અને આજ્ઞા પ્રત્યે અનાદરથી જે પણ ધર્મક્રિયા કરાય તેનાથી અવગતિ-અધોગતિ થાય છે.**

ઘાણીનો બળદ ગમે તેટલી ગતિ કરે પણ તેની પ્રગતિ ક્યારેય થતી નથી. પ્રગતિ તો થોડું ચાલવા છતાં પણ ગાડાના બળદની જ થાય છે. શરત એટલી જ કે તેની દિશા - લક્ષ્ય બરાબર હોવું જોઈએ. જે બળદની દિશા-લક્ષ્ય બરાબર હોતું નથી તેની અવગતિ થાય છે, તેવું જ અહીં છે.

આ જ વાતને સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ સૂરિપુરંદર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા **'પંચવસ્તુ'** નામના ગ્રંથરત્નમાં જણાવે છે :

**'जह चेव उ मोक्खफला, आणा आराहिआ जिणिंदाणं ।**
**संसारदुःखफला, तह चेव विराहिआ होइ ।।१९९।।'**

**'જિનેશ્વરની આરાધેલી આજ્ઞા જેમ મોક્ષ ફળને આપનારી છે,**
**તેમ વિરાધેલી આજ્ઞા સંસારના દુઃખરૂપી ફળને આપનારી છે.'**

**ધર્મક્રિયા કરનારે નિરંતર એ જોવું જોઈએ કે 'હું જે ધર્મક્રિયા કરું છું તેનાથી મારી ગતિ-પ્રગતિ કે અવગતિ થઈ રહી છે ?'**

## ı જિનપૂજા એક ધ્યાનયોગ :

રોજ પરમાત્માનાં દર્શન-પૂજા કરનારે માત્ર ગતાનુગતિકપણે દર્શન-પૂજા કરી સંતોષ ન માનવો જોઈએ પણ જાતને પૂછવું જોઈએ કે પરમાત્માનાં દર્શન-પૂજા કરતાં પરમાત્માનાં બિંબ ઉપર દૃષ્ટિ સ્થિર બની ? પરમાત્મા સાથે ચિત્તનું, મનનું, આત્માનું જોડાણ થયું ? પરમાત્માના સ્વરૂપનું દર્શન થયું ? પરમાત્માના ગુણો પ્રત્યે લગાવ પેદા થયો ? પરમાત્માની વિવિધ અવસ્થાઓ, પર્યાયો પ્રત્યે આકર્ષણ થયું ? પરમાત્મા જેવો હું ક્યારે બનીશ ? એવો કોઈ મનોરથ થયો ?

**પરમાત્માના શાસનમાં દર્શન-પૂજા એ કાંઈ જડ ક્રિયા નથી. ધ્યાન-યોગની એ એક વિશિષ્ટ પ્રક્રિયા છે. દર્શન-પૂજા દ્વારા સાલંબન ધ્યાન-યોગના માર્ગે આગળ વધી છેવટે નિરાલંબન ધ્યાન-યોગ સુધી પહોંચી શકાય છે.**

ધ્યાન બે પ્રકારનાં છે. સાલંબન અને નિરાલંબન. જે ધ્યાનમાં પરમાત્માના રૂપ વગેરેનું આલંબન લેવાનું હોય છે તેને સાલંબન ધ્યાન કહેવાય છે. જે ધ્યાનમાં પરમાત્માની અરૂપી અવસ્થાનું ધ્યાન કરાય છે તે નિરાલંબન ધ્યાન કહેવાય છે. નિરાલંબન ધ્યાનની ભૂમિકામાં પહોંચવા માટે સાલંબન ધ્યાનનો આશ્રય લેવો જરૂરી છે.

સાલંબન ધ્યાન માટે આલંબન સાથેનું જોડાણ અનિવાર્ય છે. આલંબન સાથેના જોડાણ માટે ચિત્તવૃત્તિને, ઇન્દ્રિયોને, યોગોને, અન્ય અન્ય વૃત્તિઓ-પ્રવૃત્તિઓથી મુક્ત કરી યોગ્ય આલંબન સાથે જોડવી અનિવાર્ય છે.

આ માટે જ **ચૈત્યવંદન ભાષ્ય**માં નિસીહિ ત્રિક-૧, પ્રદક્ષિણા ત્રિક-૨, પ્રણામ ત્રિક-૩, પૂજા ત્રિક-૪, અવસ્થા ભાવન ત્રિક-૫, ત્રિદિશી નિરીક્ષણવર્જન ત્રિક-૬, ભૂમિ પ્રમાર્જન ત્રિક-૭, વર્ણાદિ ત્રિક-૮, મુદ્રા ત્રિક-૯, પ્રણિધાન ત્રિક-૧૦, એમ દશ ત્રિકના પાલનનું વિધાન કરવામાં આવ્યું છે.

## 1 દશત્રિકનું સ્વરૂપ :

ત્રિક એટલે ત્રણ-ત્રણનું જોડકું. એવા દશ જોડકાં છે. જે પરમાત્મા સાથે આત્માનું જોડાણ કરવા માટે અત્યંત આવશ્યક છે.

**નિસીહિ ત્રિક** – આ દશત્રિક પૈકી પહેલું નિસીહિ ત્રિક છે. જેમાં ત્રણ સ્થળે બોલાતી નિસીહિ દ્વારા ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓથી મન, વચન, કાયાના યોગોને છૂટા પાડી જિનમંદિર અને પ્રભુની દ્રવ્ય, ભાવભક્તિમાં મન, વચન, કાયાના યોગોને એકાકાર કરીને પરમાત્મપદ સાથે આત્માનું જોડાણ કરવાનું છે. જેમાં દેરાસરના મુખ્ય દ્વારે બોલાતી પહેલી નિસીહિ દ્વારા સંસારના તમામ વ્યવહારોનો ત્યાગ કરી જિનમંદિરના જરૂરી કાર્યમાં એકાકાર થવાનું છે. મધ્યદ્વાર એટલે કે ગભારાના દ્વાર પાસે બોલાતી બીજી નિસીહિ દ્વારા જિનમંદિરને લગતા તમામ વ્યવહારોનો ત્યાગ કરી પ્રભુની દ્રવ્યભક્તિમાં એકાકાર થવાનું અને ચૈત્યવંદન પૂર્વે બોલાતી ત્રીજી નિસીહિ દ્વારા દ્રવ્યપૂજા સંબંધી સર્વ વ્યવહારોનો ત્યાગ કરી પરમાત્માની ભાવભક્તિમાં લીન બનવાનું છે.

**પ્રદક્ષિણા ત્રિક** – ભમરો જેમ કમળની આસપાસ ફરી કમળમાં સ્થિર બને છે, તેમ ત્રણ પ્રદક્ષિણા દ્વારા મનને પરમાત્મા અને પરમાત્માના ગુણોની



આસપાસ ફરતું કરી તેમાં જ સ્થિર કરવાનું છે. 'મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ'ની ભૂમિકા પ્રાપ્ત કરવાની છે.

**પ્રણામ ત્રિક** – બે હાથ જોડી મસ્તકે લગાડવા સ્વરૂપ અંજલીબદ્ધ પ્રણામ, કમ્મરથી ઝુકીને નમવારૂપ અર્ધાવનત પ્રણામ અને બે ઢીંચણ, બે હાથ અને મસ્તક, એમ પાંચેય અંગોને જમીન સાથે અડાડીને નમસ્કાર કરવા સ્વરૂપ પંચાંગ પ્રણિપાતરૂપ પ્રણામ; આમ ત્રણ પ્રણામ અથવા પંચાંગ પ્રણિપાતરૂપ ત્રણ પ્રણામ દ્વારા પોતાના સમગ્ર યોગોનું પોતાના આત્માનું પરમાત્મા પ્રત્યે સમર્પણ કરવાનું છે.

**પૂજા ત્રિક** – પુષ્પાદિકથી કરાતી અંગપૂજા, નૈવેદ્ય વગેરે ધરવારૂપ અગ્રપૂજા અને પરમાત્માના સ્તવનરૂપ ભાવપૂજા અથવા પંચપ્રકારી, અષ્ટપ્રકારી અને સર્વોપચારી, એમ ત્રણ પ્રકારની પૂજા દ્વારા સ્વમાલિકીનાં દ્રવ્યનું અને આંતરિક ભાવોનું પરમાત્માને સમર્પણ કરી પરમાત્મા સાથે જોડાણ કરવાનું છે.

**અવસ્થાભાવન ત્રિક** – પરમાત્માની છદ્મસ્થકાલીન પિંડસ્થ અવસ્થા, સર્વજ્ઞપણાની પદસ્થ અવસ્થા અને સિદ્ધકાલીન રૂપાતીત અવસ્થા, આ ત્રણ અવસ્થાના ભાવન દ્વારા પરમાત્માના એક-એક પર્યાયો સાથે એટલે કે પરમાત્માની એક-એક અવસ્થા સાથે આત્મિક લગાવ પેદા કરવાનો છે.

**ત્રિદિશાદર્શનવર્જન ત્રિક** – ઉર્ધ્વદિશા, અધોદિશા, તીર્છીદિશા, એમ ત્રણ દિશા અગર તો પાછળની દિશા, ડાબી દિશા અને જમણી દિશા, એમ ત્રણ દિશામાં જોવાના ત્યાગ દ્વારા દૃષ્ટિ અને મનને અન્ય દિશામાં જતી રોકવાની છે એટલે કે ભગવાન જે દિશામાં હોય તે સિવાયની બાકીની ત્રણ દિશામાં જોવાનો ત્યાગ. એકમાત્ર પરમાત્મા સામે જ સ્થિર નજરે જોઈ પરમાત્મસ્વરૂપના દર્શનમાં એકાકાર બનવાનું છે.

**પ્રમાર્જના ત્રિક** – ભૂમિ પ્રમાર્જન ત્રિક દ્વારા ખમાસમણ વગેરે આપતાં ત્રણવાર પૂંજીને જીવહિંસાથી બચવાનું છે.

**વર્ણાદિ ત્રિક** – વર્ણાદિકમાં વર્ણ-સૂત્રોચ્ચાર, અર્થબોધ અને જિનપ્રતિમાના આલંબન દ્વારા પણ સાલંબન ધ્યાન-યોગને પામવાનો પુરુષાર્થ કરવાનો છે.

**મુદ્રા ત્રિક** – પંચાંગ પ્રણિપાત અને સ્તવપાઠ વખતે કરાતી યોગમુદ્રા, વંદન વખતે કરાતી જિનમુદ્રા અને પ્રણિધાન સમયે કરાતી મુક્તાશુક્તિ મુદ્રા દ્વારા

ચિત્તની એકાગ્રતા અને ચૈત્યવંદનાદિ ક્રિયામાં આવશ્યક ભાવોનું પ્રગટીકરણ અને ભાવોનું સ્થિરીકરણ કરવાનું છે.

**પ્રણિધાન ત્રિક** – ચૈત્યવંદન, મુનિવંદન અને પ્રાર્થનાસ્વરૂપ પ્રણિધાન ત્રિકમાં મન, વચન, કાયાની એકાગ્રતા દ્વારા દેવતત્ત્વ, ગુરુતત્ત્વ સાથેનું વિશિષ્ટ જોડાણ સાધવાનું છે અને વીતરાગ પરમાત્માની વિશિષ્ટ પ્રાર્થના દ્વારા વિશિષ્ટ કોટિનો આત્મવિકાસ સાધવાનો છે.

એમાંય પરમાત્મા ઉપર દૃષ્ટિ સ્થિર કરીને પરમાત્માની ત્રણ અવસ્થાના ભાવન દ્વારા પરમાત્માના વિવિધ પર્યાયો, પરમાત્માની પરાકાષ્ઠાની સાધનાથી પવિત્ર વિશિષ્ટ અવસ્થાઓના ચિંતન દ્વારા આત્માને ભાવિત-વાસિત કરીને પરમાત્માના પર્યાયની મુખ્યતાએ પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના ધ્યાનમાં પ્રવેશ કરવાનો વિશિષ્ટ પુરુષાર્થ કરવાનો છે.

## ૧ ભાવના એ ધ્યાનનું પ્રવેશદ્વાર છે :

પરમાત્માની **પિંડસ્થ**, **પદસ્થ** અને **રૂપાતીત**, એમ ત્રણ અવસ્થાઓ છે. પરમાત્માની બાલ્યાવસ્થા, રાજ્યાવસ્થા, શ્રમણાવસ્થા, આ ત્રણેય અવસ્થાના ચિંતન દ્વારા આત્માને ભાવિત કરવો તેને **પિંડસ્થ ભાવના** કહેવાય છે.

પરમાત્માની કેવળજ્ઞાન પછીની તીર્થંકર અવસ્થાના ચિંતન દ્વારા આત્માને ભાવિત કરવો તેને **પદસ્થ** અવસ્થાની **ભાવના** કહેવાય છે.

પરમાત્માની સિદ્ધાવસ્થાના ચિંતન દ્વારા આત્માને ભાવિત કરવો તેને **રૂપાતીત** અવસ્થાની **ભાવના** કહેવાય છે.

પિંડસ્થ અવસ્થાની ભાવના સાથે પરમાત્માનું ચ્યવન કલ્યાણક, માતાને આવેલાં ચૌદ મહાસ્વપ્નો, પરમાત્માની ગર્ભાવસ્થા, પરમાત્માનું જન્મકલ્યાણક, દિક્-કુમારિકા મહોત્સવ, મેરુમહોત્સવ, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, લગ્ન-જીવન, રાજ્યપાલન, આ દરેક પર્યાય-અવસ્થા સાથે સંકળાયેલ વિનય, વિવેક, નમ્રતા, ઔચિત્યપાલન, ઔદાર્ય, ક્ષમા-શીલતા, વિશિષ્ટ વ્યવહાર, વિરક્તિ, ન્યાયપાલન, સર્વનો યોગક્ષેમ વગેરે ગુણોથી આત્માને ભાવિત કરવાનો છે.

લોકાંતિક દેવોની વિનંતિ, વાર્ષિક દાન, દીક્ષા મહોત્સવ, સર્વસંગત્યાગ, દીક્ષા



સ્વીકાર, દીક્ષા પછીનું ચારિત્રપાલન, વિવિધ આસનોમાં ધ્યાનસાધના, ઉપસર્ગો-પરીષહો વચ્ચેની ધીરતા, વિશિષ્ટ કોટિની સાધના, સમગ્ર દીક્ષા પર્યાય, ધર્મધ્યાન, શુક્લધ્યાન, ક્ષપકશ્રેણી, ઘાતીકર્મનો ક્ષય, કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ વગેરે ભાવનાનો શ્રમણાવસ્થાની ભાવનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પદસ્થ અવસ્થાની ભાવનામાં કેવળજ્ઞાન પામ્યા પછીની અવસ્થાઓના ચિંતન દ્વારા આત્માને ભાવિત કરવાનો છે.

પરમાત્માને કેવળજ્ઞાન થાય ત્યાર પછી પરમાત્મા ઊઠીને જ્યાં પગ મૂકે ત્યાં નવ સુવર્ણકમળો રચાય, કાંટા ઊંધા થાય, વાયુ અનુકૂળ વાય, પક્ષીઓ પ્રદક્ષિણા આપે અને મંગળ ધ્વની કરે, વૃક્ષો નમી જાય, આગળ ધર્મધ્વજ ચાલે, આકાશમાં આગળ ધર્મચક્ર ચાલે, બે બાજુ ચામર વીંઝાય, માથે ત્રણ છત્ર હોય.

અદ્ભુત સમવસરણની વ્યવસ્થા, રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢો, દરેક ગઢમાં ચાર-ચાર દ્વારો, - એમ કુલ બાર દ્વારો, પહેલા રજત ગઢમાં વાહનો રાખવાની વ્યવસ્થા, બીજા સુવર્ણ ગઢમાં પશુઓને રહેવાની વ્યવસ્થા, ત્રીજા રત્નના ગઢમાં બાર પર્ષદા હોય, સમવસરણ ભૂમિમાં પાંચ વર્ણના પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ થાય, મધ્યમાં અશોકવૃક્ષ હોય, તેના ઉપર જે વૃક્ષ નીચે પ્રભુને કેવળજ્ઞાન થયું તે જ્ઞાનવૃક્ષ હોય, અશોકવૃક્ષ પ્રભુની કાયા કરતાં બાર ગણું ઊંચું હોય, તેની નીચે ચાર દિશામાં ચાર સિંહાસનો હોય.

પ્રભુ સમવસરણમાં પધારે, અશોકવૃક્ષ-ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપે, 'નમો તિત્થસ્સ' કહે, પૂર્વાભિમુખ બિરાજમાન થાય, ત્રણ દિશામાં દેવો પ્રભુનું પ્રતિબિંબ સ્થાપે, પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર હોય, પ્રભુની પાછળ ભામંડળ હોય, પ્રભુની બન્નેય બાજુએ રત્નજડિત ચામર વિંઝાતા હોય.

પ્રભુ દેશના આપે, પ્રભુની વાણી પાંત્રીશ ગુણયુક્ત હોય, માનવ-પશુ, સૌ કોઈને પોતપોતાની ભાષામાં સમજાય, સર્વના સંશય છેદાઈ જાય, છ મહિનાની ભૂખ-તરસ-થાક શમી જાય, પ્રભુની વાણીમાં દેવો દિવ્યધ્વની પૂરે, પ્રભુની દેશના સાંભળવા સૌને દુંદુભિના નાદ દ્વારા પ્રેરિત કરાય,

પ્રભુની પાછળ સૂર્યને ઝાંખો પાડે તેવું ભામંડળ હોય, અષ્ટ પ્રાતિહાર્યથી શોભતા, ક્રોડ દેવતાઓથી સેવાતા પ્રભુની પાંત્રીસ ગુણયુક્ત, સર્વસંશયછેદિની

ધર્મવાણી સાંભળી, ગણધરના આત્માઓ પ્રતિબોધ પામે, પ્રભુ પાસે સર્વવિરતિનો સ્વીકાર કરે, વિનીતપણે જિજ્ઞાસાભાવે પ્રભુને **'भयवं किं तत्तम् ?-'** એવી ત્રણવાર પૃચ્છા કરે અને પ્રભુ **'उपन्नेइ वा, विगमेइ वा, धूवेइ वा'** એવા ત્રણ ઉત્તરો આપે. વિશિષ્ટ ક્ષયોપશમને ધરનારા બીજબુદ્ધિના સ્વામી ગણધર ભગવંતોને વિશિષ્ટ ક્ષયોપશમ ભાવ જાગૃત થાય, ગણધર ભગવંતો એક અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે, પ્રભુ ઊભા થાય, ઇન્દ્ર બાજુમાં આવે, ઇન્દ્રના હાથમાં વાસચૂર્ણ ભરેલો વજરત્નનો થાળ હોય, પ્રભુ તેમાંથી વાસચૂર્ણ ગ્રહણ કરે, ઇન્દ્ર હાથ ઊંચો કરી કોલાહલ શાંત કરે, એક યોજનના સમવસરણમાં સર્વત્ર નિરવ શાંતિ પથરાઈ જાય, સૌ કોઈ શાંત ચિત્તે, એકાગ્ર ચિત્તે, પરમાલ્હાદભર્યા ચિત્તે તીર્થસ્થાપનાની અપૂર્વ ક્ષણોને માણી ભાવવિભોર બની વધાવવા તત્પર બને, બે હાથ જોડી, મસ્તક નમાવી, વિનમ્રપણે ઊભેલા પ્રત્યેક ગણધર ભગવંતોના શીરે પ્રભુ વાસચૂર્ણનો ક્ષેપ કરી (વાસક્ષેપ નાખી) તીર્થની સ્થાપના કરે, અનેક આત્માઓ એ તીર્થના સહારે તરવા તત્પર થાય, કોઈ મહાધન્ય આત્માઓ પ્રભુ પાસે સર્વવિરતિ સ્વીકારે, કોઈ ધન્ય આત્માઓ પ્રભુ પાસે દેશવિરતિ સ્વીકારે, કોઈ પુણ્યાત્માઓ પ્રભુ પાસે નિર્મળ સમ્યગ્દર્શનનો સ્વીકાર કરે.

પ્રભુ વર્ષો સુધી અવનીતલ ઉપર વિહરી, ગ્રામ, નગર, દેશનો ઉદ્ધાર કરે : આ પર્યાયો-અવસ્થાઓના ચિંતનથી આત્માને ભાવિત કરવાની પ્રક્રિયાને પદસ્થ ભાવના કહેવાય છે. એ પદસ્થ ભાવના તે પદસ્થધ્યાનનું પ્રવેશદ્વાર છે.

છેલ્લે પ્રભુ શૈલેશીકરણ, યોગનિરોધ કરી, શેષ અઘાતી કર્મનો ક્ષય કરી જન્મ, જરા, મરણનાં બંધનોથી, દેહનાં, કર્મનાં, સર્વનાં બંધનોથી સદા માટે મુક્ત બની એક જ સમયમાં સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરે છે.

આ સિદ્ધિગતિ નામનું સ્થાન તે શીવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિ વગેરે વિશેષણોથી વિશિષ્ટ કોટિનું હોય છે. માટે જ 'નમુત્થુણં'માં **'सिव-मयल-मरुअ-मणंत-मक्खय-मव्वाबाह-मपुणराविति-सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं'** પદ દ્વારા પ્રભુની સ્તવના કરાય છે.

જ્યાં પ્રભુ અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ વગેરે અનંત ગુણોમાં વિલસતા હોય છે, તે પરમાત્માની અરૂપી એવી સિદ્ધાવસ્થાના સ્વરૂપના ચિંતન



દ્વારા આત્માને ભાવિત કરવો તે રૂપાતીત અવસ્થાની ભાવના કહેવાય છે. આ ભાવના નિરાલંબન ધ્યાનનું પ્રવેશદ્વાર છે.

- પરમાત્માના પક્ષાલ સમયે પરમાત્માના જન્માભિષેકનું અને બાલ્યાવસ્થાનું ચિંતન કરવાનું છે.
- પરમાત્માની અલંકાર પૂજા – અંગરચના દ્વારા પરમાત્માની રાજ્યાવસ્થાનું ચિંતન કરવાનું હોય છે.
- પરમાત્માના કેશરહિત મસ્તકના દર્શન દ્વારા પરમાત્માની શ્રમણાવસ્થાનું ચિંતન કરવાનું હોય છે.
- પરમાત્માની પાછળ રહેલ પરિકરના આલંબનથી અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત પરમાત્માની પદસ્થ અવસ્થાનું ચિંતન કરવાનું હોય છે.
- પરમાત્માની પદ્માસન મુદ્રા કે કાયોત્સર્ગ મુદ્રાના દર્શન દ્વારા પરમાત્માની સિદ્ધાવસ્થા રૂપાતીત અવસ્થાનું ચિંતન કરવાનું હોય છે.

આ ચિંતન દ્વારા આત્માને તે તે અવસ્થાથી ભાવિત બનાવવાનો છે. એ ભાવનાઓથી ભાવિત બનેલા આત્માને માટે સાલંબન અને નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ સહજ બને છે અને જેને તે સાલંબન - નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ સહજ બને, તેને માટે પરમાત્મપદની પ્રાપ્તિ પણ સહજ બને છે. માટે કહ્યું છે કે,

**'અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ-ગુણ-પજ્જાય રે;**
**ભેદ-છેદ-કરી આતમા, અરિહંતરૂપી થાય રે.'**

**'ધ્યાતા, ધ્યાન, ધ્યેય ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;**
**ખીર-નીર પરે તુમશું મીલશું, વાચક યશ કહે હેજે હળશું.'**

આ બધું જોતાં લાગે છે કે, **પરમાત્માની પૂજા એ આડંબર નથી, એ માત્ર ક્રિયાકાંડ નથી પણ એક વિશિષ્ટ કોટિનો યોગ છે, ધ્યાન-યોગને પામવા માટેનો વિશિષ્ટ કોટિનો અભ્યાસ છે, સાધના છે, પરમાત્માની શ્રેષ્ઠ કોટિની ઉપાસના છે.**

આમ છતાં આવી મહાન સાધનાને ભગવાનની આજ્ઞા મુજબ ન કરતાં સમજ્યા પછી પણ આજ્ઞાની ઉપેક્ષા કરીને મનની મરજી મુજબ જેમ તેમ કરવી એ એક નરી વિડંબણા અને પરમાત્માની ઘોર આશાતના છે.

**સભા :** *આવી બધી તો અમને ખબર જ નથી. આ બધું તો આજે જ સાંભળ્યું.*

તમે સાંભળવાનો, ભણવાનો પ્રયત્ન કેટલો કર્યો ? મોટે ભાગે ધર્મક્રિયાઓ કરી નથી, કરી તેને સમજવાનો પ્રયત્ન કર્યો નથી. નથી તો તેમાં વિધિનું લક્ષ્ય રાખ્યું કે નથી તો તેમાં આજ્ઞાનું લક્ષ્ય રાખ્યું. એનું આ બધું પરિણામ છે. **વિધિ અને આજ્ઞાની ઉપેક્ષા-અનાદર કરીને કરાતી ધર્મક્રિયાઓ દ્વારા આત્માને લાભના બદલે નુકસાન જ થતું હોય છે.**

જો તમે ચૈત્યવંદન ભાષ્યનો અભ્યાસ કર્યો હોત તો આ બધી જ વાતોનો તમને ખ્યાલ હોત જ. મહાપુરુષોએ નાનાં-નાનાં સૂત્રો દ્વારા આગમનાં ઊંડાં રહસ્યોની આપણને ભેટ ધરી છે. આમ છતાં, એ આગમનાં રહસ્યોથી ભરેલાં નાનકડાં સૂત્રો ભણવાની અને સાધનાનાં પરમરહસ્યોને સમજવાની પણ આપણી તૈયારી ન હોય તો આપણી એ ઉપેક્ષા ક્ષંતવ્ય શી રીતે ગણાય ?

પરમાત્મભક્તિ દ્વારા પરમાત્મા સાથે જોડાણ શી રીતે કરવું ? એ જાણવા માટે **'ચૈત્યવંદન ભાષ્ય'**, ગુરુભક્તિ દ્વારા ગુરુતત્ત્વ સાથે જોડાણ શી રીતે સાધવું ? એ જાણવા માટે **'ગુરુવંદન ભાષ્ય'** અને પચ્ચક્ખાણ દ્વારા કર્મનિર્જરા સાધી આત્મતત્ત્વનું પ્રગટીકરણ શી રીતે કરવું ? એ જાણવા માટે **'પચ્ચક્ખાણ ભાષ્ય'**ની રચના કરીને પૂજ્ય આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રીસંઘ ઉપર અનહદ ઉપકાર કર્યો છે. પણ એ ઉપકાર વર્ષાને ઝીલવા જેટલી તત્પરતા પણ ગૂમાવીને આપણે આપણા આત્માનું કારમું અહિત કર્યું છે.

આ ત્રણેય સૂત્રોમાં સાધનાનાં શ્રેષ્ઠ બીજો દર્શાવવામાં આવ્યાં છે. પરમાત્માની આજ્ઞા પ્રત્યે જો હૃદયનો ઊંડો આદર કેળવાઈ જાય અને એમાં દર્શાવેલ એક-એક આજ્ઞાનું બરાબર પાલન કરાય તો પરાકાષ્ઠાની સાધના દ્વારા આત્માનું પૂર્ણરૂપ સહજતાથી પ્રગટ થઈ શકે. હવે શું કરવું તે સૌની પોતાની ઇચ્છા ઉપર અવલંબે છે.

## 1 યોગગ્રંથના ભાવ જાણો :

પરમાત્માની પૂજાના આ અનુષ્ઠાન સાથે યોગવિંશિકામાં વર્ણવેલો સ્થાનયોગ, વર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ અને નિરાલંબનયોગ એમ પાંચ પ્રકારનો યોગ સંકળાયેલો છે.



આ પાંચેય યોગના ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગ, એવા ચાર-ચાર પ્રકારો છે. જેના કારણે આ યોગ વીસ પ્રકારનો થાય છે. આ વીસે પ્રકારના યોગ સાથે પહેલાં વર્ણવી ગયા તે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ એમ પાંચે આશયો સંકળાયેલા છે.

સાથોસાથ પ્રભુપૂજા સાથે નબળી વૃત્તિઓ, ભાવનાઓના કારણે પ્રભુપૂજા વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાનરૂપ ન બની જાય, શૂન્ય મનસ્કપણે-ઉપેક્ષાભાવે કરવાથી અનનુષ્ઠાનરૂપ ન બની જાય તેની કાળજી રાખવાની છે. તેમજ પરમતારક પરમાત્માની આજ્ઞા પ્રત્યેના અનન્ય લગાવ પૂર્વક પરમતારક પરમાત્માએ દર્શાવેલ વિધિમાર્ગના સંપૂર્ણ પાલનવાળી અને એકાંતે મોક્ષના લક્ષવાળી બનીને તે અમૃત અનુષ્ઠાનરૂપ બને એ માટે પ્રયત્ન કરવાનો છે. જો એ શક્ય ન બને તો છેવટે ભવાભિષ્વંગથી એટલે કે સાંસારિક સુખની આસક્તિથી રહિત એટલે કે સાંસારિક સુખો પ્રત્યેની તીવ્ર આસક્તિના ડાઘથી મુક્ત અને સર્વજ્ઞકથિત સદનુષ્ઠાન પ્રત્યેના દૃઢ રાગવાળી બનીને તે તદ્ધેતુ અનુષ્ઠાનરૂપ બને એટલી કાળજી તો અવશ્ય લેવી જોઈએ.

**સભા :** *આપની વાત સાંભળતાં લાગે છે કે અમારે ખૂબ જ સજાગ, પ્રયત્નશીલ અને જ્ઞાનવાન બનવું પડશે ?*

આજે પણ તમને આ વાત સમજાઈ એ આનંદદાયક છે. હવે તમારે આ પ્રયત્ન કરવો જ જોઈએ અને તે તમારા હિત માટે જ છે.

પરમતારક અરિહંત પરમાત્માના શાસનમાં આજ્ઞાનું જે મહત્વ સમજાવ્યું છે તે જો સમજાઈ જાય તો એક-એક વિષયમાં પરમાત્માની કેવી-કેવી આજ્ઞાઓ છે ? તે જાણવાનું મન થાય. અને એ બધું જાણવાનો જો પ્રયત્ન કરાય તો પરમાત્માનું શાસન કેટલું મહાન છે, કેટલું સૂક્ષ્મ છે, કેટલું વિશિષ્ટ છે તે સમજમાં આવી શકે. આ સમજ આવ્યા પછીની એક-એક ક્રિયાઓ, એક-એક અનુષ્ઠાનો યોગરૂપ-ધ્યાનરૂપ બની પરમકલ્યાણ કરનાર બની શકે.

**સભા :** *આ બધું જાણવા અમારે શું કરવું જોઈએ ?*

આ બધું જાણવા સર્વપ્રથમ તમારે 'યોગવિંશિકા' ગ્રંથનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ. જે માટે હું પહેલાં પણ કહી ગયો હતો તેમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ૩૫૦ ગાથાના સ્તવનમાં લખ્યું છે કે,

**'આચરણા શુદ્ધિ આચરીયે, જોઈ યોગની વીંશી રે !'**

જ્યાં સુધી **'યોગવિંશિકા'** જેવા ગ્રંથો વાંચવાનો-સાંભળવાનો અવસર ન મળે ત્યાં સુધી ચૈત્યવંદન ભાષ્ય વગેરે વાંચીને પણ તમારી ક્રિયાઓને ભાવવતી બનાવવી જોઇએ. જો એ પણ શક્ય નહિ બને તો તમારી ક્રિયાઓ નિષ્ફળ જાય એમાં કોઈ શું કરી શકે ? તમે જ સ્તુતિમાં બોલો છો ને કે –

**'સુણ્યા હશે, પૂજ્યા હશે, નિરખ્યા હશે પ્રભુ કો ક્ષણે,**
**હે જગત્બંધુ ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;**

**જન્મ્યો પ્રભુ ! તે કારણે, દુ:ખ પાત્ર આ સંસારમાં,**
**આ ભક્તિ તે ફળતી નથી, ભાવશૂન્ય આચારમાં.'**

આ જે સ્તુતિ બોલ્યા એનો અર્થ પણ તમે વિચાર્યો છે ? મને લાગે છે કે તમે જે આ સ્તુતિ બોલો છો તે પણ 'ભાવશૂન્ય' બનીને બોલો છો. જેમ પરમાત્માની પૂજા ભાવપૂર્ણ થઇને કરવાની છે, તેમ પરમાત્માની પૂજા અપવિત્ર બનીને નહિ પણ પવિત્ર થઇને કરવાની છે.

તમારે ત્યાં સંડાસ-બાથરૂમ બધું એક જ જગ્યામાં હોય અને તેમાં તમે સ્નાન કરો તો પવિત્ર શી રીતે બનો ? સ્નાન કર્યા પછી જે ટુવાલથી શરીર લૂછ્યું હોય તે પહેરી પૂજાનાં કપડાં ન પહેરાય. ગરમ કામળીયું પહેરી પછી પૂજાનાં કપડાં પહેરાય, એ તમે જાણો છો ? આ બધી વિધિનું જ્ઞાન કેમ નથી ? આજ્ઞાનું-વિધિનું મહત્ત્વ સમજાય તો એ વિધિ સમજવા માટે શ્રાદ્ધવિધિ વગેરે વાંચવાનું મન થાય. એ વાંચો તો વિધિનું પાલન કરવાની સમજ આવે.

## 1 સાધર્મિકની ભક્તિ શી રીતે કરશો ?

જ્યાં સુધી ઊંડાણથી આજ્ઞાની-વિધિની સમજણ ન પડે ત્યાં સુધી પણ **'જે પ્રવૃત્તિથી કર્મનો બંધ થાય તે પ્રવૃત્તિ કરવા જેવી નથી અને જે પ્રવૃત્તિથી કર્મનો બંધ છૂટે તે પ્રવૃત્તિ કરવા જેવી છે'** આટલું પણ સમજી લો તો કલ્યાણ થઈ જાય.

પરમાત્માની આજ્ઞાનો વિચાર કરીએ તો એક સાધર્મિક ભક્તિનું અનુષ્ઠાન પણ એવું હોય કે એમાં બુફે ન હોય. એમાં 'જાતે લઇને જમી લેજો' એવું પણ ન હોય, આજે તો કેટરર્સને ઑર્ડર અપાય, અભક્ષ્ય-અપેય પણ એમાં આવે,



બરફની વચ્ચે રસોઇ મૂકાય, સાંજનું સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હોય તો તેમાં રાતના પણ ખાવાનું-ખવડાવવાનું થાય, આ બધું ધર્માનુષ્ઠાન નથી. ધર્માનુષ્ઠાનની વાત તો જવા દો જૈન જ્ઞાતિના જમણ તરીકે પણ આ બધું ન ચાલી શકે, જૈન જ્ઞાતિ તરીકેના જમણમાં પણ જૈનધર્મની મર્યાદા બહારનું કશું જ ન થવું જોઇએ.

**સભા :** *ઘણી મોટી સંખ્યા હોય તેમાં આજ્ઞા જાળવવી શક્ય નથી બનતી.*

કોણે કહ્યું કે તમે ઘણાને જમાડો, તમારી શક્તિ ન હોય તો એક સાધર્મિકને જમાડાય પણ આજ્ઞાની ઉપેક્ષા કરીને ઘણાને જમાડવાનું જ્ઞાનીઓએ કહ્યું છે ? આ રીતે જમાડવા એ ભક્તિ નથી, એમાં તો સાધર્મિકનું અપમાન છે.

એક સાધર્મિકને પણ જ્યારે જમાડો ત્યારે તેને બહુમાનપૂર્વક-આદરપૂર્વક-પ્રેમપૂર્વક જમાડો. તમે જાતે પીરસો, પહેરામણી આપો. સાધર્મિક કાંઈ ભૂખ્યો નથી. ભક્તિની એને ગરજ નથી. ગરજ તો તમને હોવી જોઇએ. 'સાધર્મિકની ભક્તિથી મારું કલ્યાણ થશે' આ વાત હૈયે જચવી જોઇએ. 'સાધર્મિક, મારી ભક્તિનો સ્વીકાર કરીને મારા ઉપર ઉપકાર કરે છે' આવી ભાવના હોવી જોઇએ. તો જ આવા તારક અનુષ્ઠાનો તમારા માટે તારક બની શકે. આ રીતની ભાવનાપૂર્વક-બહુમાનપૂર્વક એકને પણ જમાડાય તો પણ સાધર્મિક ભક્તિનું એ અનુષ્ઠાન તારનારું બની શકે અને બહુમાન વગર હજારોને પણ જમાડાય તો એ અનુષ્ઠાન તારનારું ન બની શકે.

આજે તો ઊભાં ઊભાં, હાલતાં હાલતાં ખાવાનું, જાતે લેવાનું, માંગવાનું, તે માટે લાઇનમાં ઊભા રહેવાનું ચાલે છે અને એને સાધર્મિક વાત્સલ્ય કહેવાય છે.

આર્યદેશમાં જન્મેલાં લોકો પણ આજે અનાર્ય જેવા બની ગયા છે, જેથી તેમને અનાર્યોની પદ્ધતિ ગમે છે. ચિકિત્સાશાસ્ત્રો પણ કહે છે કે ઊભાં ઊભાં, હાલતાં ચાલતાં ન ખવાય. એ રીતે ખાવાથી આરોગ્યને પણ નુકસાન પહોંચે છે. હું કાંઈ ચિકિત્સાશાસ્ત્ર ભણાવવા નથી બેઠો પણ પરમાત્માની આજ્ઞાની ઉપેક્ષા કરવાથી જીવનમાં કેવી બેહાલી સર્જાય છે તેની વાત તમને સમજાવવા બેઠો છું. આ વાત સાંભળીને પણ તમે અટકી જાવો, આજ્ઞાની વિરાધનાનો ત્યાગ કરનારા બનો એ માટે આ વાત કહેવાય છે.

મારે તો પરમાત્માની આજ્ઞા શું છે એ જ તમને સમજાવવું છે.

**સભા :** *જગ્યાની તંગી નડે છે માટે બુફે કરવું પડે છે.*

**જેનાં હૈયાં વિશાળ હોય તેમને જગ્યાની તંગી ક્યારેય નડતી નથી. ઉદારતા હોવી જોઇએ. હૈયામાં આજ્ઞાનો પ્રેમ હોવો જોઇએ. હૈયામાં આજ્ઞાનો પ્રેમ હોય એને મન પૈસાની કશી કિંમત ન હોય.**

મારા પરમતારક ગુરુદેવશ્રી તો કહેતા કે **'ધર્માનુષ્ઠાનને પ્રભાવક, આજ્ઞાયુક્ત બનાવવાં હોય તો પૈસાને કાંકરાની જેમ વેરતા આવડવું જોઇએ.'** હૈયાની ઉદારતા વિના એ શક્ય ન બને. એવા અનુદાર માણસો જો કોઈ ધર્માનુષ્ઠાન કરે તો તેથી ધર્માનુષ્ઠાન-ધર્મની પ્રભાવના નહિ, પણ નરી વિડંબના ય સર્જાય. શક્ય નથી એમ ના કહેતા. આવજો મારી પાસે, તમારે જે અનુષ્ઠાન કરવું હોય તે અંગે અમે અમારી ભૂમિકા મુજબ શાસ્ત્રાનુસારે બધા રસ્તા બતાવશું.

સૂર્યોદય પછી ચૂલો સળગાવીને, નવકારશી કરાવવી હોય તો પણ થઈ શકે. ત્રણના બદલે છ, આઠ, દસ ચૂલા રોકવા પડે, રસોઈયા વધારી દેવા પડે, સ્ટાફ વધારવો પડે પણ પહેલાં જ કહ્યું તેમ ઉદારતા જોઇએ.

આજે તો તમારા જમણવારમાં કોઈ સાધર્મિક આવે અને એકને બદલે બે વાટકી દૂધપાક પી જાય તો તમારી આંખો ચાર થાય. આવી મનસ્થિતિ હોય તો આજ્ઞા પાળવી અશક્ય બની જાય.

તપશ્ચર્યાની – અઠ્ઠાઈ, સોળ ઉપવાસ વગેરેની ઉજવણી પણ હવે તો કેટલેક ઠેકાણે રાત્રિના સમયે થવા લાગી છે અને તે પણ પાર્ટી પ્લોટોમાં.

આ બધું બોલવું પણ ગમતું નથી પણ આજના લોકોએ હાલત જ એવી ઊભી કરી છે કે આ બધું બોલ્યા વિના ચાલે તેવું નથી. આ રીતે ઉજવણીઓ કરવી એ તપની ઉજવણી કહેવાય કે તપની વિડંબણા કહેવાય ? આવી રીતે તપધર્મની વિડંબણા કરનારાઓને કાં તો સમજણ નથી અગર એમને કોઇએ સમજણ આપી નથી. અગર તો જો કોઇએ સમજણ આપી હોય તો એ સમજણનો અનાદર કરીને એમણે આજ્ઞાની ઘોર ઉપેક્ષા કરી છે.

જ્ઞાની તો કહે છે કે **'આજ્ઞા મુજબ થોડો કરેલો પણ ધર્મ મહાધર્મનું કારણ બની શકે.'** અમારી ઇચ્છા તો એવી છે કે તમે બધા સર્વવિરતિ ધર્મ સ્વીકારો !



દેશવિરતિ ધર્મમાં અમારી સંમતિ કેટલી ? તમે સંસારમાં રહીને જેટલા બંધનમાં આવ્યા તેમાં અમારી સંમતિ ગણાય, બાકી તમે જેટલું મોકળું રાખ્યું તેમા અમારી સંમતિ નથી.

આત્મકલ્યાણના અર્થી દરેકે નક્કી કરવું જોઈએ કે,
એક નવકારશી પણ ભગવાનની આજ્ઞા મુજબ જ કરવી છે,
એક નવકારવાળી પણ ભગવાનની આજ્ઞા મુજબ જ ગણવી છે,
એક સાધર્મિક વાત્સલ્ય પણ ભગવાનની આજ્ઞા મુજબ જ કરવું છે,
નાની-મોટી કોઇપણ ધર્મ આરાધના ભગવાનની આજ્ઞા મુજબ જ કરવી છે,
આવો સંકલ્પ કરો તો થઈ શકે ખરો ?

## 1 પાણી પહેલાં બાંધી પાળ : વસ્તુપાળ-તેજપાળ :

મારે તમને વસ્તુપાળ અને તેજપાળને યાદ કરાવવા છે. વસ્તુપાળ અને તેજપાળ પોતાની તમામ સંપત્તિ તીર્થયાત્રામાં ખર્ચી, અનુપમ યાત્રા કરી પછી રાજા વીરધવલની રાજધાની ધોળકામાં આવ્યા. રાજા વીરધવલને દેવીએ સ્વપ્નસંકેત કર્યો કે તારા આંગણે બે વીરપુત્રો આવશે તેને ગમે તે ભોગે રાખી લેજે. તારા રાજ્યની કીર્તિને ચારે દિશામાં વિસ્તારનારા બનશે. સ્વપ્નસંકેત મુજબ આવેલા બન્નેને રાજાએ મંત્રીમુદ્રા અને સેનાપતિ મુદ્રા સ્વીકારવાની વાત કરી, તે વખતે વસ્તુપાળ અને તેજપાળે કહ્યું કે મહારાજ આપની મંત્રીમુદ્રા અને સેનાપતિ મુદ્રાનો સ્વીકાર કરતાં પૂર્વે અમારે કેટલીક સ્પષ્ટતા કરવી છે, એ આપને મંજૂર હોય તો અમે આપની મુદ્રાનો સ્વીકાર કરી શકીએ. એ પછી એમણે જે એમની ત્રણે શરતો બતાવી તે આ મુજબ હતી.

**૧. અમે અમારા દેવ-ગુરુ-ધર્મને વેચાણ છીએ માટે એમની આજ્ઞાનો વિરોધ આવે એવી આપની એક પણ આજ્ઞા નહિ પળી શકાય.**

**૨. જે પ્રજા ઉપર રાજ્ય કરવાનું છે તે પ્રજાનું અહિત થાય તેવી આપની એક પણ આજ્ઞા નહિ પળી શકાય અને.**

**૩. આજે અમારી પાસે ત્રણ લાખ સોનૈયા છે જે આપના ભંડારમાં જમા કરો અને કોઈ કારણસર આપ અમને છૂટા કરવા ઇચ્છો તો તે વખતે આપ અહીં આવીને અમને મળેલું બધું જ લઈ શકો છો પણ અમારી જે આ ત્રણ લાખ સૌનેયાની મૂડી છે તે આપે અમને પાછી આપવાની રહેશે.**

આમાં પહેલી શરત ધર્મની દૃષ્ટિએ મહત્ત્વની છે. બીજી શરત ઔચિત્યની દૃષ્ટિએ મહત્ત્વની છે અને ત્રીજી શરત વ્યવહારની દૃષ્ટિએ મહત્ત્વની છે.

પહેલા નંબરે એમણે દેવ-ગુરુ-ધર્મની વાત કરી. તમારી ય વાત કરી લઉં ? પહેલા નંબરે તમે દેવ-ગુરુ-ધર્મના છો ખરા ? જેણે જન્મ આપી નાનામાંથી મોટા કર્યા તે માતા-પિતાના ય ખરા ? લગ્ન થતાં પત્નીને કહી દો ને કે માતા-પિતાને દુઃખ થાય તેવી તારી વાત સ્વીકારવામાં નહિ આવે ? પત્નીની ગમે તેવી વાત હોય, તેમાં તમારા માતા-પિતાને દુઃખ ન જ પહોંચે એવું ખરું ? છેવટે જેને જીવનભરનો કોલ આપીને લઈ આવ્યા તેના પણ તમે ખરા ? માતા-પિતાની વાતમાં, એમની આજ્ઞામાં જે આઘા-પાછા ન થાય તે ત્રણ લોકના નાથની આજ્ઞામાં આઘા-પાછા ન થાય પણ માતા-પિતાને ભૂલી જાય તે તીર્થંકરની આજ્ઞા પાળે ખરા ?

તમે તમારી પત્ની, દીકરા-દીકરીને રાજી રાખવા કેટલો સમય ફાળવો અને મા-બાપને રાજી રાખવા, તેમની સેવા-ભક્તિ કરવા કેટલો સમય ફાળવો ?

બીજા નંબરે જે પ્રજા ઉપર રાજ્ય કરવાનું તેનું અહિત થાય તેવી રાજાની એક પણ આજ્ઞા ન પળી શકે એમ કહ્યું. તમે પણ કહી શકશો મહાનુભાવ કે તમારા આશ્રિત પત્ની-પુત્ર-પરિવારાદિનું અહિત થાય તેવી એક પણ પ્રવૃત્તિ તમે નહીં જ કરો ? કે પછી ગમે તેવું કૃત્ય કરો ?

ત્રીજા નંબરે જે શરત કરી તેમાં તેમની દીર્ઘદૃષ્ટિ કામ કરી ગઈ. રાજદ્વારી નોકરી છે, ગમે ત્યારે ગમે તે ખટપટ થાય, રાજા કાનના કાચા, ન જાણે આવતીકાલે હૂકમ કરી સઘળું જપ્ત કરે ત્યારે પણ ભવિષ્યની ચિંતા ન રહે માટે પહેલેથી જ સભાની સાક્ષીએ પોતાનું ધન આપી સલામતી કરી લીધી.

દેવ-ગુરુ-ધર્મની આજ્ઞાને પ્રધાન બનાવનારા, પ્રજાનું અહિત ન થાય તેવી કાળજી રાખનારા પુણ્યશાળીઓ પણ દીર્ઘદૃષ્ટિથી વિચારી પગલાં ભરે. તમારા જીવનમાં આવી કોઈ દૃષ્ટિ છે ? એમની એ દૃષ્ટિમાંય જીવનની સલામતી કરતાં ધર્મની સલામતી જ મુખ્ય છે, તેવું કાંઈ તમારા જીવનમાં છે ? જેના જીવનમાં પરમાત્માની આજ્ઞાનો વાસ હોય તેનો સંસાર પણ સ્વર્ગ જેવો હોય.

શાલિભદ્રની માતાની વાત કરો. નેપાળના વેપારીઓ સોળ રત્નકંબળ લઇને



આવ્યા ત્યારે ભદ્રા શેઠાણી પૂછાવે છે કે 'સોળ જ કેમ ? બત્રીશ કેમ નથી ?' તેત્રીશ કેમ નહીં ? એમ પૂછતાં નથી અને ચોત્રીશ કેમ નહીં એમ પણ પૂછતાં નથી. કારણ એમની પુત્રવધૂઓ બત્રીશ હતી. પોતાનો કે પોતાના દીકરાનો ય વિચાર ન આવ્યો. દીકરાની વહુનો આવ્યો. જે સાસુ દીકરાની વહુનો વિચાર કરે તે વહુઓ સાસુનો કેટલો વિચાર કરે ? કાંઈ ખ્યાલમાં આવે છે, હું શું કહું છું તે ? સંસારમાં સ્વર્ગ એમને એમ ન આવે. એ માટે પરમાત્માની આજ્ઞાને હૈયે વસાવવી પડે. જીવનમાં યથાશક્ય ઉતારવી પડે, એકવાર 'શ્રાદ્ધવિધિ' ગ્રંથ પણ તમે વાંચ્યો હોત તો આ બધી વાતો અમારે ન કરવી પડત.

## ૧ આજ્ઞાપાલન માટે જ્ઞાન જરૂરી :

જો તમે 'શ્રાદ્ધવિધિ' ગ્રંથ વાંચ્યો હોત તો આજે તમારા ઘરમાં જે દેખાય છે તે ન હોત. તમારા ઘરમાં ફ્રિજ ન હોત, ગેસના ચૂલા ન હોત, સુખડીના કાળની તમને ગતાગમ હોત. તૈયાર લોટ, તૈયાર મસાલા આજે તમે જે રીતે લાવો છો, તે ન લાવત. બજારુ વસ્તુ ખાઈ ન શકત. પણ તમે બધા તો પુણ્યશાળી(!) છો જેથી ખાખરા તૈયાર, પાપડ તૈયાર... બધું જ તૈયાર-રેડીમેઈડ લઈ આવો છો. રોટલી પણ હવે તૈયાર આવવાની.

**સભા :** *આવે છે.*

ભાગ્યશાળી (!) છો.

જેણે આજ્ઞાને બાજુમાં મૂકી તેનું ખાવાનું પુણ્ય પણ પરવાર્યું. તમે ભગવાનની આજ્ઞા મુજબની આહાર-વ્યવસ્થા પણ જાળવી નથી શકતા.

આજે તમે ઘી ખાતાં વિકલેન્દ્રિયનાં કલેવર નથી ખાતા તેમ કહી શકશો ખરા? વલોણું કર્યા પછી જે ક્ષણે માખણ છાસથી છૂટું પડે તે જ ક્ષણે તેમાં તે જ વર્ણના વિકલેન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. આજે તમે ઘી કઈ રીતે બનાવીને ખાવ છો? પૂર્વે વલોણાં પણ એકાંતરે થતાં. એમાં બે દિવસનું આંતરું પણ ન ચાલે. આજે તો દિવસો સુધીનું માખણ ભેગું થાય, મલાઈ ભેગી થાય તેમાં વિકલેન્દ્રિય જીવો પેદા થાય, તેને નીચોવીને, બાળીને તેનાં કલેવરો જ ખાવ છો કે બીજું કાંઈ ? અને જે રીતે ડેરીનાં ઘી તમે લાવીને વાપરો છો, તેમાં કઈ રીતે ઘી બને તેની તમે કદી તપાસ કરી છે ?

આજ્ઞા સમજવી હોય, આરાધવી હોય તો આ બધી વાતો તમારે વિચારવી પડશે અને આજ્ઞા વિરૂદ્ધની બધી ચીજો છોડવી પડશે.

## ધર્મમાં અસંતોષ આજ્ઞાનો આદર સૂચવે છે :

જેનાં હૈયે આજ્ઞાનો આદર પ્રગટે તેને દાનમાં, શીલમાં, તપમાં અને ભાવમાં આનંદ આવે. કારણ કે દાન, શીલ, તપ અને ભાવના સેવનથી કર્મોનાં બંધન તૂટે છે, દાન, શીલ, તપ, ધર્મની આરાધનાનો તમને ચાન્સ મળે અને ત્યારે તમે દાન, શીલ, તપ વગેરે કરો ત્યારે તેમાં આનંદ આવે કે પછી સંઘરવાનું, ભોગવવાનું અને ખાવાનું મળે ત્યારે આનંદ આવે ?

દાન કરવાની તક આવે, કોઈ ટીપ આવે તો ચહેરા ઉપર આનંદ ? આજ્ઞાનો આદર હોય તેને તો જેટલું વાપરે તેટલું ઓછું જ લાગે. મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળે પોતાના જીવનકાળ દરમ્યાન બાર-બાર વાર તો છરી પાળતા સંઘ કાઢ્યા હતા; આમ છતાં 'ઘણું થયું' એવું એમને ક્યારેય લાગ્યું ન હતું. માટે જ જીવનની આથમતી સંધ્યાએ શ્રી સિદ્ધગિરિજીનો તેરમી વાર સંઘ કાઢ્યો હતો.

થોડા જ સમય પૂર્વે ધર્મદાતા ગુરુદેવ આચાર્યશ્રી નરચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો કાળધર્મ થયો હતો. જતાં જતાં પૂજ્ય આચાર્યદેવ કહીને ગયા હતા કે 'હું તો જાઉં છું પરંતુ તમારો પણ હવે સમય નજીક આવી ગયો છે.' આ સાંભળી એમ થયું કે 'છેલ્લે છેલ્લે પણ ધર્મની આરાધના-સાધના કરી લઉં. દાદાને ભેટી લઉં. અનંત સિદ્ધોના ધામ સિદ્ધક્ષેત્રને સ્પર્શી લઉં અને મારા આત્માને પાવન કરી લઉં.' આવી ભાવનાથી તેરમી વારનો સંઘ લઇને નીકળ્યા હતા. જ્યાં વઢવાણ આવ્યું ત્યાં પરિસ્થિતિએ પલટો ખાધો, સ્વાસ્થ્ય કથળ્યું, સંઘ અંકેવાળીયા પહોંચ્યો ત્યાં સુધીમાં તો પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો. વૈદ્યોએ આશા છોડી દીધી. પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની, આમ છતાં, કોઇપણ વિકલ્પ વગર મૃત્યુના સ્વાગતની તૈયારી કરી.

અંતિમ આરાધનાની શરૂઆત કરતાં અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર સર્વ જીવરાશિને ખમાવી, જીવનમાં કરેલા એક-એક દુષ્કૃત્યોને યાદ કરી આત્મસાક્ષીએ-પરમાત્મસાક્ષીએ નિંદા-ગર્હા કરી, અરિહંત-સિદ્ધ-આચાર્યાદિ અન્ય તમામનાં સુકૃતોની હૈયાથી અનુમોદના કરી, પોતાનાં સુકૃતોની અનુમોદના કરવી



હતી. પરંતુ સુકૃતો બધાં યાદ નથી, તેથી મહેતાજીને બોલાવીને કહ્યું કે 'જીવનમાં કયાં કયાં સુકૃતો થયાં છે, તેની જરા યાદી આપો તો જતાં જતાં અનુમોદના કરી લઉં.'

આજથી ૭૦૦/૮૦૦ વર્ષ પહેલાંના એ સસ્તાઇના જમાનામાં એમણે કરેલાં સુકૃતોનો સરવાળો અબજો ઉપર જતો હતો.

મહેતાજીએ જે નોંધ આપી તેમાં લખેલું હતું કે -

- શ્રી સિદ્ધગિરિ પર ૧૮ કરોડ ૯૬ લાખ દ્રવ્ય વાપર્યું.
- શ્રી ગિરનારગિરિ પર ૧૮ કરોડ ૮૩ લાખ દ્રવ્ય વાપર્યું.
- શ્રી આબુગિરિ પર ૧૨ કરોડ ૫૩ લાખ દ્રવ્ય વાપર્યું.
- ૧૩૦૧૩ નવાં જિનમંદિરો બનાવ્યાં.
- ૨૩૦૦ જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો.
- ૯૮૪ ધર્મશાળા કરી. (પૌષધશાળા)
- ૫૦૦ હાથીદાંતની વ્યાખ્યાનપીઠો બનાવી.
- ૫૦૦ હાથીદાંતના રેશમી વસ્ત્ર સહિત સમવસરણો બનાવ્યાં.
- ખંભાત, ભરુચ અને દેવપુરીમાં ૧૮ કરોડ દ્રવ્ય વાપર્યું.
- અસંખ્ય કરોડ શ્લોક પ્રમાણ શાસ્ત્રો લખાવ્યાં. ૧૮ કરોડ સોનૈયા વાપર્યા.
- ૨૧ આચાર્ય પદપ્રદાન મહોત્સવો કર્યા.
- પ્રતિવર્ષ ૪ સ્વામિવાત્સલ્ય કર્યાં.
- હંમેશાં ગુરુપૂજા કરી.
- ત્રણે સંધ્યાએ જિનપૂજા કરી.
- ઊભયટંકનાં પ્રતિક્રમણો કર્યાં.
- નિત્ય ગ્રંથ લેખન, સ્વાધ્યાય, નૂતન રચનાદિ કરી.
- રાજા શૈવ હોવાથી ૨૦૦૦ શૈવ મંદિરો બનાવ્યાં.
- ઘણા શૈવ મઠો, ૭૦૦ તપસ્વીઓના મઠો બનાવ્યા.

1 ૭૦૦ અન્નસત્ર ચલાવ્યા.

1 ૪૪ મોટી વાવો બનાવી.

1 ૮૪ પાષાણબદ્ધ મહાસરોવરો બનાવ્યાં.

1 ૯૦૦ મોટા કૂવાઓ અને અસંખ્ય પરબો બનાવી.

1 રોજના સેંકડો (૧૫૦૦ જેટલા) સાધુ-સાધ્વીને સુપાત્રદાન આપ્યું.

1 રોજના બ્રાહ્મણો-ગરીબોનું દાન હજારોની સંખ્યામાં આપ્યું.

1 પથ્થરના મોટા ૩૨ કિલ્લા બનાવ્યા.

1 ૬૪ મુસલમાની મશીદો બનાવી.

1 ૩ લાખનું તોરણ સિદ્ધગિરિ પર ચડાવ્યું.

1 ૩ લાખનું સમવસરણ ખંભાતમાં કરાવ્યું.

1 મક્કામાં મશીદ ઉપર લાખોનું તોરણ ચડાવ્યું.

1 ૧૩ વાર શ્રી શત્રુંજયના મહા સંઘ આયોજ્યા.

**કુલ ૩૦૦ કરોડ ૧૪ લાખ ૧૮ હજાર ૮૦૦ નો દ્રવ્યવ્યય કર્યો.**

આ લાંબુ લીસ્ટ શાસ્ત્રોમાં આજે પણ મોજુદ છે. તે છતાં આ વાંચી મંત્રીશ્વર વસ્તુપાળના મોંઢામાંથી શબ્દો નીકળી પડ્યા કે,

**'न कृतं सुकृतं किञ्चित्, सतां संस्मरणोचितम् ।**
**मनोरथैकसाराणामेवमेव गतं वयः ।।'**

**'સજ્જનોને જેનું સ્મરણ કરવાનું મન થાય એવું કોઈ સુકૃત મેં કર્યું નથી માત્ર મનોરથો ને મનોરથો કરવામાં જ મારી જિંદગી પૂરી કરી નાંખી.'**

મંત્રીશ્વરના વસ્તુપાળના સ્થાને આપણે હોઈએ તો શું કહીએ ?

'સાહેબ ! જીવનમાં કરવા જેવાં લગભગ બધાં જ કાર્યો કરી લીધાં છે' એમ આપણો ઉત્તર હોય. બે, પાંચ રૂપિયા વાપર્યા હોય તોય બે-ચાર જગ્યાએ ગાયા વિના ચેન ન પડે. આજ્ઞા જેના હૈયે વસી હોય તે વ્યક્તિના મનના મનોરથો કેવા હોય ? આવો જ એક બીજો દાખલો -



મહારાજા કુમારપાળના પુત્ર 'નૃપસિંહ' નાની ઉંમરમાં જ અસાધ્ય રોગવશ મરણ પથારીએ સૂતા હતા. આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એને નિર્યામણા કરવા પધાર્યા હતા. તે વખતે તેની આંખમાં આંસુ જોઇને આચાર્યદેવશ્રીએ કહ્યું કે, 'વત્સ ! તારા જેવા વીરને મૃત્યુનો ભય હોય ખરો ? અંતિમ આરાધનાના સમયે આંખમાં આંસુ કેમ ?'

'ભગવંત ! મૃત્યુનો ભય નથી પરંતુ મારા મનોરથ અધૂરા રહી ગયા તેનાં આંસુ છે.'

'વત્સ ! તારો મનોરથ શું હતો ?'

'ભગવંત ! મારા પિતાશ્રીએ પરમાત્માનાં આટલાં મંદિરો બનાવ્યાં પણ બધાં પથ્થરનાં બનાવ્યાં. ત્રણ લોકના નાથનાં મંદિરો વળી પથ્થરનાં હોય ? મને હતું કે હું મોટો થઇશ ત્યારે સોનાનાં મંદિરો બનાવીશ, એ મારો મનોરથ અધૂરો રહી ગયો, એનાં આ આંસુ છે.'

વિચારો કે શ્રાવકકુળમાં જન્મેલા આત્માઓના મનોરથો પણ કેવા હોય ? અને આજે તમારા મનોરથ કેવા છે ?

એ જ રીતે મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે પોતાના ભાઈ લુણીગના મનોરથો પૂરા કરવા માટે જગતને મોંઢામાં આંગળાં નાંખવાં પડે એવી કોતરણીવાળું મંદિર આબૂ ઉપર બંધાવ્યું. જે આજેય લુણીગ-વસહિના નામે તેની ગૌરવગાથા ગાઈ રહ્યું છે.

તમે તમારાં સંતાનોને આવો કોઈ વારસો આપ્યો છે ? આવા કોઈ મનોરથ તમારાં સંતાનો કરે તો તમે રાજી થાવ ખરા ? કે પછી તમારો દીકરો પાંચ-પચ્ચીસ લાખનો પ્રોજેક્ટ ચલાવે તેમાં રાજી ? તમારો દીકરો ધર્મની ઉપેક્ષા કરે અને ઉત્તરોત્તર ધંધામાં આગળને આગળ વધતો જ જાય, મોટા મોટા આરંભનાં કાર્યો કરતો જ જાય તો તમને એવી ચિંતા થાય કે 'આમ ને આમ મારો દીકરો દુર્ગતિમાં નહિ ચાલ્યો જાય ને ? મારા ઘરમાં જન્મેલાં સંતાનો દુર્ગતિમાં તો ન જ જવાં જોઇએ !'

## 1 પાપમાં આનંદ, એ દશા કઈ ?

પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંતના સમયની એક વાત છે. ક્ષીરકદંબક નામના એક પાઠક હતા. તેમની પાસે અનેક વિદ્યાર્થીઓ ભણતા હતા. તેમાં જે

ત્રણ વિદ્યાર્થીઓ મુખ્ય હતા તે પૈકી એક રાજાનો પુત્ર 'વસુ' હતો, બીજો પોતાનો પુત્ર 'પર્વત' હતો, અને ત્રીજો બ્રાહ્મણપુત્ર 'નારદ' હતો. એકવાર રાત્રે મકાનની અગાશી ઉપર પાઠક અને ત્રણે વિદ્યાર્થીઓ સૂતા હતા. પાઠકને ઊંઘ આવતી નહોતી, એ અરસામાં આકાશ માર્ગે જઈ રહેલા બે ચારણ મુનિઓએ એકબીજા સાથે વાત કરતા કહ્યું કે આ પાઠકના ત્રણ શિષ્યો પૈકી બે નરકે જશે અને એક સ્વર્ગે જશે. આ વાત ક્ષીરકદંબક પાઠકના કાને પડી. 'મારા હાથ નીચે ભણનારો અને નરકમાં જાય ?' આ વિચારે તેઓ ઉદ્વિગ્ન બની ગયા. તમને ખબર પડે કે 'તમારો દીકરો નરકમાં જશે' તો તમને કાંઈ મૂંજવણ થાય ?

**સભા :** *નરકમાં જશે એની ખબર કેમ પડે ?*

શાસ્ત્રોમાં નરક ગતિમાં જવાનાં ઘણાં કારણો બતાવ્યાં છે જેમાં મુખ્ય ચાર કારણો બતાવ્યાં છે, 'મહાઆરંભ, મહાપરિગ્રહ, રૌદ્રધ્યાન અને પંચેન્દ્રિય વધ.' આ ચાર નરક ગતિનાં કારણો છે એમ જાણ્યા પછી તમને એવું થાય કે 'આ કારખાના-ફેક્ટરી વગેરે વિકસાવી મારો દીકરો નરકમાં જશે તો ? કમ સે કમ મારે એને આ પાપમાંથી તો બચાવવો જ છે,' આ વિચાર તમને આવવો જ જોઈએ.

આ તો ઘણા અમારી પાસે આવીને પણ કહી જાય કે 'મહારાજ સાહેબ ! મારા બધા જ દીકરા પોતપોતાની રીતે સારા-સારા ધંધાઓમાં સેટ થઈ ગયા છે' અને આ વાત કરતાં એમના ચહેરા ઉપર જે આનંદ દેખાય તે જોઈ અમને થાય કે જૈન તરીકે પોતાની જાતને ઓળખાવનારના હૈયે આવો આનંદ હોઈ શકે ? તો પછી જૈન અને અજૈન વચ્ચે ફેર ક્યાં રહ્યો ? પોતાની જાતને શ્રાવક તરીકે ઓળખાવવી અને પાપક્રિયામાં આનંદ માનવો આ કઈ દશા સૂચવે છે ? સમ્યક્ત્વની કે મિથ્યાત્વની ? આ વાતને પૂરી ગંભીરતાથી વિચારજો !

## 1 લોક રીઝ્યે મોક્ષ નહિ :

તમને તમારા પુણ્યના ઉદયથી જે કાંઈ મળ્યું છે, એની અમને કોઈ ઈર્ષ્યા નથી. પણ આજે મળ્યું છે, એમાં તમે બધા જે ગુલતાન બન્યા છો એનું પરિણામ શું આવશે ? એની અમને ચિંતા છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, આ બધામાં ગુલતાન બની ભગવાન શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાની જો ઉપેક્ષા કરશો તો એનું પરિણામ ખૂબ જ ભયંકર આવશે.



**સભા :** *દુનિયા કરે તેમ કરવું પડે.*

લોકોનું ટોળું તમને મોક્ષે લઈ જવાનું હોય તો એનો આદર ખુશીથી કરજો અને 'આજ્ઞાથી જ મોક્ષ'-એમ લાગે તો આજ્ઞાનો આદર કરજો. માટે તો મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ગાયું છે કે –

**'રીઝવણો એક સાંઈ, લોક તે વાત કરેરી.'**

'ભગવંત ! તને રીઝવું તો આ દુનિયા નારાજ થાય તેમ છે અને દુનિયાને રીઝવવા જાઉં તો તું નારાજ થાય છે, મારે કરવું શું ? મૂંઝવણ થઈ ગઈ છે !' પછી નિર્ણય જાહેર કરતાં કહે છે કે 'પ્રભો ! મેં તો નિર્ણય કરી લીધો છે કે, મારે તો મારા નાથને જ રીઝવવો છે.'

પતિવ્રતા સ્ત્રી દુનિયાને રીઝવે કે પોતાના પતિને ?

આ જ વાતને આનંદઘનજી મહારાજે ઋષભદેવ પ્રભુના સ્તવનમાં વધારે સ્પષ્ટ કરી છે.

**'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઓર ન ચાહું રે કંત,**
**રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.'**

મારે તો ઋષભ જિનેશ્વર જ પ્રીતમ-પતિ તરીકે હો, મારે બીજો કોઈ ધણી ન જોઇએ. કારણ કે મારો એ સાહિબ જો એક વાર મારી ઉપર રીઝી જાય તો અનંતકાળ સુધી મારો સંગ ક્યારે પણ છોડે નહિ. આ બધું સમજ્યા પછી આપણે તીર્થંકર પરમાત્માને રીઝવવા છે કે દુનિયાને રીઝવવી છે ? **જો પરમાત્માને રીઝવશું તો આપણા માટે મોક્ષ તૈયાર છે અને જો દુનિયાને રીઝવવા ગયા તો આપણા માટે નરક તૈયાર છે.**

**સભા :** *બહુમતિ કરે તેમ કરવાનું.*

બહુમતિ કોની ? જૈનોની કે અજૈનોની ? આર્યોની કે અનાર્યોની ? **જો બહુમતિ પ્રમાણે જ ચાલવાનું નક્કી કરો તો સીધા નિગોદમાં જ જવું પડે. કારણ કે બહુમતિ તો એક નિગોદના જીવોની જ છે.** બાકીના બધા જીવો મળીને અસંખ્યાતા; જ્યારે એક જ નિગોદના એક જ શરીરમાં અનંતા જીવો ! બોલો જવું છે ?

**વીતરાગના શાસનમાં નથી બહુમતિ ચાલતી, નથી લઘુમતિ ચાલતી, નથી તો સર્વાનુમતિ ચાલતી; પરંતુ એક માત્ર શાસ્ત્રમતિ જ ચાલે છે. શાસ્ત્રમતિ એટલે જ આજ્ઞાને અનુસરતી બુદ્ધિ.** આજ્ઞાનું અનુસરણ કરવા માટે જ પૂજ્ય ન્યાયાચાર્ય, ન્યાવિશારદ મહોપાધ્યાશ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર' નામના ગ્રંથરત્નમાં કહ્યું છે કે,

**'शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्नियमात्सर्वसिद्धयः ।।'**

**'શાસ્ત્રનો જેણે આદર કર્યો છે, તેણે વીતરાગનો આદર કર્યો છે અને વીતરાગનો આદર કરનારને નક્કી સઘળી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.'**

પરમાત્માનો આદર કરનારને – પરમાત્માની આજ્ઞાનો આદર કરનારને સર્વ સિદ્ધિઓ વરેલી છે. આજ્ઞાનું મહત્ત્વ સમજાવવા માટે મારા પરમતારક ગુરુદેવશ્રી કહેતા કે,

**'ધર્મ આજ્ઞામાં છે, આજ્ઞા શાસ્ત્રથી જણાય છે અને શાસ્ત્ર એ સાધુની આંખ છે.'**

આ જ વાત શાસ્ત્રોમાં **'आणाए धम्मो' 'धम्मो आणाए पडिबद्धो'** વગેરે શબ્દોમાં સ્પષ્ટ રીતે કહી છે.

સંબોધ પ્રકરણ, ગ્રંથરત્નમાં કહ્યું છે કે એક વ્યક્તિ લાખો-કરોડો રૂપિયા ખર્ચી ભગવાનની ઝવેરાતની આંગી કરાવે અને બીજી બાજુ પરમાત્માની આજ્ઞાનું ખંડન કરે તો તે 'કોઇનું ગળું કાપી પછી તેને હાર પહેરાવે' તેના જેવો કહેવાય. યાદ રાખજો કે આ શબ્દો મારા નથી પણ સંબોધ પ્રકરણ નામના ગ્રંથરત્નના છે. આજ્ઞાની વિરાધના ક્યાંય ન થાય એનું ઘણું મહત્ત્વ છે.

## ૧ કરેલાં પાપો ભોગવ્યે જ છૂટકો :

આપણને પાંચ, પચ્ચાસ વર્ષની આ જિંદગી મળી છે. એમાંનાં મોટા ભાગનાં વર્ષો અર્થ-કામની સાધનામાં વેડફાઈ ગયાં. હવે બાકી રહેલાં વર્ષો કેટલાં ? મોત ક્યારે આવશે તેની ખબર નથી. ટૂંકા જીવનમાં ભવિષ્યના અનંતકાળનું પ્લાનિંગ બનાવવાનું છે. હવે બાકી રહેલી જિંદગીમાં ધર્મનો પાયો ન નાંખ્યો. ચોક્કસ



પ્લાન ન બનાવ્યો અને અહીંથી ચૂક્યા, નરકાદિ દુર્ગતિમાં ચાલ્યા ગયા, તો પછી ત્યાંથી સદ્ગતિમાં કોણ લઈ જશે, મહાનુભાવ ?

રામાયણમાં તમે સાંભળ્યું હશે ? લક્ષ્મણજી, ત્રણ-ત્રણ ખંડના વિજેતા વાસુદેવ! છતાં એમના મોટા ભાઈ રામચંદ્રજી પ્રત્યે એમનો વિનય કેવો ? સદાચાર કેવો ? બધી જ બાબતમાં આદર્શરૂપ કહી શકાય એવું ઊંચું-ઉજળું એમનું જીવન હતું. જંગલમાં રામચંદ્રજી સાથે નીકળ્યા ત્યારે સંયોગવશાત્ વનમાલા જોડે લગ્ન લેવાયાં ત્યારે વનમાલાએ કહ્યું કે 'મને પણ સાથે લઈ જાવ' ત્યારે ના પાડી 'તને સાથે નહિ લેવાય. તને સાથે લઈ જાઉં તો ભાઈ- ભાભીની સેવામાં અંતરાય પડે.' આટલું ઊંચું આદર્શમય જીવન જીવનારા પણ લક્ષ્મણજી નરકે ગયા ! કેમ ગયા તે વિચાર્યું ? વિચાર જ કર્યો નથી.

મહાઆરંભ અને મહાપરિગ્રહ - જીવનભર આ બે પાપો છોડી શક્યા નહિ. તેની પાછળ પણ પૂર્વભવમાં, કરેલા ધર્મને વેંચીને કરેલું નિયાણું,-એ કારણ હતું.

નિરાશંસ ભાવે ધર્મ કરે તેને ઋદ્ધિ-સિદ્ધિ ઊંચામાં ઊંચી મળે છતાં પણ એ ભોગસુખોમાં તે અટવાય નહિ, સાકરની માખીની જેમ ઊડી જાય. સાકરની માખી સાકર ઉપર બેસે, સ્વાદ માણે પણ ચપટી વાગતાં જ ઊડી જાય, એને ઉડતાં વાર ન લાગે. અને આશંસાપૂર્વક-નિયાણાપૂર્વક ધર્મ કરનારને જે પણ ઋદ્ધિ-સિદ્ધિ મળે તે શ્રેષ્ઠ કક્ષાની ન હોય. આમ છતાં જે મળે એમાં એ આસક્ત થાય, શ્લેષ્મની માખીની જેમ. ચોંટીને એમાં જ ખતમ થાય અને મરીને દુર્ગતિમાં જાય. લક્ષ્મણજી પણ છેવટ સુધી છોડી ન શક્યા, તેને કારણે નરકમાં ગયા. બારમા દેવલોકમાં ગયેલા સીતાજીના આત્મા-સીતેન્દ્રને જાણવાનું મન થયું કે લક્ષ્મણજી હમણાં ક્યાં છે ?

લક્ષ્મણજીએ સીતાજીની કેવી ભક્તિ કરી છે જાણો છો ? અવસરે રામચંદ્રજીએ અન્યાય કર્યો ત્યારે પણ એમની પડખે એ રહ્યા છે. પુત્રની જેમ તેમના ઉપર સ્નેહ હતો. રામચંદ્રજીને કેવળજ્ઞાન થયું ત્યારે સીતેન્દ્રે પૂછ્યું કે, 'ભગવંત ! લક્ષ્મણજી ક્યાં છે ?' કેવળજ્ઞાની બનેલા રામચંદ્રજીએ કહ્યું કે, 'લક્ષ્મણજી નરકમાં છે.' આ સાંભળીને સીતેન્દ્રને થયું કે 'લક્ષ્મણજી અને નરકમાં ?' 'હમણાં જાઉં અને ત્યાંથી લઈ આવું.' લવાય નહિ. પરંતુ રાગની પ્રધાનતા, લાગણીની પ્રધાનતા કર્મના અટલ સિદ્ધાંતોને પણ ભૂલાવી દે છે.

દેવલોકમાંથી સીતેન્દ્ર નીચે નરકમાં ગયા. લક્ષ્મણજીને ઓળખ આપી. 'તમને લેવા આવ્યો છું.' એમ કહી જ્યાં ઊંચકવા ગયા ત્યાં એમનું શરીર પારાની જેમ સરી પડ્યું. અસહ્ય વેદના થઈ. બીજી વાર પ્રયત્ન કર્યો, બીજી વાર પણ શરીર છૂટું થઈ, વીખેરાઈ ગયું. અસહ્ય વેદના થઈ. ત્રીજી વાર પણ પ્રયત્ન કર્યો. ફરી વેદના જ થઈ. જે સહન થતી નથી. લક્ષ્મણજીએ કહ્યું કે, 'સીતેન્દ્ર ! રહેવા દો ! કરેલાં કર્મની સજા ભોગવ્યે જ છૂટકો. સારું થયું કે તમે આવી ગયા તેથી ખબર પડી. હવે હું સમતાથી સહન કરીશ.'

લક્ષ્મણજીને બચાવવા તો સીતેન્દ્ર ગયા હતા, તમને-અમને બચાવવા પણ કોણ આવશે મહાનુભાવ કે જેના વિશ્વાસે આંખ મીંચીને મહાઆરંભ-મહાપરિગ્રહમાં આગળ ને આગળ ધપે જ જાવ છો ?

શ્રેણિક મહારાજા, પરમાત્મા વીરના અનન્ય ભક્ત હતા. કહેવાય છે કે એમનો પરમાત્મા ઉપરનો રાગ એટલો તો અસ્થિમજ્જા હતો કે જ્યારે એમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યારે એમના હાડકામાંથી 'વીર-વીર'નો ધ્વનિ નીકળતો હતો. વીર પરમાત્મા જેના રોમે-રોમમાં આવા તાણે-વાણે વણાઈ ગયેલા તે મહારાજા શ્રેણિક પણ મરીને ક્યાં ગયા ? નરકમાં જ કે બીજે ક્યાંક ?

શ્રેણિક મહારાજાને પ્રભુના શ્રીમુખે જ જ્યારે ખબર પડી કે 'હું નરકમાં જવાનો છું.' ત્યારે ગભરાઈ ઊઠ્યા. ભગવાનને પૂછ્યું - 'ભગવંત આપનો હું અનન્ય ભક્ત અને હું નરકમાં ?' ત્યારે પરમાત્માએ કહ્યું કે, **'કરેલાં પાપની સજા તો ભોગવવી જ પડે પછી રાજા હો યા રંક.'**

**આપણે પાપો અઢળક કરીએ ને બેસતા વર્ષે કે બેસતા મહિને દેરાસરમાં એક લીલું નાળિયેર મૂકી આવીએ તો ભગવાન કઈ રીતે બચાવે ?**

અમે ઉપર બેઠા, છેક અહીં સુધી આવી ગયા. અહીં આવ્યા બાદ પણ અહીંની રીતે ન જીવીએ તો અમને પણ આ કર્મસત્તા ઘસડીને નરકમાં લઈ જાય. અહીં અમારા અગ્નિસંસ્કાર વખતે કદાચ ચંદનની ચિતાઓ રચાતી હોય, ગુલાલ ઉડતો હોય, હજારો-લાખોના ચડાવાઓ બોલાતા હોય, લોકો 'જય જય નંદા, જય જય ભદ્દા' બોલતા હોય અને ત્યાં અમે રૌરવ નરકમાં પહોંચી ગયા હોઇએ તેમ પણ



બને. ત્યાં અમે કર્મસત્તાને કહીએ કે 'તું જરા અમારા આ ઓઘાની તો શરમ રાખ.' ત્યારે કર્મસત્તા અમને પણ કહે કે 'તારા ઓઘાની શરમ જો તને નડી નથી તો મને શું કામ નડે ?'

**અમને અમારા ઓઘાની-સાધુપણાની અને તમને તમારા ચાંલ્લા-ચરવળા-શ્રાવકપણાની શરમ નડતી ન હોય તો કર્મસત્તા અમારી-તમારી કોઈનીય શરમ નહીં રાખે, એ નક્કી વાત છે.**

તમે અમારા વ્યાખ્યાનમાં આવતા હો, ધર્મક્રિયાઓ પણ કરતા હો અને અહીંથી ઊઠી બહાર જઈ લારી-ગલ્લા ઉપર ઊભા રહી ગમે ત્યારે, ગમે તે પેટમાં પધરાવતા હો તો સાચું કહો કે કર્મસત્તા તમારા ચાંલ્લા-ચરવળાની શરમ રાખશે?

આજ્ઞાને સમજ્યા વિના આ બધી વસ્તુ નહિ સમજાય માટે પહેલાં આજ્ઞા જાણવી છે, સમજવી છે, આરાધવી છે. આવું એક દૃઢ પ્રણિધાન નક્કી કરી લો તો આપણો આ બધો જ પ્રયત્ન સફળ બને, લેખે લાગે. આજ્ઞાના વિષયમાં હજી આગળ જઈ ઘણું કહેવું છે તે હવે અવસરે.

Z Z Z

# પ્રવચન બીજું

**'वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाऽऽराद्धाविराद्धा च, शिवाय च भवाय च ।।'**

**'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે તો વિરાધેલી આજ્ઞા ભવ (સંસાર) વૃદ્ધિ માટે થાય છે.'**

## 1 આજ્ઞાપાલનનો અનુપમ લાભ :

અનંત ઉપકારી, ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વીતરાગસ્તોત્ર નામના ગ્રંથરત્નમાં વીતરાગ પરમાત્માની સ્તવના કરતાં કહી રહ્યા છે કે :

**'આ જગતમાં સ્તવનીય, વંદનીય, પૂજનીય, મહનીય કોઈ પણ હોય તો એક માત્ર વીતરાગ પરમાત્મા જ છે અને એ વીતરાગ પરમાત્માની પૂજા કરતાં પણ તેમની આજ્ઞાના પાલનનું મહત્ત્વ વધુ છે.'**

તમે જાણતા હશો કે, આ આજ્ઞાની આરાધનાના પ્રભાવે જ પરમાત્માના શાસનને સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી



મહારાજાની ભેટ મળી છે. આ ભેટ જો વીતરાગ પરમાત્માના શાસનને ન મળી હોત તો જૈનશાસનને ચૌદસો ચુમ્માલીસ ગ્રંથરત્નો મળ્યા ન હોત, અને જૈનશાસનને જો એ ચૌદસો ચુમ્માલીસ ગ્રંથ ન મળ્યા હોત તો લોપ પામતા પૂર્વગત પદાર્થો જે મળ્યા છે, તે પણ ન મળ્યા હોત. પરમાત્માના શાસનને સૂરિપુરંદરની જે ભેટ મળી તેની પાછળ એક સાધ્વીજી ભગવંતનું યોગદાન કારણ હતું, આજ્ઞાપૂર્વકની એમની આરાધના-સ્વાધ્યાયસાધના કારણ હતું.

## 1 મર્યાદા-લાભનું કારણ :

**આજ્ઞાપૂર્વકની આરાધના કરનાર વ્યક્તિ ખૂણે બેસીને પણ આરાધના કરતી હોય તો તેનાથી ચોક્કસ પ્રકારનો લાભ થાય છે.** આજે તો એમ કહેવાય છે કે સાધ્વીજી ભગવંતોએ હવે જાહેરમાં આવવું જોઈએ.

હરિભદ્ર બ્રાહ્મણ પુરોહિત હતા. જે માર્ગથી જઈ રહ્યા હતા, ત્યાં વચ્ચે સાધ્વીજી મહારાજનો ઉપાશ્રય આવતો હતો. સાધ્વીજી ભગવંતો મંદ મંદ સ્વરે સ્વાધ્યાય કરી રહ્યાં હતાં :

**'चक्कीदुगं हरिपणगं पणगं चक्की य केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसी य  चक्की य ।।'**

રસ્તે જતાં હરિભદ્ર પુરોહિતના કાને એ સ્વાધ્યાયનો ઘોષ પડ્યો. ચક્રવર્તીઓ અને વાસુદેવો કયા ક્રમથી થતા હોય છે - તેનો નિર્દેશ કરતી આ ગાથા હતી. અર્થ વિચાર્યો છતાં અર્થ ન સમજાયો. જિજ્ઞાસા એટલી કે ઉપાશ્રયમાં શ્રી યાકિની મહત્તરા નામના મુખ્ય સાધ્વીજી ભગવંતને પૂછવા ગયા. સાધ્વીજી ભગવંતે 'અર્થનું વ્યાખ્યાન કરવાની અમારી મર્યાદા નથી. તમારે અર્થ જાણવો હોય તો અમારા આચાર્ય ભગવંત પાસે જઈ શકો છો.' એમ કહ્યું. હરિભદ્ર પુરોહિત સાધ્વીજી ભગવંતના કહેવાથી આચાર્ય મહારાજ પાસે ગયા અને એમાંથી જ ચારિત્ર ગ્રહણ કરી આગળ વધી આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી બન્યા. સાધ્વીજી મહારાજે મર્યાદાપાલનની આજ્ઞાનું જતન કર્યું તો આ પરિણામ આવ્યું. તત્ત્વ જાણવાની જિજ્ઞાસાનું ફળ ચારિત્ર મળ્યું.

આજે તમને વ્યાખ્યાનમાં કોઈ વાત ન સમજાતી હોય તે ટપકાવી લો અને પછી ગુરુભગવંત પાસે જઈને પૂછો તો થોડા સમયમાં તો તમે બધા બહુશ્રુત બની જાવ.

સાધુ ભગવંતોમાં જેમ **'ગીતાર્થ'**ની મહત્તા છે, તેમ શ્રાવકવર્ગમાં **'બહુશ્રુત'**ની મહત્તા છે. શાસનના કોઈ અગત્યના કાર્ય માટે અવસરે શ્રાવકોની સલાહ લેવાનું જરૂરી હોય તો કોની સલાહ લેવી ? શાસ્ત્રમાં તે માટે બહુશ્રુત શ્રાવકને પૂછવાનું કહ્યું છે.

**સભા :** *બહુશ્રુતનો અર્થ શું ?*

ગુરુ ભગવંતના શ્રીમુખે ઘણા આગમો-શાસ્ત્રો જેણે સાંભળ્યા હોય તે બહુશ્રુત કહેવાય. ગયા વર્ષે ભગવતી સૂત્ર સાંભળ્યું હોય તેમાં જે વર્ણન આવ્યું હોય અને બીજા વર્ષે આચારાંગસૂત્ર સાંભળે તેમાં જે વર્ણન આવે તે બેનો સમન્વય કરે, જે પદાર્થ ન સમજાય તેમાં ગુરુ ભગવંતને વિનયથી પૂછે કે, 'ભગવંત ! આમ કેમ ?' ગુરુ ભગવંત જવાબ આપે કે, 'એ વર્ણન સમભિરૂઢ નયની અપેક્ષાથી કહેવાયેલ હતું. જ્યારે આ વર્ણન એવંભૂત નયની અપેક્ષાથી છે.'

આ રીતે પૂછીને એ શંકાનું સમાધાન મેળવે. આ જે હું નય બોલ્યો એ નયનું વર્ણન કેટલાં સમજે ? તત્ત્વનું અર્થીપણું ખતમ થયું એટલે આ સ્થિતિ આવી. અર્થીપણું જો તમારામાં પ્રગટ્યું હોય તો આ બધું સાંભળી-જાણીને સંસારની અસારતા સમજાઈ જાત, મોક્ષની ઉપાદેયતા સમજાઈ જાત અને એ સંસારને છોડીને મોક્ષને મેળવવા માટે તમે સંયમ લેવા તૈયાર થઈ જાત.

હરિભદ્ર બ્રાહ્મણ અર્થ પૂછવા આવ્યા ત્યારે સાધ્વીજી મહારાજ પોતાની મર્યાદા ન ચૂક્યા, એમણે કહ્યું કે, 'અમારો કલ્પ નથી કે અર્થ બતાવીએ. હરિભદ્રજી ! અમારા આચાર્ય શ્રી જિનભદ્રસૂરીશ્વરજી મહારાજા નજીકના ઉપાશ્રયમાં બિરાજે છે, તેમની પાસે જાઓ તો તેઓ સમજાવી શકે', અને હરિભદ્ર પુરોહિતને પણ અર્થની જિજ્ઞાસા એટલી બધી હતી કે 'એ ગાથાનો અર્થ જે સમજાવે એના ચરણે જીવન સોંપવા એ તૈયાર હતા.' એ માટે સંયમ લેવા પણ તૈયાર હતા. જે માર્ગે હતા એ માર્ગ છોડવા પણ તૈયાર હતા. સત્યને જાણવાની કેવી તત્પરતા ?

જૈનધર્મના એ કટ્ટર દ્વેષી હતા. એકવાર માર્ગમાં જઈ રહ્યા હતા. સામેથી ગાંડોતુર બનેલો હાથી આવી રહ્યો હતો. જાન બચાવવા બીજો કોઈ ઉપાય ન મળતાં છેવટે માર્ગમાં આવતાં જિનમંદિરમાં પેઠા. વીતરાગ પરમાત્માની મૂર્તિ



ઉપર નજર પડી તે વખતે હૈયામાં ભરેલાં જૈનધર્મના કારમા દ્વેષથી મોઢામાંથી શબ્દો નિકળી પડ્યા કે,

**'हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमन्दिरम् । '**

**'હાથીના પગ નીચે ચગદાઈને મરવું સારું પણ જિનમંદિરમાં જવું સારું નહિ.'**

આટલા કટ્ટર વિરોધી-દ્વેષી એવા પણ હરિભદ્ર પુરોહિત ભગવાનના શાસનને અને તેના પરમાર્થને પામ્યા બાદ બોલે છે કે :

**'कथं अम्हारिसा जीवा, दूसमादोसदूसिया ।**
**हा अणाहा कहं हुंता, जइ न हुंति जिणागमो ।।'**

**'દુષમા કાળના દોષથી દૂષિત બનેલા અમારા જેવા જીવોને જો જિનાગમ ન મળ્યા હોત તો અનાથ એવા અમારું શું થાત ?'**

આવી અનુપમ કોટિની પરમાત્માની દ્વાદશાંગી છે. જેના પદે પદે અનંત અર્થો ભરેલા છે એ દ્વાદશાંગીને ભણવા માટે સર્વવિરતિ સ્વીકારવી પડે. તમે એ સર્વવિરતિ સ્વીકારી શકતા નથી તેથી દ્વાદશાંગી ભણી પણ શકતા નથી તો કમસે કમ એ દ્વાદશાંગીનાં રહસ્યો - પરમાર્થો જાણવા માટે પણ તમારા કોઈ મનોરથ ખરા મહાનુભાવ ?

## 1 મહારાજા કુમારપાળ : સિત્તેર વર્ષની ઉંમરે શાસ્ત્રાભ્યાસ :

મહારાજા કુમારપાળ ૫૦ વર્ષે રાજ્યગાદી ઉપર આવ્યા. ૨૦ વર્ષ રાજ્યને ઠીકઠાક કરવામાં ગયાં. ૭૦ વર્ષે પરમાત્માના શાસનને પામ્યા અને ત્યારબાદ તત્ત્વજ્ઞાનને મેળવવાનું મન થયું, ૭૦ વર્ષે પરમાત્માના શાસનના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આપણે હોઈએ તો શું કહીએ ? 'પાકે ઘડે કાંઠા ન ચડે !' મહારાજા કુમારપાળ ૭૦ વર્ષે પરમાત્માના શાસનને જાણવા સંસ્કૃત, પ્રાકૃતનો અભ્યાસ કર્યો, વ્યાકરણ ભણ્યું, સંસ્કૃતમાં સ્તુતિઓની સ્વયં રચના કરી, તમે તો સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભણ્યા નથી, પણ તમારા દીકરા-દીકરીને ભણાવો છો ખરા?

તાર આવે ને વાંચતાં ન આવડે તો બીજા પાસે વાંચવાની પરાધીનતા રહેતી તેથી તેમણે દીકરા-દીકરીને શું કહ્યું ? 'બેટા ! અમે તો અભણ રહ્યા, માટે વાંચી

પણ શકતા નથી. તમે ભણો,' અને એ માટે પેટે પાટા બાંધી દીકરા-દીકરીને અંગ્રેજી ભણાવનારા મા-બાપ છે કે નહિ ?

આજે તો મને કહે છે કે, 'મહારાજ સાહેબ ! સંસ્કૃત-પ્રાકૃતની વાત તો બાજુએ રાખો, ગુજરાતી ભણાવવાની વાત પણ ક્યાં છે ? કોન્વેન્ટમાં મોકલીએ છીએ !' આજે તમે તમારાં સંતાનોને શું ભણાવો છો ? એ ભણાવીને તમે તમારા સંતાનોનું હિત નથી કરતા પણ કારમું અહિત કરી રહ્યા છો. તમે તમારા સંતાનોનું જ અહિત કરી રહ્યા છો એમ નહિ પરંતુ તમે તમારા ખુદનું પણ અહિત કરી રહ્યા છો.

પરમાત્માના શાસનને જાણવા માટે દરેકે પોતાની ભૂમિકા-કક્ષા-યોગ્યતા મુજબનો જરૂરી અભ્યાસ કરી જ લેવો જોઈએ.

મહારાજા કુમારપાળ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાને કહે છે કે, 'ભગવંત ! મારે પરમાત્માના શાસનને પીછાણવું છું. મારા ઉપર અનુગ્રહ કરો, કોઈ ગ્રંથ રચી આપો.' અને કુમારપાળ મહારાજાની વિનંતીથી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે શાસનના સમસ્ત પદાર્થોની સમજ આપતા 'યોગશાસ્ત્ર' મહાગ્રંથની રચના કરી, વીતરાગ પરમાત્માનું સ્વરૂપ વર્ણવવા 'વીતરાગસ્તોત્ર'ની રચના કરી અને સમગ્ર જૈનશાસનના તેજસ્વી મહાપુરુષોનો ઇતિહાસ જાણવા માટે 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત્ર' ગ્રંથની રચના કરી.

આ ત્રણ ગ્રંથો કુમારપાળ મહારાજાએ માત્ર લખાવીને ભંડારમાં મૂકી નથી દીધા. પરંતુ આખા વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ કંઠસ્થ કર્યા, આખા યોગશાસ્ત્રના ૧૨ પ્રકાશ કંઠસ્થ કર્યા. જીવનમાં ધર્મ પામ્યા પહેલાં ૩૨ દાંતથી માંસાહાર વગેરે જે પાપો કર્યાં હતાં તેનું પ્રાયશ્ચિત્ત કરવા એ બત્રીસ દાંતની શુદ્ધિ માટે દાંતણ તરીકે વીતરાગસ્તોત્રના-૨૦ પ્રકાશ, અને યોગશાસ્ત્રના ૧૨ પ્રકાશ એમ ૩૨ પ્રકાશનો સ્વાધ્યાય દરરોજ કર્યા પછી જ પચ્ચક્ખાણ પારતા હતા, તેમજ ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર આખું વાંચી ગયા.

તમે રોજ શેનો સ્વાધ્યાય કરી પછી દાંતણ કરો ? બે પૈસાનું, બે આનાનું છાપું આજે કેટલાનું થયું ? બે રૂપિયાનું થયું...? જેમાં આત્માનું કશું ભલું ન થાય. એની પાછળ આ બધો ખર્ચો કરો છો પણ ધર્મનું એક પુસ્તક ન વસાવો, કદાચ પ્રભાવના વગેરેમાં આવી ગયું હોય તો પણ દિવાળીએ રેપર ખોલ્યા વગર



કાં તો દેરાસરના ભંડાર ઉપર અને કાં તો ઉપાશ્રયના ઓટલે ઢગલો કરી આવો. કાંઈ મેળ મળે છે ખરો ?

### ૧ સ્વાધ્યાયનો મહિમા :

શય્યંભવસૂરિજી મહારાજાએ મનક નામના પોતાના પુત્ર-શિષ્ય માટે **શ્રી દશવૈકાલિકસૂત્ર**ની રચના કરી. તેના સહારે માત્ર છ જ મહિનાના ટૂંકા ગાળામાં સંયમ જીવનની સુંદરતમ સાધના કરી શ્રી મનકમુનિએ સ્વ-શ્રેયઃ સાધી લીધું.

બે હજાર સાધુઓનો જેમનો પરિવાર હતો તે જગદ્‌ગુરુ આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા રોજ શ્રી દશવૈકાલિકસૂત્રનો સ્વાધ્યાય અચૂક કરતા. મારા પરમતારક ગુરુદેવના એક મહાન શિષ્ય આગમનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી માનતુંગસૂરિજી મહારાજાને શ્રી દશવૈકાલિકસૂત્રનો સ્વાધ્યાય કર્યા પછી જ પચ્ચક્ખાણ પારવાનો સંકલ્પ હતો અને છેક સુધી એ સંકલ્પ એમણે જાળવી રાખ્યો.

સ્વાધ્યાયના એ ગ્રંથોમાં મહાપુરુષોની જીવનભરની ઉત્તમ સાધનાનો પ્રાણ ધબકતો હોય છે. આવા ઉત્તમ ગ્રંથોના સ્વાધ્યાયથી આપણી રાગ-દ્વેષની વાસના, કષાયોની આગ શાંત થવા માંડશે. હૃદયના બહુમાનપૂર્વક અને શાસ્ત્રની વિધિપૂર્વક આ સ્વાધ્યાય કરવાનો હોય છે.

અનુયોગદ્વાર સૂત્રમાં **'तच्चित्ते, तम्मणे, तल्लेसे, तदज्झवसिए....'** વગેરે જે કહ્યું છે તે રીતે જો સ્વાધ્યાય કરાય તો અપૂર્વ આનંદની અનુભૂતિ થાય. સંવેગ નિર્વેદની છોળો ઉછળે. આ રીતે જે સ્વાધ્યાય કરે તેને ભગવાનની આજ્ઞા સમજાય.

ભગવાનની આજ્ઞા કઈ ? અનાદિ અનંતકાળ માટેની ભગવાનની એક આજ્ઞા જ છે - અને તે એ છે કે,

**'आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ।'**

**'આશ્રવ સર્વથા હેય છે, એક માત્ર સંવર ઉપાદેય છે.'**

### ૧ આશ્રવ એ સંસારનું કારણ છે, સંવર એ મોક્ષનું કારણ છે :

આશ્રવનો સીધો સાદો અર્થ – જે પ્રવૃત્તિ કરવાથી આત્મામાં નવાં નવાં કર્મોનું આગમન થાય – આત્મા સાથે નવાં નવાં કર્મ બંધાય તે આશ્રવ.

જો પ્રથમ કર્મગ્રંથનો પણ તમે અભ્યાસ કર્યો હોત તો તમને કઈ કઈ પ્રવૃત્તિથી કેવાં કેવાં કર્મ બંધાય છે, અને તેના વિપાકો-ફળો-પરિણામો કેવાં કેવાં હોય તેની ખબર પડત. માટે તો ઘણીવાર મેં તમને કહ્યું કે એકવાર પંચપ્રતિક્રમણ-સૂત્ર, જીવવિચાર અને નવતત્ત્વનો અભ્યાસ અર્થ સાથે કરી લો. જૈનશાસનની આ S.S.C. છે. કોઈ પણ અભ્યાસ કરવો હોય તેના પાયામાં આ છે. કોઈ પણ લાઈનમાં જવું હોય તો જેમ S.S.C. જરૂરી તેમ જૈનશાસનની કોઈ પણ શાખામાં આગળ વધવું હોય તો આટલું જરૂરી છે.

યોગમાર્ગનો આખો પાયો પંચપ્રતિક્રમણ-સૂત્રમાં છે. પાંચ પ્રતિક્રમણનો સૂત્રથી, અર્થથી અને તદુભયથી અભ્યાસ કરી લો. તેમાંથી સીધા તમે યોગમાર્ગમાં પ્રવેશ કરી શકો છો. એક નવકાર મંત્રમાં પણ કેટલું છે ? જાણો છો ?

## ૧ ચૌદ પૂર્વનો સાર નવકાર :

**'સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર....'**

આજ સુધીમાં કેટલા નવકાર ગણ્યા ? એ સાર હાથમાં આવ્યો ? એમાં પણ સૌથી પહેલાં શું આવે ? 'નમો'... એટલે શું ? બોલો ! આખો જીવનનો ઝુકાવ બદલી નાંખવો પડે, જીવનનો જે ઝુકાવ સંસાર પ્રત્યે છે, તે પંચપરમેષ્ઠિ પ્રત્યે કરવો પડે. જે વ્યક્તિ પોતાની જાતને 'નમો અરિહંતાણં' વગેરે બોલી, પંચપરમેષ્ઠિના ચરણે સમર્પિત કરે, ત્યારે એને એમ થાય કે 'મારી જાત મેં પંચપરમેષ્ઠિને સમર્પિત કરી હવે સંસાર માટે એનો ઉપયોગ શી રીતે કરું ?' કર્મોદયે કદાચ કરવું પડે તો પણ જાતનો ઉપયોગ સંસાર માટે કરતાં એનું હૈયું ફફડતું હોય.

નવકાર ગણનારને ગમે ત્યાં મૂકી દો, એનું હૈયું ક્યાં હોય ? પંચપરમેષ્ઠિમાં કે સંસારમાં ? અને પુણ્યશાળી ! તમારું હૈયું ક્યાં ? નહિ બોલો ? તમે કદાચ નહિ બોલો પણ મને ખબર છે. તમારું હૈયું ક્યાં હોય તે ! સાચું બોલજો, ચોવીસ કલાક પંચપરમેષ્ઠિમાં તમારું હૈયું છે ?

આશ્રવથી બચાવનાર પંચપરમેષ્ઠિ છે અને સંવરનું શરણું આપનાર પણ પંચપરમેષ્ઠિ છે.



પરમાત્માના શાસનના શ્રાવકોને સંસાર સાથે જન્મજાત વેર હોય. સાપ અને નોળિયો – બેને જન્મજાત વેર હોય પણ નોળિયો વસે ક્યાં ? નોળવેલ નામની વનસ્પતિ હોય ત્યાં. ઝપાઝપીમાં સાપ નોળીયાને ડંખ મારે કે ઝટ નોળિયો સાપને છોડી નોળવેલ વનસ્પતિ જ્યાં હોય ત્યાં દોડી જાય, નોળવેલને સુંઘી લે, તેથી સર્પનું વિષ તેને ચડે નહિ. નોળિયો સાપ સાથે લડાઈ કરે અને બે-ચાર ડંખ લાગે કે તરત દોડતો નોળવેલ પાસે જાય; તેમ પરમાત્માના શાસનના શ્રાવકોને પણ સંસાર સાથે જન્મજાત વૈર હોય. એટલા માટે એ જિનમંદિર, ઉપાશ્રયરૂપી નોળવેલ જ્યાં હોય ત્યાં વસે. સંસારનું જેવું વિષ ચડ્યું કે જાય જિનમંદિરમાં, પરમાત્માનાં દર્શન-પૂજન-પ્રાર્થના કરે અને મોહનું-સંસારનું ઝેર ઊતારે, વળી પાછો સંસારમાં જવું પડે તો જાય, ફરી ઝેર ચડે, તો એને ઊતારવા ઉપાશ્રયે સદ્ગુરુ ભગવંતો પાસે આવે, જિનવાણી સાંભળી મોહ-સંસારનું ઝેર ઊતારે.

તમારો સંસાર સાથે ઝઘડો-કલહ ચાલુ છે ? સંસારમાં પ્રતિપળ આશ્રવ થાય છે, એ જાણો છો ?

સંસાર સેવતાં તમને વિચાર આવે છે ખરો કે – આ સંસાર મને ક્યાં લઈ જશે?

આશ્રવના દ્વાર કયાં કયાં તે જાણો છો ? મહાનુભાવ !

મિથ્યાત્વ જેમ આશ્રવનો દરવાજો તેમ અવિરતિ, કષાય, પ્રમાદ, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન આ બધા આશ્રવના જ દરવાજા છે. આ મેં યોગશાસ્ત્ર અને વીતરાગસ્તોત્ર ગ્રંથની ભાષામાં વાત કરી, નવતત્ત્વ ગ્રંથની ભાષામાં વાત કરવી હોય તો આશ્રવના દ્વાર કેટલાં ? બેંતાલીશ – બેંતાલીશ દ્વારમાંથી એકસરખો આશ્રવનો ધોધ આપણા આત્મામાં જ્યારે આવતો હોય ત્યારે આપણી હાલત કેવી થાય ? વહાણમાં બેઠા હોઈએ અને એકી સાથે બેંતાલીશ કાણામાંથી પાણી ધસી આવતું હોય તે વખતે બુમ પાડોને કે, 'ભગવાન ! બચાવો – ભગવાન ! બચાવો...' તેમ આપણે જે નાવમાં બેઠા છીએ તેમાં એકસાથે બેંતાલીશ કાણામાંથી આશ્રવરૂપ પાણી આવી રહ્યું છે. માટે તો કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ વીતરાગસ્તોત્ર નામના ગ્રંથરત્નમાં પરમાત્માને કહી રહ્યા છે કે –

'स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ।।'

**"હે નાથ ! પોતાનાં કરેલાં પાપોની ગર્હા (નિંદા) કરતો અને સુકૃતની અનુમોદના કરતો શરણ વિનાનો હું આપના ચરણોનું શરણ સ્વીકારું છું."**

મહાપુરુષે સ્તવનમાં પણ ગાયું છે કે – **'જિન તેરે ચરણ કી શરણ ગ્રહું....'**

જે વ્યક્તિને આશ્રવનો ભય લાગે તેને પરમાત્માના શરણે જવાનું મન થાય. આપણે તો ભગવાનને પણ કહીએ કે ભગવાન મહેરબાની કરો અને મને દુકાન નામનો આશ્રવ, પત્ની નામનો આશ્રવ, પુત્ર નામનો આશ્રવ આપી દો.

## ı આશ્રવના પ્રકારો :

દુકાન, ઘર, પુત્ર-પુત્રી, ફર્નીચર, જમાઈ, તમારું ભાણું, એરકંડીશન, ફ્રીઝ, ફોન, ટી.વી., ફેક્સ, રેડિયો, પંખો, લાઈટ.... કેટકેટલા આશ્રવનાં સાધનો છે ? હજારો લાખો આશ્રવોના પ્રકારો છે. જ્ઞાનીઓએ તે બધા પ્રકારોનો સમાવેશ આ બેંતાલીસ પ્રકારમાં કર્યો છે.

આ આશ્રવોના કારણે જીવો સંસારના ઊંડા કુવામાં પડીને ખૂંપી ગયા છે. સદ્ગુરુભગવંતો રજોહરણરૂપી દોરડું લઈને તેમને એ સંસારકૂપમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરે છે, પણ રજોહરણરૂપી દોરડાને તે પકડે તો સંસારકૂપમાંથી બહાર નીકળી શકે ને ?

## ı મધુબિંદુનું દૃષ્ટાંત :

શાસ્ત્રમાં મધુબિંદુનું એક સુંદર દૃષ્ટાંત આવે છે. એક માણસ જંગલના રસ્તે જઈ રહ્યો હતો. એમાં ગાંડોતુર જંગલી હાથી પાછળ પડી ગયો. માણસ જાન બચાવવા દોડ્યો. હાથી વેગથી નજીક જઈ રહ્યો હતો. બચવાનો કોઈ ઉપાય રહ્યો નહીં, છેવટે સામે વડનું મોટું ઝાડ દેખાયું. વડવાઈઓ લટકી રહી હતી. વેગથી વડવાઈ પકડીને એ ઉપર ચડી લટકી રહ્યો.

હાથીએ જોયું કે હવે હાથમાંથી ગયો એટલે વધારે ગુસ્સે થઈ વટવૃક્ષને જ મૂળમાંથી ઉખેડી દેવા સૂંઢથી પકડી પૂરી તાકાતથી હલાવવા લાગ્યો.



આ બાજુ પેલાએ નીચે નજર કરી. જ્યાં એ લટકી રહ્યો હતો, તેની બરાબર નીચે મોટો-ઊંડો કૂવો હતો. તેની બરાબર મધ્યમાં મસમોટો અજગર મોઢું ફાડીને એને ખેંચવા પ્રયાસ કરી રહ્યો હતો. કુવાના ખૂણામાં ચારે બાજુ એક એક કાળા ફણીધર એને ડંખ મારવા તૈયાર જ બેઠા હતા.

ઉપર નજર કરી તો જે વડવાઈને પોતે પકડી લટકતો હતો તેને બે બિલાડીના બચ્ચા જેવડા મોટા ઉંદરો મૂળમાંથી કાપવાની કોશિશ કરી રહ્યા હતા. બરાબર એની જ ઉપરના ભાગમાં એક મોટો જંગલી મધપૂડો હતો. ઝાડ હાલવાથી છંછેડાઈ ગયેલી જંગલી માખીઓ એના ઉપર તૂટી પડી. ચારે બાજુ મોત-મોત અને મોત જ દેખાવા લાગ્યું. એવામાં છંછેડાયેલા મધપૂડામાંથી મધનું એક ટીપું એના કપાળ પર પડ્યું. ધીમે ધીમે નીતરીને એના નાક ઉપર અને ત્યાંથી એના મોઢાં સુધી આવ્યું. જીભથી એનો સ્વાદ માણ્યો – મીઠો-મધૂરો એ સ્વાદ હતો. સ્વાદ માણવામાં ચારે બાજુની મરણપ્રાયઃ વેદનાઓ ભૂલાઈ ગઈ. થોડીવારમાં બીજું ટીપું પડ્યું. એ જ ક્રમ ચાલ્યો. સ્વાદ આવ્યો.

એ જ વખતે આકાશમાંથી એક વિદ્યાધર પોતાની પત્ની સાથે વિમાનમાં જઈ રહ્યો હતો. તે બન્નેએ આ દૃશ્ય જોયું. વિદ્યાધરીએ કહ્યું કે, 'તમે આને બચાવી લો. બિચારો મરી જશે' વિદ્યાધરે વિમાન નીચે લાવ્યું. તેને કહ્યું, 'ભાઈ ! તને બચાવવા આવ્યો છું. ચાલ બેસી જા વિમાનમાં. તું કહે ત્યાં છોડી દઉં.' એટલી જ વારમાં મધનું બિંદુ કપાળ પર ટપક્યું ને નીચે ઉતરવા લાગ્યું. સ્વાદમાં આસક્ત બનેલા તેણે કહ્યું કે, 'ક્ષણવાર થોભી જાઓ, આ બિંદુ મારા મોંઢામાં આવે પછી જઇએ.' વિદ્યાધર ક્ષણવાર થોભી ગયો. એટલામાં બીજું બિંદુ ટપક્યું અને ફરી બોલ્યો, 'આને ચાટી લેવા દો' – વિદ્યાધર ક્યાં સુધી રાહ જુએ ? નિકળી ગયો. પરિણામ શું આવ્યું હશે તે સમજી શકાય તેવું છે.

તેમ તમને કેટલા ગુરુમહારાજ ઉગારવા આવ્યા, પણ તમે બધાને શું કહ્યું ? 'સાહેબ ! હમણાં રહેવા દો ! થોડીવાર ભોગવવા દો !' પરિણામ શું આવે ? આપણને બધાને કેવા ધુરંધર આચાર્ય ભગવંતો વગેરે બચાવનારા મળ્યા છતાં આ આશ્રવરૂપી હાથી, ફણીધર, અજગર, ઉંદર અને જંગલી મધમાખીઓ વચ્ચે આપણે બધા ફસાયેલા છીએ.

મારે આજે વધુ નથી કહેવું. માત્ર બે વાતો તમને કહેવી છે.

**૧ – જેનાથી કર્મનો આશ્રવ બંધ થાય તે તમામ પ્રવૃત્તિ ઘટાડવા પ્રયત્ન કરો.**

**૨ – જેનાથી કર્મનો નાશ થાય તે તમામ પ્રવૃત્તિ વધારવા પ્રયત્ન કરો.**

દરરોજ વિચાર કરો કે -

1કર્મનો આશ્રવ થાય એવી કઈ કઈ પ્રવૃત્તિ છે કે જેને હું શક્ય પ્રયત્ને છોડી શકું?

1કર્મનો નાશ થાય એવી કઈ કઈ પ્રવૃત્તિ છે કે જેને હું શક્ય પ્રયત્ને આરાધી શકું ?

રાત્રે પણ આ જ વિચાર કરો કે – કઈ પ્રવૃત્તિથી મને કર્મ બંધાય છે અને કઈ પ્રવૃત્તિથી મારાં કર્મ છૂટે ? કર્મનો નાશ થાય એવી કઈ કઈ પ્રવૃત્તિની આજે મેં ઉપેક્ષા કરી ? કર્મનો બંધ થાય એવી કઈ કઈ પ્રવૃત્તિ આજે મેં આદરી ?

આ બે ડોઝ અનંતજ્ઞાનીએ આપણને આપ્યા છે. એક ડોઝ સવારે લેવાનો છે. એક ડોઝ સાંજે-રાતે સૂતાં પહેલાં લેવાનો છે.

જ્ઞાની ભગવંતો આપણા સૌના માનસિક અને આત્મિક રોગનાશ માટે આપણને આ ઉપાયો બતાવી રહ્યા છે. આપણને માનસિક અને આત્મિક એટલા બધા રોગો લાગુ પડ્યા છે કે આ ઉપાયોનું સમ્યક્ સેવન નહિ કરીએ તો એ રોગ વકર્યા વગર નહિ રહે.

આ રોગને નાબૂદ કરવા માટે – ટાળવા માટે – વકરતો અટકાવવા માટે પંચસૂત્રકાર ભગવંત કહી રહ્યા છે કે –

**'भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे'**

**'સંક્લેશમાં વારંવાર અને અસંક્લેશમાં ત્રણ કાળ'**

માનસિક સંક્લેશ થાય – ચિત્ત આર્ત્ત-રૌદ્રધ્યાનને વશ થાય ત્યારે વારંવાર પંચપરમેષ્ઠિનું શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનારૂપી ઔષધનું સેવન કરવાનું અને જ્યારે આવો કોઈ સંક્લેશ ન હોય ત્યારે પણ ત્રિકાળ (સવારે-બપોરે-સાંજે) આનું સેવન કરવાનું. અનુકૂળતામાં રતિ થાય એ પણ સંક્લેશ છે અને પ્રતિકૂળતામાં અરતિ થાય એ પણ સંક્લેશ છે. મન આર્તધ્યાન કે રૌદ્રધ્યાનને વશ થાય એ પણ સંક્લેશ છે. આ સંક્લેશને દૂર કરવાનું, નષ્ટ



કરવાનું દુષ્કૃત ગર્હા વગેરે પરમ ઔષધ છે.

મારે એટલું જ કહેવું છે કે આગળ કહેલી બે વાતનો વિચાર કરજો અને શક્ય પ્રયત્ને અમલમાં મૂકવાનું ચૂકશો નહિ.

આચાર્ય ભગવંત રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાનો બનાવેલ 'શ્રાદ્ધવિધિ ગ્રંથ' છે કે જેનો ગુજરાતી અનુવાદ પણ થઈ ગયો છે, એ ગ્રંથ વાંચશો તો એમાંથી ભગવાને તમારા યોગ્ય કઈ કઈ આજ્ઞાઓ બતાવી છે તેનું વિગતવાર વર્ણન જાણવા મળશે. ગુરુગમથી એ વાંચશો તો તમને ઘણો લાભ થશે. જીવનમાં ઉત્તમ એવી આજ્ઞાની આરાધના કરી, એની વિરાધના જરાપણ ન થાય તેનું લક્ષ રાખી, જીવન એવું આજ્ઞામય બનાવીએ કે જેથી તમે, અમે, આપણે સૌ અલ્પકાળમાં અનંત દુઃખમય આ સંસારનો ક્ષય કરી અનંત સુખમય પરમપદના-મોક્ષના ભોક્તા બનીએ.

Z Z Z

# પ્રવચન ત્રીજું

**'वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।'**

**'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે તો વિરાધેલી આજ્ઞા ભવ (સંસાર) વૃદ્ધિ માટે થાય છે.'**

## 1 આજ્ઞાયોગની દુર્લભતા :

અનંત ઉપકારી, ચરમતીર્થપતિ, શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, વીતરાગસ્તવ નામના મહાગ્રંથરત્નની રચના કરતાં કહી રહ્યા છે કે,

**હે વીતરાગ ! આપની પૂજા કરતાં પણ આપની આજ્ઞાનું પાલન પરમ કલ્યાણકારી છે. કારણ કે આપની આરાધેલી આજ્ઞા મોક્ષ ફળ આપે છે અને વિરાધેલી આજ્ઞા સંસાર ફળ આપે છે.**

આ જગતમાં સ્તવના કરવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, પૂજન કરવા યોગ્ય એક માત્ર વીતરાગ-સર્વજ્ઞ-અરિહંત પરમાત્મા છે.



એ જ રીતે વીતરાગ પરમાત્માનો અનુયાયી એવો ચારે પ્રકારનો સંઘ પણ સ્તવનીય, વંદનીય, પૂજનીય, બને છે; જો તે વીતરાગ પરમાત્મા આજ્ઞાનો આરાધક હોય તો !

ગ્રંથકાર ભગવંત સ્તવના કરતાં કહી રહ્યાં છે કે,

**'तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।**
**इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ।।'**

**"વીતરાગ પરમાત્માની સ્તોત્ર-સ્તવના દ્વારા પોતાની વાણીને પવિત્ર કરું છું. આ સ્તવના કરવી એ જ ભવાટવીમાં જન્મ પામનારના જન્મનું ફળ છે."**

આ જ વાતને વધુ સ્પષ્ટ કરતાં વૃત્તિકાર મહર્ષિ લખે છે કે,

આજ સુધીમાં આ જીભનો ઉપયોગ સ્તવના ન કરવા યોગ્યની સ્તવના કરવામાં કર્યો છે. આજે સ્તવના કરવા યોગ્ય વીતરાગ પરમાત્માની સ્તવના કરું છું. આવા મહાન સ્તોત્રગ્રંથમાં કલિકાલ સર્વજ્ઞશ્રીજી વીતરાગ પરમાત્માની સ્તવના કરતાં કરતાં આગળ વધીને હવે વીતરાગ પરમાત્માની આજ્ઞાની પણ સ્તવના કરી રહ્યા છે.

'હે ભગવંત ! તમારી પૂજા ઘણી મહત્ત્વની છે, કલ્યાણને કરનારી છે પણ એના કરતાં પણ વધુ મહત્ત્વ તમારી આજ્ઞાના પાલનનું છે.' વીતરાગ પરમાત્માની દ્રવ્યપૂજા જરૂર મહત્ત્વની છે પણ એકાંતે કલ્યાણ કરે જ, એકાંતે મોક્ષ સુધી લઈ જાય જ એવું નથી, જ્યારે આજ્ઞા પાલનમાં એવી તાકાત છે કે એકાંતે કલ્યાણ કરે, મોક્ષ સુધી લઈ જાય અને જ્યાં સુધી એ અંતિમ પરિણામ ન આવે ત્યાં સુધી સદ્ગતિ આપે અને દુર્ગતિનાં દ્વાર બંધ કરે. કારણ કે આ આજ્ઞાપાલન એ ભાવપૂજા સ્વરૂપ છે.

1 પરમાત્માની પૂજા અભવી – ભારે કર્મી પણ કરી શકે છે, પરંતુ પરમાત્માની આજ્ઞાનું પાલન તો ચરમાવર્તમાં આવેલો – ભવ્ય-લઘુકર્મી આત્મા જ કરી શકે છે.

1 જે વ્યક્તિને આજ્ઞાની સમજ, તેની સાચી શ્રદ્ધા અને તેના પ્રત્યે હૈયાનો બહુમાનભાવ જાગ્યો હોય એવો જ આત્મા આજ્ઞાની આરાધના કરી શકે.

આજ્ઞાની આરાધના કરીને આજ સુધીમાં અનંત આત્માઓ મોક્ષે ગયા છે, અનેક આત્માઓ મોક્ષે જઈ રહ્યા છે અને ભવિષ્યમાં અનંતા આત્માઓ મોક્ષે જશે.

1 જેણે આજ્ઞાની આરાધના કરી તેના માટે આજ્ઞા મોક્ષનું કારણ બની.

1 જેણે આજ્ઞાની વિરાધના કરી તેના માટે આજ્ઞા સંસારનું કારણ બની.

આપણે આટલા વર્ષોમાં પરમાત્માની આજ્ઞાને સમજવાનો, તેનો આદર કેળવવાનો તેના ઉપર બહુમાન રાખવાનો કેટલો પ્રયત્ન કર્યો ?

## 1 આજ્ઞા વિના બધું નકામું :

ભગવાન સાધુઓને માટે પણ કહે છે કે, જે સાધુના હૃદયમાં આજ્ઞાનો આદર નથી તેમનું સંયમ જીવન પણ ઘોર કષ્ટરૂપ-મજૂરીતુલ્ય છે. પશુ જેમ અપાર કષ્ટ વેઠે છે, તેમ તે પણ માત્ર કષ્ટ વેઠે છે. પશુના કષ્ટમાં અને સાધુના કષ્ટમાં કશો જ તફાવત નથી. માટે જ ૩૫૦ ગાથાના શ્રી સીમંધર સ્વામીની વિનંતી સ્વરૂપ સ્તવનમાં લખ્યું કે –

**"જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારો;**
**ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો."**

જેમ આજ્ઞાપાલન વિનાના સાધુપણાના કષ્ટોની પણ કિંમત નહિ તેમ આજ્ઞા પ્રત્યેના આદર વગરના શ્રાવક જીવનની કરણીની પણ કિંમત નહિ.

ઓઘો લઈએ તો કલ્યાણ જરૂર થાય પણ ક્યારે ? આજ્ઞા પાલનપૂર્વક ઓઘાનો અંગીકાર થાય અને ઓઘો લઈને જીવનભર આજ્ઞાનું પાલન થાય તો જ ઓઘાથી કલ્યાણ થાય. જીંદગીભરની દીક્ષા પાળ્યા પછી પણ જો આજ્ઞાપાલન ન કરાય તો સાધુ પણ સદ્ગતિમાં ન જઈ શકે અને એમનાં દુર્ગતિનાં દ્વાર બંધ પણ ન થાય, તો આજ્ઞાની ઉપેક્ષા કરીને સંસારીઓ જે થોડી ઘણી આરાધના કરે એટલા માત્રથી એમની સદ્ગતિ થાય અને દુર્ગતિ બંધ થઈ જ જાય એ શું શક્ય છે ?

શું તમને ભગવાને કે કોઈ ગુરુ ભગવંતે મોક્ષે લઈ જવાનો કોલ-કરાર આપ્યો છે? તમે આટલા બધા નિશ્ચિંત કેમ છો ? એ મારે તમારી પાસે જાણવું છે. આ વાત સાંભળીને ચિંતા થવી જોઇએ પણ તમારા ચહેરા ઉપર મને દેખાતું નથી કે તમે ચિંતામાં છો !



ત્રણ જાતના વેપારીઓ હોય છે.

**૧.** જેને બધુ ગોઠવાઈ ગયું હોય તે નિશ્ચિંત હોય.

**૨.** વેપાર માંડ્યો જ ન હોય એ પણ નિશ્ચિંત હોય.

**૩.** વેપાર માંડીને બેઠો હોય પણ કમાવા-કરવાનું લક્ષ્ય ન હોય એ પણ નિશ્ચિંત હોય.

આ ત્રણે નિશ્ચિંત હોય જ્યારે ચોથો પ્રકાર એક એવો પણ છે કે વેપાર માંડ્યો પણ હજી ભલીવાર આવ્યો નથી તેથી ચિંતામાં હોય, શું કરું ? કોને પૂછું? કોની સલાહ લઉં ? કઈ રીતે ધંધો કરું કે જેથી નફો કરી શકાય - એવા વિચારમાં હોય ? તમારો નંબર શેમાં ? તમે બધાએ શું મંથન કર્યું, ગત ચાતુર્માસમાં ચાર મહિના વાવવા જેવું વાવીને ગયો હતો. મને એમ હતું કે આટલા દિવસોમાં 'મોલ' આવ્યો હશે તે આ ચાર દિવસમાં લણીને જઇશ પણ મને કહો તમારી પરિસ્થિતિ શું છે મહાનુભાવ ?

## 1 આજની ચિંતાનું કારણ પૈસો :

**સભા :** *સાહેબ ! પૈસો કમાવા સિવાય અમને કશામાં રસ જ પડતો નથી.*

પૈસો તમને મોક્ષમાં લઈ જવાનો છે ? ભગવાનનો શ્રાવક બોલે ખરો કે પૈસો કમાવા સિવાય કશામાં રસ નથી પડતો. જે પૈસાની પાછળ પડ્યા તે બધા જ પાયમાલ થયા છે. એક પૈસાના કારણે જ માણસને કેવાં કેવાં પાપો કરવાં પડે છે, એ તમે જાણો છો ? નામની આગળ શાહ લગાવતા, શાહુકાર ગણાતા માણસો જૂઠું બોલતાં ક્યારથી શીખ્યા ? રૂડા રૂપાળા ચહેરાવાળા માણસોના જીવનમાં હાથ અજમાવવાનું ક્યારથી શરૂ થયું ? એક મા-બાપના દીકરા સગા ભાઈ ભાઈ વચ્ચેનો ક્ષુદ્ર બાબતો માટેનો સંકલેશ, પિતા-પુત્ર વચ્ચેનો સંકલેશ, ક્યારથી શરૂ થયો ? તમારું બ્લડ-પ્રેશર, ટેન્શન, તનાવ-ડીપ્રેશન ક્યારથી વધ્યું ? આનો મને જવાબ આપશો ખરા ? આજે ચિંતા કોને નથી ? પૈસો ન હોય તેને 'પૈસા નથી' એની ચિંતા, પૈસો હોય તેને 'સગો દીકરો પણ ભોગવી ન જાય' તેની ચિંતા. તમે વીલ કેમ બનાવો છો ? મર્યા પછી શું કરવું તેની ચિંતા ! દીકરાને આપે છે તે પણ પૈસો ભેગો લઈ જવાતો નથી માટે; બાકી લઈ જવાતો હોત તો કાંઈ બાકી રાખો ખરા ? આ પૈસાના પાપે આજે ઘણા ખરા શ્રાવક હોવા છતાં શ્રાવક ન રહ્યા... ન હોય એના જીવનમાં બે ટાઇમનું પ્રતિક્રમણ, ન હોય

ત્રિકાળ પૂજા કે ન હોય નિત્ય ગુરુવંદન. શ્રાવક તરીકે ઓળખાવનારા પણ પૂજારી શેના ?

અહીં જે બધા શ્રાવકો કટાસણાં ઉપર બેઠા છે તે અમને બહુ ગમે છે. બજારમાં જઈને પેઢી કે ઑફિસની ખુરશી કે ગાદી ઉપર બેસે તે ગમતું નથી. અમે અહીં પાટ ઉપર બેઠા છીએ તે તમને ગમે પણ એના બદલે કોઈ ખુરશી ઉપર ગોઠવાયા હોઇએ તો તે તમને ગમે કે ન ગમે ? તેમ જેની પાસે આજીવિકાનું સાધન ન હોય તે બજારમાં જાય તે હજી બને પણ આજીવિકાની ચિંતા ન હોય છતાં બજારમાં જાય એ ગમે ?

**સભા :** *સાત પેઢી સુધી ચાલે તેટલું છે.*

તોય એકોત્તેર પેઢી સુધી ચાલે એટલું કમાવવાની લોભવૃત્તિ જીવતી છે, એ મને ખબર છે.

પરમાત્મા શ્રી મહાવીર દેવ આ અવનીતલ ઉપર સદેહે વિચરતા હતા, ત્યારે કેવા કેવા મહાનુભાવોએ - પુણ્યાત્માઓએ આ સંસારનો ત્યાગ કર્યો હતો તે તમે નથી જાણતા ? રાજાઓ-મહારાજાઓ, મંત્રીઓ-સેનાપતિઓ, શ્રેષ્ઠીઓ અને શ્રેષ્ઠીપુત્રોએ પ્રભુની એક દેશના સાંભળીને દીક્ષાનો સ્વીકાર કર્યો ? બધું જ છોડ્યું ? હવે મને કહો કે જે લોકો ચોવીસ કલાક પૈસા પાછળ કર્તવ્ય માનીને દોડે છે તેને શાસનના માની શકાય ખરા ? જે શાસન અર્થ-કામને છોડવાની જ વાત કરે, મેળવવાની વાત ન કરે તે શાસનના આરાધક કહેવાતાઓ છોડવા લાયક એવા અર્થ-કામને મેળવવા જેવાં માનીને તેની પાછળ જ જીવન બરબાદ કર્યા કરે તો કઈ રીતે શાસનમાં આવી શકે ?

ઉપાસક દશાંગ સૂત્રમાં કહ્યું છે કે, આનંદ અને કામદેવ મહાઋદ્ધિશાળી હતા. એક જ વાર ભગવાનની દેશના સાંભળતાં અર્થ-કામની અનર્થકારિતા સમજાણી, પરિગ્રહની ભીષણતા-નરકગામિતા સમજાઈ અને તરત અભિગ્રહ ગ્રહણ કર્યો કે 'ભગવંત ! આજ સુધીમાં અમારી પાસે જે છે તેમાં હવે રાતી પાઇનો પણ વધારો નહિ થાય.' આ તો એક જ પરિગ્રહ પરિમાણ અણુવ્રતની વાત કરું છું. આવા તો સમ્યક્ત્વમૂલ બારે બાર વ્રતો ગ્રહણ કર્યાં. આજે આપણને આવા પુણ્યશાળીનાં દર્શન થાય ખરાં કે 'હમણાં એની પાસે જે છે તેમાં એ રાતી પાઇનો પણ વધારો નહિ કરે.'



ભૂતકાળમાં મહાપુરુષોએ વસ્તુપાળ, તેજપાળ જેવા શ્રાવકોનાં ચરિત્રો લખ્યાં, આજે અમને પણ લખવાનું મન થાય તો કોનાં લખીએ ? અને શું લખીએ ?

મારા પરમ તારક ગુરુદેવશ્રી મહાપુણ્યના નિધાન હતા. તેઓ બોલી શકતા કે 'પૈસાની પાછળ દોટ મૂકનારો ભૂતની જેમ ભટકે છે.' આ ચોયણાની ભાષાના શબ્દો છે. આવો કડક શબ્દ સાંભળતાં કોઈ યોગ્ય આત્માને સ્પર્શી જાય અને માંહ્યલો જાગી જાય તો કામ થઈ જાય. જ્ઞાનીઓએ તો ઠેર ઠેર કહ્યું છે કે, 'મહાઆરંભ અને મહાપરિગ્રહ સીધાં નરકનાં દ્વાર છે.'

તમને કોઈ 'મીલ માલિક' કહે તો નીચું જોવાનું મન થાય ખરું ? કોઈ 'કોટીપતિ' કહે તો નીચું જોવાનું મન થાય ખરું ? કોઈ 'અબજોપતિ' કહે તો નીચું જોવાનું મન થાય ખરું ?

મારા ભગવાનના શ્રાવકને કોઈ મીલ માલિક-કોટિપતિ કે અબજોપતિ કહે તો એને 'કોઈએ ગાળ આપી હોય' એવું લાગે ! આજે એ મોભો ગણાય છે. પણ જ્ઞાનીઓ ના પાડે છે. આજ્ઞાની ઉપેક્ષા જેમાં છે, એવાં આ બિરૂદો કાંઈ મોભો ન હોઈ શકે.

## ૧ પુણીયો શ્રાવક :

પુણીયા શ્રાવક પાસે આમાંનું કાંઈ પણ નહિ હોવા છતાં એ ગૌરવપૂર્વક રહેતો હતો. વેપારીઓ એની દયા ખાઈ એને સસ્તા ભાવમાં રૂની પુણી આપવા લાગ્યા તો પણ એણે લેવાની ના પાડી, કોઈની પણ મહેરબાની ઉપર જીવવાની એની ઇચ્છા ન હતી.

તેને મન તેના સામાયિકની પણ કેવી કિંમત હતી કે ખુદ મગધના માલિક મહારાજા શ્રેણિક તેના આંગણે આવ્યાં, તે વખતે તે સામાયિકમાં બેઠો હતો અને તેની શ્રાવિકાએ ત્યારે કહ્યું કે 'મહારાજ ! તેઓ સામાયિકમાં છે, હમણાં નહિ મળે !' આને કહેવાય મોભો ! કેવી ખુમારી પોતાના વ્રતની ?

આજે એક પૈસાની પાછળ તમારું આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન કેટલું વધ્યું, તમારે બંગલામાં ચોકીદાર રાખવો પડ્યો, ચોર વગેરે આવે તો ફાયરીંગ કરવાનું ફરમાન આપવું પડ્યું. **તમે ચોકીદારને નિયુક્ત કર્યો અને એને ફાયરીંગનું ફરમાન અપાવ્યું. એટલે હત્યાનું પાપ તમારા કપાળે લખાઈ જ ગયું.** કોના પાપે ? એક

આ પૈસાની પાછળની ઘેલી દોટ કે બીજું કાંઈ ? એની સામે શ્રી જૈન શાસનના સાચા સાધુને કોઈ ચિંતા છે ? કોઈ ઉપાધિ છે ? કોઈ ટેન્શન છે ? કોઈ તનાવ-ડીપ્રેશન છે ? કેવું શાંતિનું જીવન ? તમને આવું નિશ્ચિંત જીવન નથી ગમતું ? આ દોડધામભર્યું જીવન કેમ ગમે છે ?

હું આત્મા છું, મારે અહીંથી મરીને કયાંક જવું પડશે. જીવનભર આ પૈસાની પાછળ ઘોર પાપો કર્યા કરીશ તો ચોક્કસ દુર્ગતિમાં જવું પડશે, ચારે ગતિઓમાં રઝળવું પડશે. આવું તમને થાય છે ? ક્યારેય શાંતિથી બેસીને આ અંગે વિચાર કર્યો છે કે પછી અહીંથી મરવાનું છે એનું ભાન જ નથી ?

વીતરાગ પરમાત્માનું શાસન પામ્યા પછી પણ નાસ્તિકની જેમ જીવો તો તમારા જેવું કમનસીબ કોણ ? આવું અનુપમ જૈનશાસન જેને મળ્યું નથી તે તો હજી સમજી શકાય કે 'મળ્યું નથી માટે સાધતો નથી' પણ તમને તો આ તારક જૈનશાસન મળ્યું છે છતાં સાધતા નથી, તો મારે શું કહેવું મહાનુભાવ ?

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે,

**'ज्ञान-दर्शन-चारित्ररत्नत्रितयभाजने ।**
**मनुजत्वे भोगकर्म, स्वर्णपात्रे सुरोपमम् ।।'**

**'જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીના ભાજન સમા મનુષ્ય જીવનમાં ભોગ કરવા એ સુવર્ણ પાત્રમાં મદિરા ભરવા જેવું છે.'**

જેને આ મનુષ્ય જીવન મળ્યું છે તેણે એક માત્ર રત્નત્રયીની જ સાધના કરવી જોઈએ. તેમ ન કરતાં જે આત્માઓ અર્થ અને કામની જ સાધના કર્યા કરે છે તેઓ સુવર્ણના પાત્રમાં મદિરાનું પાન કરે છે.

પરમાત્માનો ઉપાસક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો જ ઉપાસક હોય. સંસાર એને મન ગૌણ હોય અને ધર્મ જ મુખ્ય હોય. તમને કોઈ આવી સંવેદના થાય છે મહાનુભાવ ! ઊંઘમાં પણ પડખા ફેરવો ત્યારે તમે વિચાર શું કરો ? શરીર સુખ, કામ-ભોગ, ધન-સંપત્તિ, કુટુંબ-પરિવાર, વેપાર-ધંધો અને વ્યવહારના જ વિચાર કરો છો કે, આ સિવાય કોઈ વિચાર તમને આવે છે ખરા? યોગશાસ્ત્ર ગ્રંથ વાંચો તો તમને ખ્યાલ આવે કે ભગવાનના શાસનના શ્રાવક તરીકે મારે મારા જીવનમાં શું શું કરવું જોઇએ અને શું શું ન કરવું જોઇએ !



મહારાજા કુમારપાળે જેમને પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા તે કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને કહ્યું કે 'ભગવંત ! મને એવું કાંઇક આપો જેના દ્વારા સ્વહિત સાધી શકું' અને કુમારપાળ મહારાજાની વિનંતીથી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રીએ જૈન ધર્મની સમગ્ર સમજ આપવા માટે યોગશાસ્ત્ર ગ્રંથ બનાવ્યો, દેવતત્ત્વ-વીતરાગ પરમાત્માના સ્વરૂપનો સંપૂર્ણ ખ્યાલ આપવા માટે વીતરાગ સ્તોત્ર ગ્રંથ બનાવ્યો. આ યોગશાસ્ત્રના બાર પ્રકાશ અને વીતરાગના સ્તોત્રના વીશ પ્રકાશ એમ કુલ બત્રીસ પ્રકાશ મહારાજા કુમારપાળે કંઠસ્થ કર્યા. કઈ ઉમરમાં ? સીત્તેર વર્ષ ઉપરની ઉમરમાં. એમાં પછી એક પણ દિવસ એમના જીવનમાં એવો ન ગયો કે જેમાં એ બન્ને ગ્રંથોનો સંપૂર્ણ સ્વાધ્યાય કર્યા પહેલાં મોઢામાં પાણી નાંખ્યું હોય. એ યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં શ્રાવકના મનોરથો કેવા હોય એનું વર્ણન આવે છે. શાસનને પામેલા – આજ્ઞાનું રહસ્ય સમજનારા શ્રાવકના કેવા કેવા મનોરથો હોય ? એની સામે તમારી મનોરથમાળા શું ? 'એક બંગલો હોય તો બીજો બંગલો બંધાવવો છે, દુકાન નાની હોય તો મોટી બનાવવી છે, રીટેલની હોય તો હોલસેલની કરવી છે, ઓફિસ નાની હોય તો મોટી કરવાની છે, ફેક્ટરી બનાવવાની છે, એક હોય તો બીજી કરવી છે, નાણાં અહીં રોકવા છે. અહીંથી રૂપિયા લાવું, આને પધરાવું, અહીંથી લાવીને બીજાને પધરાવું,' આ જ બધા તમારા મનોરથો હોય કે બીજું કાંઈ ?

## 1 સાધુપણાના ઉત્તમ મનોરથો :

**જૈન કુળમાં જન્મેલા પુણ્યાત્માને તો બાળપણથી જ સાધુપણાના ઉત્તમ મનોરથો હોય.** નાનાં નાનાં બાળકો પણ 'હું દીક્ષા લઈશ' એવી વાતો કરતા હોય એવા કુળમાં જન્મી ગયેલા તમને સાધુપણાના કોઈ મનોરથ છે ? સર્વ સંગનો પરિત્યાગ કરીને દીક્ષા ક્યારે લઇશ ? દીક્ષા લઇને ગુરુની આજ્ઞા મેળવી જિનાગમોનો સ્વાધ્યાય અને ઊંડી અનુપ્રેક્ષા ક્યારે કરીશ ? તેના દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવે એવી ધ્યાનધારામાં ક્યારે આગળ વધીશ ? આ બધી વાતો તમને ઘણી ઊંચી લાગતી હશે તો ચાલો એકવાર માની લઉં કે ઊંચી છે પણ શ્રાવકપણાના ઉત્તમ મનોરથો પણ તમને છે ?

## 1 શ્રાવક જીવનના ઉત્તમ મનોરથો :

'ઉત્તમ જિનમંદિરો હું ક્યારે બંધાવીશ ? મનોહર જિનબિંબોની અંજનશલાકા કરાવી પ્રતિષ્ઠા ક્યારે કરીશ ? આજ્ઞા મુજબનો છ' રી પાળતો સંઘ

ક્યારે કાઢીશ? તપ વગેરેનો ઉદ્યાપન મહોત્સવ ક્યારે કરીશ ? પેથડશાહ મંત્રીએ ભવ્ય સ્નાત્ર મહોત્સવ કરાવી ઇંદ્રમાળ પહેરેલી એવો ભવ્ય સ્નાત્ર મહોત્સવ કરાવી હું પણ ઇંદ્રમાળા ક્યારે પહેરીશ ? ઉત્તમ પ્રકારની રથયાત્રા ક્યારે કઢાવીશ ? સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચારે પ્રકારના સંઘને ઘર આંગણે ક્યારે પધરાવીશ ? સીદાતા સાધર્મિક વગેરેની ઉત્તમ પ્રકારની ભક્તિ ક્યારે કરીશ ?' જેની પાસે ધનની શક્તિ છે તેવા મહાનુભાવોના આ મનોરથો થયા. પણ જેમની પાસે પૈસા ન હોય તેમણે પણ 'ક્યારે હું તપ ત્યાગના માર્ગે આગળ વધીશ ? વિવિધ પ્રકારના તપથી, સુંદર શીલથી મારા જીવનને ક્યારે પવિત્ર બનાવીશ ? ઘરમાં કોઈને પણ આરાધના કરવી હોય તો એ માટે જાતનો ભોગ આપીને તેમને ક્યારે સહાય કરીશ ? શ્રાવક તરીકે આવા કોઈ મનોરથ તમને ખરા ? શ્રાવકના મનોરથો શું હોય ? મારી આ વાત ઉચિત નથી શું ?

યોગશાસ્ત્ર નામના ગ્રંથરત્નના ત્રીજા પ્રકાશના અંતે કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે શ્રાવકના કેવા કેવા મનોરથો હોય તેનું સુંદર વર્ણન કર્યું છે.

- શ્રી જિનેશ્વર પરમાત્માનો ધર્મ ન મળતો હોય તેવું ચક્રવર્તીપણું પણ મારે જોઈતું નથી. પરંતુ જિન ધર્મથી વાસિત થવાતું હોય તો દાસ કે દરિદ્ર બનવાનું પણ મને મંજુર છે.
- સંગનો પરિત્યાગ કરી, જીર્ણ-શીર્ણ વસ્ત્ર ધારણ કરી, મલથી મલિન બનેલા શરીરવાળો બની માધુકરી વૃત્તિથી ભિક્ષા-નિર્વાહ કરી ક્યારે હું મુનિના આચાર પાળીશ ?
- અસદાચારીઓના સંસર્ગનો ત્યાગ કરી, ગુરુના ચરણની રજને સ્પર્શ કરી, યોગાભ્યાસ કરી સંસારનો છેદ કરવા માટે હું સમર્થ ક્યારે થઈશ ?
- ઘોર અંધારી રાતે ગામની બહાર નિશ્ચલ કાયોત્સર્ગમાં રહેલા મારા શરીરને બળદીયાઓ થાંભલાની જેમ પોતાના ખભાઓ ક્યારે ઘસશે ?
- જંગલમાં જઈ પદ્માસનમાં બેઠેલ હોઈશ અને ત્યારે બચ્ચા સહિત હરણીયાંના ટોળામાં રહેલાં વૃદ્ધ હરણો મારા ખોળામાં બેસીને મારા મોઢાને ક્યારે સુંઘશે ?



- શત્રુ કે મિત્ર, તણખલું કે સ્ત્રીવૃંદ, સ્વર્ણ કે પાષાણ, મણિ કે માટી અને મોક્ષ કે સંસારને વિશે હું સમવૃત્તિવાળો ક્યારે થઈશ ?

મુક્તિરૂપી મહેલની નિસરણી જેવી ગુણશ્રેણીએ ચડવા માટે શ્રેષ્ઠ આનંદની વેલડીઓના કંદ સમાન આ મનોરથોને કરવા જોઇએ. બાકી જે વ્યક્તિ શ્રાવકપણાની કોઈ કરણી ન કરે અને આવા કોઈ મનોરથો પણ ન સેવે આમ છતાં જૈનકુળમાં જન્મ્યા એટલા માત્રથી એ શ્રાવક ગણાય ? પરમાત્માની માત્ર પૂજા કરે એટલે એ શ્રાવક ગણાય ? ઉપાશ્રયે આવે એટલા માત્રથી એ શ્રાવક ગણાય ?

## જૈન કેવા હોય ?

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે એક સજ્ઝાયમાં કહ્યું કે,

**જૈન કહો ક્યું હોવે ? પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે...**
**ગુરુ ઉપદેશ વિણ જન મૂઢા, દર્શન જૈન વગોવે...**

દસ ગાથાની આ સજ્ઝાયમાં એક પછી એક જૈનત્વની વાતો કરી છે, એ બોલવા જાઉં તો આબરૂ જાય કે બીજું કાંઈ ?

**સભા :** *સાહેબ બોલો, બોલશો તો કાંઈક ફેર પડશે.*

હૈયાપૂર્વક બોલો છો ? તો સાંભળી લો.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પરમાત્માને ઉદ્દેશીને પરમગુરુ ! એવું સંબોધન કરે છે અને જૈન તરીકે ઓળખાતા વર્ગની અવદશા રજૂ કરી જૈન કોને કહેવાય તેની વ્યાખ્યા પૂછે છે, એ માટે તેઓ લખે છે કે,

**જૈન કહો ક્યું હોવે, પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે ?**
**ગુરુ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ૦ ૧**

પરમગુરુ પરમાત્મા ! જૈન શી રીતે થવું ? ગુરુનો ઉપદેશ નહિ પામેલા મૂઢ છે, અને તે લોકો જૈનદર્શનને વગોવે છે...૧

આના જવાબમાં કૃપાનિધિ પરમાત્મા જે કહે છે, તેનો ઉલ્લેખ કરતાં બીજી કડીથી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ જૈન કેવો હોય તેની વ્યાખ્યા રજૂ કરતાં લખે છે કે,

**કહત કૃપાનિધિ શમ-જલ ઝીલે, કર્મ-મયલ જો ધોવેં;**
**બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ ૨**

કૃપાનિધિ પરમાત્મા કહે છે કે, જે શમ-જલમાં સ્નાન કરે છે, જે કર્મ-મળને ધોવે છે, જે ઘણા પાપમળને અંગ (આત્મા) ઉપર ધરતો નથી અને જે પોતાના શુદ્ધ રૂપને જુવે છે...૨

**સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા;**
**ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઈ જૈન હે સાચા. પરમ૦ ૩**

જે સ્યાદ્વાદને પૂરો જાણે છે, જેની વાણી નયવાક્યોથી વણાયેલી છે, જે દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે, તે જ સાચો જૈન છે...૩

હવે જૈન કોને ન કહેવાય તે જણાવતાં લખે છે કે,

**ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;**
**જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જૂઠી. પરમ૦ ૪**

માત્ર ક્રિયામાં મૂઢ મતિવાળો જે અજ્ઞાની અવળી ચાલ ચાલે છે (શ્રી જિનાજ્ઞાથી વિપરીત રીતે વર્તે છે) તેનામાં જૈનપણું હોતું નથી. આમ છતાં, તે જૈનપણાનો દાવો કરે તો તે બધું ખોટું છે... ૪

**પરપરિનતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;**
**ઉનકું જૈન કહો ક્યું કહિયેં ?, સો મૂરખમેં પહિલો. પરમ૦ ૫**

ક્રિયાના અભિમાનથી પાગલ બનેલો જે પરપરિણતિને (પૌદ્‌ગલિક ભાવ રમણતાને) પોતાની માને છે તેને જૈન શી રીતે કહેવાય ? તે તો મૂરખનો આગેવાન છે... ૫

આ પછી હવે જૈનપણુ પામવા શું કરવું જોઈએ તે વર્ણવતાં લખે છે કે,

**જૈનભાવ જ્ઞાનેં સબમાંહી, શિવ સાધન સદહિએ;**
**નામ વેષશું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ. પરમ૦ ૬**

ક્રિયાદિ દરેક વસ્તુમાં જ્ઞાન ભળે એટલે જૈન ભાવ પ્રગટે છે, આ જ્ઞાનને મુક્તિના સાધનરૂપે શ્રદ્ધાપૂર્વક માનવું જોઈએ. માત્ર નામ કે વેષથી કામ ન સરે, જૈનપણું પામવા માટે (જ્ઞાનજન્ય) ઔદાસીન્ય ભાવમાં રહેવું જોઈએ... ૬



**જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;**
**ક્રિયા કરત ધરતું હે મમતા, યાહી ગલેમેં ફાંસી. પરમ૦ ૭**

સકળ નયના સાધનભૂત જ્ઞાનની સાધના કરો. ક્રિયા તો જ્ઞાનની દાસી છે. ક્રિયા કરવા છતાં જે મમતા ધરે છે તે તો ગળામાં ફાંસલા જેવી છે... ૭

**ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનું નાહી;**
**ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતું હૈ, જ્યોં જલ-રસ જલમાંહી. પરમ૦ ૮**

ક્રિયા વિના ક્યારેય જ્ઞાન ન હોય, અને જ્ઞાન વગર ક્યારેય ક્રિયા ન હોય. ક્રિયા અને જ્ઞાન બન્ને પાણી અને પાણીના રસની જેમ એકમેક થઈને રહે છે... ૮

હવે આગળ વધીને જ્ઞાનમાર્ગની ઉપેક્ષા કરનારી અને સદ્‌ગુરુની શિખામણ નહિ સાંભળનારા જૈનો કેવા છે, તે જણાવતાં લખે છે કે,

**ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શક્તિ જસ ભાંજે;**
**સદ્‌ગુરુ શીખ સુને નહી કબહું, સો જન જનમેં લાજે. પરમ૦ ૯**

જે સદ્‌ગુરુની શિખામણ ક્યારેય સાંભળતો નથી, તેની બહારથી ક્રિયામાં મગ્નતા દેખાય પણ એની જ્ઞાનશક્તિ નાશ પામે છે. તે (કહેવાતો) જૈન લોકમાં લાજે છે...૯

હવે છેલ્લે ઉપસંહાર કરતાં ઉચ્ચકક્ષાની જૈનદશા કોને કહેવાય તે વર્ણવતાં લખે છે કે,

**તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હૈ, સકલ સૂત્ર કી કૂંચી;**
**જગ જસવાદ વદે ઉનહી કો, જૈનદશા જસ ઊંચી. પરમ૦ ૧૦**

સકળ સૂત્રની (આગમની) ચાવીરૂપ તત્ત્વબુદ્ધિ જેને પરિણત થઈ છે, તેની જૈનદશા (જૈનપણું) ઊંચી છે અને દુનિયા પણ તેનો જ યશવાદ ગાય છે... ૧૦

આજે હું વધારે કઠોર, કડક થયો હોઉં એવું તમને લાગતું હશે ? મને પણ એમ લાગે છે કે આજે હું ઘણું ઘણું બોલી ગયો. પરંતુ 'પ્રભુની પાટ ઉપર બેસીને સાચી હિતકર વાત ન કહું તો હું પણ પ્રભુનો ગુનેગાર ઠરું અને તમારો પણ વિશ્વાસઘાતી બનું. માટે કહું છું.'

## 1 નિશ્ચય અને વ્યવહારનો વિવેક :

**સભા :** *આપે કહેલી આ બધી વાતો તો સાચી છે, પણ તે વાત નિશ્ચયનયની છે કે વ્યવહારનયની છે ?*

મારી આ વાત નિશ્ચયનયની નહિ પણ નિશ્ચયનયના લક્ષ્યવાળી વ્યવહારનયની છે. પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે ૧૨૫ ગાથાના સ્તવનમાં લખ્યું છે કે,

**નિશ્ચય દૃષ્ટિ મન ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશેજી, લેશે ભવસમુદ્રનો પાર.**

નિશ્ચયદૃષ્ટિ મનમાં ધરવાની છે અને પાલન વ્યવહારનું કરવાનું છે. નિશ્ચયનયની ભૂમિકા તો ઘણી ઊંચી છે. જીવતે જીવ ચામડી ઉતરે, માથે ધખધખતા અંગારા મુકાય ત્યારે પણ 'ચામડી ઉતરે તે મારી નથી ઉતરતી, બળે છે તે હું નથી બળતો, શરીર તે હું નથી, હું એ શરીર નથી, મારે અને શરીરને કશું જ લાગતું વળગતું નથી. શરીર એ તો પુદ્ગલની દેન છે. હું અક્ષય અવિનાશી. અજર-અમર આત્મા છું.' આમ, નિશ્ચયનયવાળાને તો માત્ર આત્મરમણતા-આત્મદર્શન જ મુખ્યપણે હોય. **આત્માની પરિણતિ એ નિશ્ચય છે અને એ માટે ઉપકારક એવી પ્રવૃત્તિ એ વ્યવહાર છે.**

નિશ્ચય એ પણ પરમાત્માની આજ્ઞા છે અને એના કારણભૂત એવો વ્યવહાર એ પણ પરમાત્માની આજ્ઞા છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેય પરસ્પર સાપેક્ષ છે. માટે બેમાંથી એકની પણ ઉપેક્ષા કરી શકાય નહિ.

મને કહો... પૂજા, વ્યવહાર કે નિશ્ચય છે ?

દાન આપવું, વ્યવહાર કે નિશ્ચય છે ?

સામાયિક કરવું, વ્યવહાર કે નિશ્ચય છે ?

વ્યવહારથી પણ શ્રાવક માટે આ બધું જરૂરી છે કે નહિ ?

જો વ્યવહારની જરૂર ન હોત તો પરમાત્મા તેની આજ્ઞા કરત ? આજે તો આમાંનું કાંઈ માને નહિ, કરે નહિ અને પોતાને સંઘ કહેવડાવે, અમે પચીસમાં તીર્થંકર છીએ એમ બોલે, અમારી આજ્ઞા સાધુઓએ પણ માનવી જોઇએ, -એમ પ્રચાર કરે. એને સંઘ કહેવાય ? પચીસમો તીર્થંકર કહેવાય ? શાસ્ત્ર ના પાડે છે.



## 1 સંઘ વંદનીય છે પણ... :

સંબોધપ્રકરણ નામના ગ્રંથરત્નમાં પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે

**'आणाजुत्तो संघो सेसो पुण अट्ठिसंघाओ ।'**

**'આજ્ઞાથી યુક્ત હોય તે સંઘ છે. બાકી તો હાડકાંનો માળો છે.'**

આ શબ્દો મારા નથી. સૂરિપુરંદરના શબ્દો છે. **સંઘને પચીસમો તીર્થંકર જરૂર કહેવાય, એની આજ્ઞા અમારે પણ શિરસાવંદ્ય કરવી પડે. પણ કયો સંઘ ? ચોવીશે તીર્થંકરની આજ્ઞા જે માથે ચડાવે તે ! ચોવીશેની આજ્ઞાની ઉપેક્ષા કરે તે નહિ !**

**મોંઢામાં પાનના ડુચા ખાતો હોય, હૉટલમાં રખડતો હોય, લારી ઉપર જ્યાં ત્યાં ઊભો રહી જે-તે, જ્યારે-ત્યારે મોંઢામાં ઓરતો હોય અને એમાં એને કશું જ ખોટું ન લાગતું હોય, તેને સંઘ કહેવાય ? તીર્થંકર કહેવાય ?**

**સંઘ તરીકે ઓળખાતો તે વર્ગ વંદનીય કહેવાય કે જેને પોતાના દેહ કરતાં તીર્થંકર પરમાત્મા મહત્ત્વના લાગતા હોય, ધન કરતાં પણ શાસન મહત્ત્વનું લાગતું હોય અને ઘર-કુટુંબ કરતાં પણ ચતુર્વિધ શ્રીસંઘ મહત્ત્વનો લાગતો હોય, જેને મન પરમતારક પરમાત્માની આજ્ઞા એ સર્વસ્વ હોય.**

જેને સંસારનો ભય જાગ્યો નથી, જેને મોક્ષની તાલાવેલી જાગી નથી એને આજ્ઞા સાથે લેવા-દેવા શું ? જેને ભગવાનની આજ્ઞા સાથે લેવા-દેવા નથી, એ સંઘ શી રીતે ? વર્ષોથી ધર્મકરણી કરનારને પણ પૂછીએ કે ખરેખર ભગવાનની આજ્ઞા ગમે છે ? કેમ નથી ગમતી એ મારો પ્રશ્ન છે ? ભગવાનની આજ્ઞા ગમી નથી, એનું કારણ એ છે કે હજુ મોક્ષની તાલાવેલી જાગી નથી. સંસાર ભૂંડો લાગ્યો નથી, સંસારના પદાર્થોની આસક્તિ હજુ ભૂંડી લાગી નથી.

સંસારના પદાર્થની આસક્તિ ભૂંડી લાગી નથી માટે તો આજે મજેથી ભોગવી શકાય છે. બાકી જો સંસારનાં પદાર્થોની આસક્તિ ભૂંડી લાગી હોય તો તે મજેથી ન ભોગવી શકાય. આ રીતે જ ભોગવતાં ભોગવતાં એની આસક્તિ ને આસક્તિમાં આયુષ્ય બંધાય તો કઈ ગતિનું બંધાય ?

**સભા :** *પુણ્યથી મળેલું પણ ન ભોગવાય ?*

ભોગવ્યા પછીનું પરિણામ શું ? એ કહો.

મારા પરમતારક ગુરુદેવશ્રી કહેતા કે, **'પુણ્યના ઉદયથી મળેલા દુન્યવી સુખને મજેથી ભોગવવું એટલે હાથે કરીને પોતાની દુર્ગતિ ઊભી કરવી.'**

હું આ બધું બોલું છું, તે તમને ગમે છે કે નહિ ? કઈ કઈ રીતે દુર્ગતિ ઊભી થાય એ જાણો છો ?

તમે ઘરે પલંગમાં મજેથી બેઠા હો, ઉપર પંખો ચાલતો હોય, એનો જો તમારા હૈયે આનંદ હોય તો તમે તમારી દુર્ગતિને ઊભી કરો છો. વ્યાખ્યાન પત્યા પછી તમે બહાર નીકળો, કાર પાસે પહોંચતાં જ ડ્રાયવર તમારી કારનું બારણું ખોલે અને તમે ઠસ્સાથી મજેથી તેમાં બેસશો, એ ઠસ્સો કયું કર્મ બંધાવે ?

## ૧ સાચું યુગપરિવર્તન :

જ્ઞાનીઓને તમારા સુખની ઇર્ષ્યા નથી આવતી પણ તમારી મોહાધીનતા જોઇને દયા આવે છે. જ્ઞાનીઓ આ બધું છોડવાનું કહે તે ઘણાને નથી ગમતું પણ કોઇને ગમે કે ન ગમે, મારા પરમતારક ગુરુદેવશ્રી કહેતા કે 'અનંત જ્ઞાનીઓએ જગતના હિત માટે જે કહ્યું છે એ જ કહેજો'. એમણે કહ્યું છે કે 'તમે આ લોકોની સામે જોઈને ન બોલશો પણ આ શાસ્ત્રનાં પાનાં સામે નજર રાખીને બોલજો. આપણને સૌને મોક્ષ આપવાની તાકાત આ શાસ્ત્રમાં જ છે. બીજા કોઈનામાં નથી.' સાચું બોલો, અમે શ્રોતાઓને સાચવીએ તો શ્રોતાઓ અમને આપી-આપીને શું આપી દેવાના ? એનાથી અમને સદ્ગતિ, ક્ષપકશ્રેણિ, કે કેવલજ્ઞાન થવાનું ? માત્ર તમે થોડી ખમ્મા ખમ્મા કરી દો પણ એથી શું ?

હું તો એવું જોવા ઇચ્છું છું કે તમારી પાછળ ઉત્તરાધિકારી તૈયાર થાય એટલે તમે સંસાર છોડી સાધુપણું લો. આજે કેટલાકો યુગ પરિવર્તનની રૂડી ને રૂપાળી વાતો કરતા હોય છે. મારે કહેવું છે કે આવું તમે કાંઈ કરો તો તે યુગ પરિવર્તન કર્યું કહેવાય. બાકી **પાંચમા આરામાંથી છઠ્ઠા આરા તરફ જઇએ તે યુગપરિવર્તન ન કહેવાય પણ ભગવાન મહાવીરદેવના કાળમાં જઈએ તે યુગપરિવર્તન કહેવાય.** માટે જ હું કહી રહ્યો છું કે જેની પાછળ ઉત્તરાધિકારી પાકી ગયો હોય તે કાં તો દીક્ષા લે, કાં તો 'શાસનના કામ સિવાય બીજું કશું નહિ' આવો નિર્ધાર



કરી લે. ક્યાં નજર માંડું ? તમે આ ઉંમરે પેઢીએ – ઓફિસમાં જાઓ એ અમને નથી ગમતું.

**સભા :** *અનિચ્છાએ જઇએ છીએ.*

શું બધા મજબૂરીથી જાય છે એવું છે ખરું ? લોભ નડતો નથી ને ?

જો સંતોષથી જીવવાનું ચાલુ કર્યું હોત તો આ ઉંમરે તમારે આટલી દોડધામ કરવી ન પડત. ખાવાનાં સાંસા છે ? દાળ-રોટી મજેથી મળે છે, પછી અસંતોષ કેમ છે ?

**સભા :** *સાહેબ ! દૂધના ભાવ વધ્યા જાણો છો ?*

શહેરીકરણ થયું, આસક્તિઓ વધી, સંતોષ ગયો એનું આ બધું પરિણામ છે. જો તમારામાં સંતોષ આવી જાય, શહેરની ઘેલછા છૂટી જાય અને જયણા મુજબનું જીવન જીવવાનો નિર્ણય કરી મૂળ વતનમાં જવા માંડો તો પરિસ્થિતિ જરૂર પલટાઈ જાય. ત્યાં કેવી તીર્થ-ભૂમિઓ છે ! ત્યાં જાઓ તો થોડા જ સમયમાં બધાં તીર્થો-મંદિરો કેવાં જાજ્વલ્યમાન થઈ જાય !

## ૧ નિવૃત્તિમાં સુખ છે; પ્રવૃત્તિમાં નહિ :

અમને જૈનશાસનની આખી કાયાપલટ આમાં દેખાય છે. આ આગળ બેસનારા બધા પહેલાં નક્કી કરી લે, તો બાકીના તો તેની પાછળ પાછળ ચાલનારા છે. મોટા કરે તેનો દાખલો બધા લે. કહ્યું છે ને

**'महाजनो येन गतः स पन्थाः'**

**'મહાજન જે માર્ગે ગયું. તે માર્ગ રૂપ છે'**

આ કરશો તો, તમને ખરેખર જીવનનો સાચો સ્વાદ આવશે. **જે લોકોએ સંસારથી નિવૃત્તિ લીધી છે, અને સ્વાધ્યાય આદિ ધર્મપ્રવૃત્તિમાં જેઓ જોડાઈ ગયા છે, એને મળીને પૂછી જુઓ કે 'જીવનમાં કેટલો આનંદ છે ?' તમારી કલ્પનામાં ન આવે એવી સુખાસિકાનો એ પુણ્યાત્માઓ અહીં પણ અનુભવ કરી રહ્યા છે.**

વર્ષો પૂર્વે મારા પરમતારક ગુરુદેવશ્રીજીના પરિચયમાં એક શ્રીમંત આવ્યા. ગુરુદેવશ્રીએ તેને કહ્યું કે 'હવે ક્યાં સુધી બજારમાં જવું છે ?' ત્યારે એણે જવાબ

આપ્યો કે 'સાહેબ ! નવાણું લાખ થયા છે. હવે એક લાખ જ ખૂટે છે. એકાદ મહિનામાં મળી જશે, તો ક્રોડ થઈ જશે. એની રાહ જોઉં છું, ત્યારબાદ નહિ.' અને કમનસીબે કર્મનો એવો ઉદય આવી ગયો કે એક મહિનામાં એ વ્યક્તિએ નવાણું લાખ ગુમાવી દીધા. પછી પરમતારક ગુરુદેવશ્રી પાસે આવીને રોવા લાગ્યો. 'ગુરુદેવ ! આપે કહ્યું હતું મેં માન્યું નહિ, બધા ગયા.' આ વાતમાં પણ નવાણું લાખ ગયા તેનો પશ્ચાત્તાપ થયો પણ જીવનમાં સંતોષ ન કેળવ્યો, જે લોભવૃત્તિ રાખી અને ભૂલ કરી તેનો પશ્ચાતાપ ન થયો. આ પણ સંસારનો જ ઢાળ કે બીજું કાંઈ ?

મહારાજા કુમારપાળ અઢાર દેશના માલિક હોવા છતાં ચોમાસાના ચાર મહિના નગરની બહાર જતા નહિ. તેઓ દેરાસરમાં-ઉપાશ્રયમાં ઘરે જ રહેતા. સવારે પ્રતિક્રમણ, સામાયિક અને પ્રાતઃકાળની પૂજા કરવા જતા, પછી ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા જતા, ત્યારબાદ મધ્યાહ્ન કાળની અષ્ટપ્રકારી પૂજા કરવા જતા, સાંજે દેરાસરમાં આરતી ઉતારવા જતા અને ત્યારબાદ પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે જતા. ગુરુની વિશ્રામણાદિ કરી પછી ઘરે જતા. ગામમાં ફરવાનું થાય તે પણ દેવ-ગુરુ સંબંધિ કાર્ય હોય તો જ ! તમારી પણ દિનચર્યા ચોમાસામાં આ જ ને ?

મારે તમારી સમક્ષ કઈ વાત કરવી ? દીક્ષાની વાત કરી એમાં ના, ચાર મહિનાની ધર્મ આરાધનાની વાત કરી એમાં પણ તમારી ના. શ્રાવકપણાનાં જરૂરી આચારો પણ જીવનમાં આચરો નહિ, તેની વાતમાં હા ભરો નહિ, કરવાનો ઉલ્લાસ બતાવો નહિ તો અમારે તમારી આગળ વાત કઈ કરવી ? કમ સે કમ સુશ્રાવક બનવાની ભાવના તો તમારી હોવી જોઈએ ને ?

આજે આવા શહેરમાં આટલી દોડધામ વચ્ચે કલાક-દોઢ કલાક કાઢીને તમે આવો છો, છતાં જે લાભ થવો જોઇએ તે ન થાય તો એ કેટલી દુઃખદ બાબત છે? આમ કહીને તમને હતાશ નથી બનાવવા. પણ આ સાંભળીને પણ જો તમારામાં જાગૃતિ આવતી હોય તો તે લાવવાનો આ એક ગુણપ્રયાસ છે.

આ બધું સાંભળીને હૈયામાં જો જાગૃતિ પ્રગટી હોય તો મારે તમને પૂછવું છે કે, તમે ભલે સંસારનો સંપૂર્ણ ત્યાગ ન કરી શકો, પણ સંસારમાં રહેવા છતાં સાંસારિક પ્રવૃત્તિઓ વેપાર-ધંધાથી તમારે સંસારમાંથી નિવૃત્તિ લેવી છે ?



**૧. કેટલા વર્ષે નિવૃત્તિ લેવી છે ?**

**૨. કેટલા રૂપિયા મળ્યા પછી નિવૃત્તિ લેવી છે ?**

**૩. નિવૃત્તિ ન લઈ શકો તો નક્કી કરેલી રકમથી ઉપર જેટલા આવશે તે ભગવાનની આજ્ઞા મુજબ સાતક્ષેત્ર, જીવદયા અને અનુકંપામાં વાપરી નાંખીશ.**

**આમાંનો કયો નિયમ તમે લઈ શકો ? એ વિચારો !**

લોભવૃત્તિ, સંસારની આસક્તિ અને સાંસારિક પ્રવૃત્તિઓથી છૂટવા માટે આ પણ એક ઉત્તમ ઉપાય છે.

આ બધી ઉપાધીઓના કારણે જ આજે તમે ધર્મ કરો છો પણ, ઘડિયાળના કાંટે જ થાય છે. પૂજા કરતાં ઘડીયાળ જુઓ, ટાઇમ થયો કે ચૈત્યવંદન મૂકી દો. વ્યાખ્યાનમાં પણ ઘડિયાળના કાંટે આવો ને જાઓ. એક ધંધાની પાછળ ધર્મ કેટલો ગૌણ થયો ? ત્રિકાળ પૂજાની પરમાત્માની આજ્ઞા બાજુમાં રહી. આ બધો કોનો પ્રભાવ છે ? ધંધાની પાછળની દોટે ધર્મ મુકાવી દીધો. એની પાછળની દોટ બદલવી છે ? ધીમી ય પાડવી છે ? જીવવા શું જોઇએ ? તે મને કહો.

## ૧ એને કોણ સુખી કરી શકે ?

શાસ્ત્રકાર ભગવંતો તો કહે છે કે, ૧– અતિ ઉના ઘીથી ચોપડેલું અનાજ, અતિ ઉના ઘીથી એટલે થોડા ઘીમાં ઘણું ચોપડાઈ જાય, થીજું ઘી વધારે જોઇએ, ૨ – ફાટ્યાં વગરનું – થીંગડા વગરનું કપડું અને ૩ – રહેવા પૂરતું છાપરું : આટલી જીવન જરૂરીયાત છે. એના બદલે તમારે શું શું જોઇએ છે ? દાળ-રોટલી, ત્રણ-ચાર શાક, પાછી ચટણી, અથાણાં, સંભાર, ફરસાણ, મિષ્ટાન્ન, ફ્રુટ પણ જોઇએ. ખરું કહું તો પેટ ચોળીને તમે શૂળ ઊભું કરી રહ્યા છો.

વર્ષો પહેલાં મારા પરમતારક ગુરુદેવશ્રીજીએ એકવાર વ્યાખ્યાનમાં કહ્યું કે, 'મધ્યમ' માણસને જરૂરીયાત કરતાં આવક ઓછી હોય એટલે તે મોંઘવારીની રાડ પાડે તે સમજાય. પણ 'શ્રીમંત' રાડ શું કામ પાડે ? એને ક્યાં મોંઘવારી નડે છે ? આમ કહ્યું ત્યારે એક શ્રીમંતે તેઓશ્રીજીને ઊભા થઇને કહ્યું કે, "મારે આવક મહિને લાખની છે અને ખર્ચો સવા લાખનો છે. હું 'મધ્યમ' છું તો મારે શું કરવું?" આવી હાલત હોય ત્યાં કહેવાનું શું રહ્યું ?

ઉત્તમ અન્ન જેને મળ્યું હોય તે થોડું ખાય તો પણ તૃપ્તિ થાય. એંઠવાડ જેને મળ્યો હોય તેને ઘણામાં પણ અતૃપ્તિ જ થાય. પેલા ભિખારીમાં અને હૈયાના ભીખારી એવા શ્રીમંતમાં શું ફેર ? ભિખારી પણ ભિખ માગે અને હૈયાનો ભિખારી એવો શ્રીમંત પણ ભિખ માંગે છે. ભિખારી માંગવા નીકળે છે ત્યારે એની પાસે એક ચપ્પણીયું હોય છે, શ્રીમંત પાસે પણ હોય છે. ભિખારીનું ચપ્પણીયું ગોળ હોય, શ્રીમંતનું ચોરસ-રૂપાળું હોય. એને હાથમાં લઇને ઠેર ઠેર ફરવું પડે, શ્રીમંતે પણ હાથમાં લઈ આમતેમ ફરવું પડે. એ પણ અલગ અલગ હાવભાવ-દીનતાના નાટક કરે, શ્રીમંત પણ અનેક પ્રકારના નાટક કરે છે. એની ભૂખ કેટલી ? અમુક પેટ પૂરતું મળે કે પતી ગયું, ખાઇને નિરાંતે ફુટપાથ પર સૂઈ જાય. શ્રીમંતની ભૂખ કેટલી ? જાણે ભસ્મક રોગ તેમને લાગું પડ્યો હોય. ભસ્મક રોગ વાળો ગમે તેટલું ખાય, એનું ખાધેલું બધું બળી જાય, લોહી થાય નહિ અને ઝાડો બકરીની લીંડી જેટલો જ તેને થાય. શ્રીમંતને પણ ગમે તેટલું મળે એમાંથી માંડ થોડું છૂટે.

જ્ઞાની ભગવંત કહે છે કે જગતમાં ઊંચામાં ઊંચી ભૂમિ કોઈ હોય તો શ્રાવક કુળની ભૂમિ છે. અહીં કરેલી ખેતી નિષ્ફળ કદી જતી નથી. જોકે પરમાત્માની આજ્ઞા પ્રમાણે અમે મહેનત કરી હોય તો અમારી મહેનત એળે જવાની નથી પણ તમારી ભૂમિકા ઊંચી શ્રાવકપણાની છે એટલે વધુ અપેક્ષા રાખીએ ને ? તમે ઊભા થઈ દારૂ, ઈંડા, માંસાહાર, કંદમૂળ, રાત્રે નહિ ખાવાનો અભિગ્રહ લો એટલા માત્રથી જ અમે ખુશી થઈ જઈએ ?

શ્રાવકને રાત્રિ ભોજન બંધ જ હોય !

શ્રાવકને કંદમૂળ બંધ જ હોય !

શ્રાવકને દારૂ, ઈંડા, માંસાહાર આ બધું બંધ જ હોય !

શ્રાવકને માટે આ બધી વાતોની કલ્પના અમે કરીએ તોય અમને પાપ લાગે!

શ્રાવકને તો ઉપદેશ સર્વવિરતિનો, અગર ઊંચામાં ઊંચી દેશવિરતિનો આપવાનો હોય. એ ઊભો થઇને અમને એમ કહે કે ‘ભગવંત ! સર્વવિરતિ આપો!’ અમે કદાચ એની શક્તિનું માપ કાઢી ન શકીએ અને સર્વવિરતિની વાત કરીએ ત્યારે એ ઊભો થઈને અમને એમ કહે કે, ‘ભગવંત ! સર્વવિરતિની તો મારી તાકાત નથી તો આપ મને દેશવિરતિ આપો !’ આ હું ભગવાનની આજ્ઞા



મસ્તકે ચડાવનાર શ્રાવક વતી બોલી રહ્યો છું. આ સભામાં બેઠેલા કોઈપણ કુટુંબની કોઇપણ વ્યક્તિ ચાર મહાવિગઈ તો ન જ વાપરે ને ? અભક્ષ્ય તો ખાય જ નહિ ને ? બરફ, આઇસ્ક્રીમનો ઉપયોગ તો ન જ કરે ને ? બરફ આઇસ્ક્રીમ ભક્ષ્ય કહેવાય કે અભક્ષ્ય ?

આજે મોટો ભાગ બરફ-આઈસ્ક્રીમ-ઠંડા પીણાં વગેરેને અભક્ષ્ય માનતો જ નથી. માટે જ ઘણા તો લગ્નના જમણવારોમાં ય પીરસવા માંડ્યા છે. કેટલેક ઠેકાણે સંઘ સ્વામિવાત્સલ્યમાં બરફ આવી ગયાં. આ બધું યોગ્ય નથી. આપણે પહેલાં પણ વિચારી ગયા છીએ.

જ્ઞાની ભગવંતોએ પાંચ ‘સ’ કારને દુર્લભ કહ્યા છે.

**‘सुकुलजन्म-सद्रव्य-सिद्धक्षेत्र-समाधयः ।**
**सङ्घश्चतुर्विधो लोके, सकाराः पञ्च दुर्लभाः ।।”**

નામ જાણો છો ને ?

**૧. સુકુળમાં જન્મ, ૨. સદ્દ્રવ્યની પ્રાપ્તિ, ૩. સિદ્ધક્ષેત્ર, ૪. સમાધિ, અને ૫. (ચતુર્વિધ) સંઘ. આ પાંચ ‘સ’કારવાળી ચીજો આ લોકમાં પ્રાપ્ત થવી દુર્લભ છે.**

આ પાંચ ‘સ’કારમાં પહેલા નંબરે સુકુળમાં જન્મ દુર્લભ કહ્યો છે. સારા કુળમાં જન્મની પ્રાપ્તિને અત્યંત દુર્લભ કહેવામાં આવી છે. જ્ઞાનીઓ જૈન કુળને સુકુળ કહે છે. પણ આ બધું હું જે બોલી ગયો તે અનિષ્ટ જે કુળોમાં હોય તે કુળોને સુકુળ કઈ રીતે કહેવાય ? જૈનકુળમાં જન્મેલાંને પણ જો સારા સંસ્કાર ન હોય તેને સુકુળ કઈ રીતે કહેવું ? શ્રાવકના કુળમાં પરંપરાગત આચારો જ એવા હોય કે આપણાથી ‘આ ન થાય’, ‘આ ન થાય’ એમ એ કુળમાં જન્મેલાં દરેકને થાય. કુળ પરંપરાગત આચાર જ એવા હોય કે જેનાથી આવા ઘણાં ખરાં પાપથી એ સહેજે બચી જાય.

## 1 ઘરનું ભૂષણ જિન મંદિર :

કોઈ અજાણી વ્યક્તિ આવે અને ‘આ ઘર શ્રાવકનું છે’ એ એને કઈ રીતે ખબર પડે ? શ્રાવકના ઘરમાં સૌથી પહેલું શું જોવા મળે ? શાસ્ત્રકાર કહે છે કે શક્તિ અનુરૂપ નાનકડા પણ જિનમંદિર વગરનું શ્રાવકનું ઘર હોય નહિ. જેની થોડી પણ સ્થિતિ સગવડ હોય તેના ઘરમાં જિનમંદિર હોય, હોય ને હોય જ.

**સભા :** *જિનમંદિર રાખવાથી આશાતના થાય છે !*

આ આશાતનાના ઓઠા હેઠળ તો તમે ઘણા બધા કર્તવ્યોથી વંચિત રહી ગયા છો. ખોટો ભય બેસાડવામાં આવ્યો છે. આશાતનાના ભયથી જિનમંદિર જ ન રાખો તે કેવું કહેવાય ? કોઈ ગામડામાં તમે ગયા હો, અને આવા મોટા શહેરના ભણેલા ગણેલા સાધર્મિકને હું શી રીતે લઈ જઉં ? લઈ જઈએ અને એમના મોભા પ્રમાણે સચવાય નહિ તો નકામી આશાતના થઈ જાય એ વિચારે કોઈ આમંત્રણ જ ન આપે તો કેવું કહેવાય ? એની સામે ભાવથી આમંત્રણ આપી લઈ જાય, કોથળો પાથરી બેસાડે, પ્રેમથી સુકો રોટલો ય ખવડાવે અને ઠંડો પાણીનો ગ્લાસ પીવડાવે તે કેવો લાગે ? એ જ રીતે **આશાતનાના ભયથી જિનમંદિર ન રાખો તો વધુ મોટો દોષ લાગે છે.** જ્ઞાની તો ત્યાં સુધી કહે કે જેની શક્તિ ઓછી છે તે ઘાસની ઝૂંપડી બંધાવે, અંગુલ પ્રમાણ પ્રતિમાજી પધરાવીને પણ મંદિર કરે. શક્તિમાન શ્રાવક તો શક્તિ મુજબ ભવ્ય જિનમંદિર બંધાવે, રત્ન-માણેક, સોના, ચાંદી વગેરેની પ્રતિમાઓ ભરાવે, અને ઉત્તમ રીતે તેની ભક્તિ કરે. **જિનમંદિર બનાવ્યા બાદ ઉપયોગ રાખવા છતાં આશાતના થાય તે નાની આશાતના છે અને શક્તિ છતાં ઘરમાં જિનમંદિર ન બનાવવું તે તીર્થંકર પરમાત્માની 'અનાદર' નામની મોટી આશાતના છે.**

ઘણા અમને આગ્રહથી વિનંતી કરતા હોય છે કે 'સાહેબ ! અમારા ઘરે પધારો.' અમે પૂછીએ, 'ભાઈ ! તમારા ઘરમાં શું છે કે જેથી અમે આવીએ.' કારણ તમારા ઘરમાં પ્રવેશ કરીએ કે સામે જ ભૂતાવળ દેખાય.

**સભા :** *ભૂતાવળ ?*

હા, ભૂતાવળ જ કહું કે બીજું કાંઈ ?

જે ઘરમાં ભૂતાવળ હોય તે ઘરમાં પરમાત્માનો વાસ હોય ?

કોઈ મકાન ૩૦-૪૦ લાખની કિંમતનું હોય અને તમને ૫-૧૦ લાખમાં કોઈ ઓફર કરે તો તપાસ કરવાનું મન થાય ને ? કે ૩૦-૪૦ લાખની કિંમત આવે છે છતાં ૫-૧૦ લાખમાં કેમ આપે છે ? શંકા પડે ? તપાસ પણ કરો ? તપાસ કરતાં ખબર પડે કે 'ભૂતીયું છે' તો લો ? તમે ભૂતીયા મકાનમાં ન રહો તો તમારા ઘરમાં જો ભૂતાવળ હોય તો ત્યાં ધર્મ ક્યાંથી ટકે ? આ ભૂતાવળના કારણે તો તમારા સંતાનોમાં પણ ધર્મ આજે ખલાસ થઈ ગયો. આ ભૂતાવળથી તમારી વિષય,



કષાયની આસક્તિ વધી. તમે આટલી તમારી ઉંમર થઈ છતાં આ ભૂતાવળની સામે ટગર-ટગર જોવા બેસી જાવ, તમારા દીકરા-દીકરી અને વહુઓ પણ સાથે બેસે. કોઈ લાજ ? કોઈ શરમ ? આનાથી ધર્મ ક્યાં ટકે ?

**સભા :** *ઘરમાં સામાયિક કરતા હોઈએ ને કોઈ ટી.વી. ચાલુ કરે, આપણે જોઈએ નહિ પણ કોક વાર નજર પડી જાય તો ચાલે ?*

મને પૂછો છો ? તમે જ કહો ચાલે ? આવા પ્રશ્નો કેમ ઉદ્‌ભવવા લાગ્યા ?

સામાયિક ઉપાશ્રયમાં જ કરવું જોઈએ આમ છતાં એની અનુકૂળતા ન હોય તો ઘરમાં કરો તો પણ એના માટે ઘરમાં અલાયદી જગ્યા જોઈએ. આ તો ઘરમાં સામાયિક લઈને બેસો, હાથમાં નવકારવાળી હોય, નજર ફરતી હોય, એક નજર ટેલિફોનની ઘંટડી ઉપર, એક નજર ઘરમાં, એક નજર દૂધવાળો, શાકવાળો આવે ત્યાં, ઘંટડી વાગે ને કોઈ ઉપાડે નહીં તો સામાયિકમાં પણ ઊંહું ઊંહું કરે, જે સામાયિકથી ચૌદ રાજલોકના સામ્રાજ્ય ઉપર-સિદ્ધશિલા ઉપર બેઠાનો અનુભવ થાય તે સામાયિકની પણ કેવી હાલત ?

## ૧ પુરુષાર્થ કરો તો કશું અઘરું નથી :

ઘણાને મન ધર્મનું ગૌરવ-મહત્ત્વ ખતમ થઈ ગયું છે. ઘણા લોકો આત્મા-પુણ્ય-પાપ પરલોક ભૂલી ગયા છે. આસ્તિક ગણાતી-ઓળખાતી વ્યક્તિના હૈયામાં પણ નાસ્તિકતા ઘર કરીને બેસી ગઈ છે. દુર્લભ એવા આ મનુષ્ય જન્મની સાર્થકતા કરવા માટે ભગવાને કહેલી સર્વવિરતિ ન લઈ શકાય તો પણ કમ સે કમ મુક્તિમાર્ગ ઉપર આપણું પ્રયાણ થઈ શકે એવી આપણી ભૂમિકાને યોગ્ય એવી યોગસાધના કરી શકીએ એવું તો આપણું જીવન બનવું જોઈએ ને મહાનુભાવ ? એ માટે કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ મહારાજા કુમારપાળની વિનંતિથી યોગશાસ્ત્ર નામના જે મહાગ્રંથની રચના કરી, એમાં જૈનશાસનનો યોગ, યોગસાધના પદ્ધતિ શું છે ? તેનું સાંગોપાંગ નિરૂપણ કર્યું છે. સર્વવિરતિ જીવન શું ? દેશવિરતિ જીવન શું ? સમ્યક્ત્વનું જીવન શું ? માર્ગાનુસારી જીવન શું ? વગેરે દરેકે દરેક બાબતો ઉપર આ ગ્રંથમાં અદ્‌ભુત વિવેચન કરવામાં આવ્યું છે. દીક્ષા ન લઈ શક્યા, સંસારમાં બેઠા હો તો પણ યોગસાધના કઈ રીતે કરી શકાય તેનો માર્ગ આમાં બતાવ્યો છે. સમગ્ર જીવનમાં

યોગસાધના કઈ રીતે કરવી તેની જેમ આ ગ્રંથમાં વિગતવાર વાત કરવામાં આવી છે તેમ અલ્પ સમયના જીવનમાં પણ સંયોગ-શક્તિ અનુસાર યોગસાધના કઈ રીતે કરવી તેની પણ સુંદર વાતો કરવામાં આવી છે. માટે મારી છેલ્લી એક જ ભલામણ છે કે વહેલામાં વહેલા ગુરુગમ પામી આ ગ્રંથનો સાંગોપાંગ અભ્યાસ દરેકે કરી લેવા જેવો છે. ધીમે ધીમે પણ નિશ્ચિત લક્ષ્ય કેળવી ભણવાનો પુરુષાર્થ કરશો તો કશું અઘરું નથી.

આ રીતે યોગશાસ્ત્ર ગ્રંથના અભ્યાસ દ્વારા, તેના ચિંતન, મનન દ્વારા પરમાત્માની તમારા જીવન સંબંધિ જે જે આજ્ઞાઓ છે, તેના પરમાર્થને પામી તે આજ્ઞાઓ પૈકી ભૂમિકા અનુસારે દરેક આજ્ઞાને જીવનમાં જીવવા પ્રબળ પુરુષાર્થ કરી જીવન એવું આજ્ઞામય બનાવો કે એના કારણે થોડા જ સમયમાં તમારા કર્મનાં બંધનો ઢીલાં પડી જાય, અલ્પ રસ-સ્થિતિવાળાં બની જાય, અંતે નાશ પામી જાય અને એ દ્વારા તમે અક્ષય, અનંત, અવ્યાબાધ મુક્તિસુખના ભાગી બની જાઓ એ જ એક અભ્યર્થના.

Z Z Z



## પ્રવચન ચોથું

**'वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।'**

**'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે તો વિરાધેલી આજ્ઞા ભવ (સંસાર) વૃદ્ધિ માટે થાય છે.'**

### 1 પૂજા કરતાં આજ્ઞા મહત્ત્વની શા માટે ?

અનંત ઉપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાનશ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વીતરાગ સ્તોત્ર નામના ગ્રંથરત્નમાં પરમાત્માની સ્તવના કરતાં કહી રહ્યા છે કે – આ જગતમાં સ્તવના કરવા લાયક જો કોઈ હોય તો એક માત્ર વીતરાગ પરમાત્મા છે. વીતરાગ પરમાત્મા સિવાય આ જગતમાં સ્તવનીય, પૂજનીય, વંદનીય, આદરણીય કોઈ નથી. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાં સ્તવનીય, પૂજનીય, વંદનીય અને આદરણીયપણું ત્યારે જ આવે કે, જ્યારે એ ચતુર્વિધ સંઘ પરમાત્માનો અનુયાયી હોય, પરમાત્માની આજ્ઞાનો આરાધક, ઉપાસક પરિપાલક હોય.

પરમાત્માની પૂજા દુઃખ-દારિદ્રય વગેરેનો નાશ કરનારી જરૂર છે, છતાં પુણ્યના ઉદયે મળેલી પરમાત્માની પૂજાના મહત્ત્વ કરતાં પરમાત્માની આજ્ઞાના પાલનનું મહત્ત્વ વધુ છે.

આજ્ઞાની આરાધના આત્માને મોક્ષે પહોંચાડે છે અને આજ્ઞાની વિરાધના આત્માને સંસારમાં રખડાવે છે. દ્વાદશાંગીને ધરનારા દ્વાદશાંગીને સહારે તરે એવું પણ બને અને ડૂબે એવું પણ બને. પૂજા કરનારો પૂજા કરીને તરે પણ ખરો અને ડૂબે પણ ખરો, પરંતુ આજ્ઞાનો આરાધક- ઉપાસક આત્મા તો અવશ્યમેવ તરે જ. એ ડૂબે એવું તો ક્યારેય ન બને. જે પરમાત્માના અનુયાયી તરીકે આપણે બધા ઓળખાઈએ છીએ તે પરમાત્માની આજ્ઞા શું ?

આ કાળમાં આજ્ઞાપાલનની અપેક્ષાએ અમારા-તમારામાં તફાવત જરૂર રહેવાનો. કારણ કે આજ્ઞાપાલનની અપેક્ષાએ અમારો-શ્રમણોનો વિકાસ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક સુધી થઈ શકે અને તમારો-શ્રાવકોનો વિકાસ ચોથા-પાંચમા ગુણસ્થાનક સુધી થઈ શકે. પણ આજ્ઞાના પક્ષપાતની જ્યારે વાત આવે ત્યારે તો આપણી વચ્ચે કોઈ જ તફાવત ન હોય. **સાધુ હોય કે શ્રાવક, બન્નેય આજ્ઞાના તો સમાન પક્ષપાતી જ હોય.**

**સભા :** *વીતરાગ પરમાત્માના સંઘમાં સાધુનું વધારે મહત્ત્વ શા માટે ?*

એ વીતરાગ પરમાત્માની આજ્ઞાનું પાલન કરે છે માટે ! શાસ્ત્રકાર-ભગવંતો આજ્ઞાપાલનને આટલું બધું મહત્ત્વ આપે છે, તો આપણા જીવનમાં આજ્ઞાપાલનનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ ?

તમે તિલક શા માટે કરો છો ? શિર તુજ આણ વહું... ભગવંત ! તમારી આજ્ઞા હું મસ્તકે ચડાવું છું. અમે સાધુ ચોવીસ કલાકના અને જીવનભરના ને ? તમે અમારા માટે શું માનો છો ? તે મને કહો અને તમે શ્રાવક કેટલા કલાકના? તમારું સમ્યગ્દર્શન કેટલા કલાકનું ? જેમ અમે ઓઘો બાજુએ ન મૂકી શકીએ, તેમ તમે પણ પરમાત્માની આજ્ઞાના પ્રતિક એવા તિલકને બાજુએ ન મૂકી શકો ને ? અમારું આજ્ઞાપાલન જેમ ચોવીસ કલાકનું, તેમ તમારો આજ્ઞાપાલનનો ભાવ પણ ચોવીસ કલાકનો ખરો ને ?



જેમને પૈસો જ મહત્ત્વનો લાગ્યો છે, તેમના ચોવીસ કલાક કયા કામમાં જાય છે ? તેમનું ભણવાનું એના માટે, તેમનો વ્યવહાર એના માટે અને તે કોઈને જોઈને બાજુએ ખસી જાય એ પણ એના માટે છે. એના ચોવીસ કલાક પૈસા માટે જ જેમ જાય છે, તેમ પરમાત્માની આજ્ઞા માટે તમારા જીવનમાં કેટલા કલાક જાય ? પરમાત્માની આજ્ઞાના પાલન માટે તમારા જીવનમાં ઉલ્લાસ કેમ ન હોય? પરમાત્માની આજ્ઞા હું કેમ નથી પાળતો ? આવો કોઈ પ્રશ્ન તિલક કરતાં તમને મનમાં ઉદ્ભવ્યો છે ખરો ? શ્રાવક તરીકે ભગવાનની આજ્ઞા તમારા માટે કઈ કઈ છે ? જાણો છો ખરા ?

તમારો કોઈ જૈનેતર મિત્ર હોય, એને વિચાર આવે કે મારે જૈનધર્મનો સ્વીકાર કરવો છે અને તે મૈત્રીના દાવે તમને પૂછે કે, 'જૈન તરીકે જીવનમાં શું શું કરવું જોઈએ ? તમે શું શું કરો છો ?' તો તમે એને શું કહો ? તમે એને કાંઈ કહી શકો ખરા ? જેના જીવનમાં શ્રાવકપણાના આચારો જ ન રહ્યા હોય તે શું કહી શકવાના હતા ?

## ı ધર્મોપદેશકનું કર્તવ્ય અને જવાબદારી :

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે, અમારો શ્રાવક મહાઆરંભ અને મહાપરિગ્રહનો ત્યાગી હોય.

નરક ગતિનાં ચાર મુખ્ય કારણો શાસ્ત્રકાર ભગવંતોએ બતાવ્યાં છે. ૧-મહાઆરંભ, ૨- મહાપરિગ્રહ, ૩-રૌદ્રધ્યાન અને ૪-પંચેન્દ્રિય જીવનો વધ. આ ચારમાં પણ મહાઆરંભ અને મહાપરિગ્રહ વધુ મુખ્ય છે. એના યોગે રૌદ્રધ્યાન અને પંચેન્દ્રિય વધના પ્રસંગો ઉપસ્થિત થાય છે. માટે તત્ત્વાર્થ સૂત્રમાં **'बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ।'** એમ કહીને નરકગતિના કારણ તરીકે મહાઆરંભ અને મહાપરિગ્રહને ગણાવ્યા છે. **જો તમારા જીવનમાં મહાઆરંભ અને મહાપરિગ્રહ હોય તો સમજી લેજો કે નરકગતિ તમારી રાહ જોઈ રહી છે.** હું સમજું છું કે આમ બોલવું એ અત્યંત કડવું છે. આમ છતાં એ હિતકારી હોવાથી હિતબુદ્ધિએ આવું કટુ સત્ય બોલવાની પણ અમને ફરજ પડે છે. આ માટે ઉપદેશમાળા નામના મહાન ગ્રંથરત્નમાં શ્રી વીરપ્રભુના સ્વહસ્તે દીક્ષિત બનેલા ધર્મદાસગણી એ લખ્યું છે કે –

'जह सरणमुवगयाणं जीवाणं सिरो निकिंतए जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवेंतो य ।।५१८।।'

**'જેમ શરણે આવેલા જીવનું કોઈ માથું કાપે તો તે જેવો ગણાય; તેમ આચાર્ય પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તો તે તેના જેવો ગણાય.'**

સર્વજ્ઞના સાધુ પાસે જે કોઈ આવે છે, તે અહીંથી સત્ય સાંભળવા મળશે, હિતકારી સત્ય સાંભળવા મળશે, એવા વિશ્વાસથી આવે છે. અહીં આવનાર મહાવિશ્વાસ લઈને આવે છે. એ એમ માને છે કે, અહીંથી 'સત્ય જ મળશે' અને 'હિતકર સત્ય મળશે જ.' આ બે વાત સમજી લેવા જેવી છે. અહીંથી જ્યારે જે પણ બોલાય તે સત્ય જ હોવું જરૂરી છે, તેમ અવસર આવે અહીંથી હિતકર સત્ય બોલાવું જ જોઈએ, એ પણ એટલું જ જરૂરી છે. **સત્ય બોલવાના અવસરે મૌન ન રહેવાય.** માટે અમારી જવાબદારી બહુ વધી જાય છે. અમારાથી તમારા હિતના ભોગે કે સત્યના ભોગે તમને રાજી રાખવાનો પ્રયત્ન ન જ કરાય. જો અમે તમને રાજી રાખવા માટે જેમ અસત્ય બોલીએ તો અમને કસાઈની ઉપમા લાગુ પડે, તેમ સત્ય બોલવાના અવસરે અમે મૌન રહીએ અને એ મૌન રહેવાના કારણે પણ તમે ઉન્માર્ગે જાઓ, ઉન્માર્ગને માર્ગ માની લો અને એના કારણે તમારું અહિત થાય તો પણ અમને કસાઈની ઉપમા લાગુ પડે છે. માટે તમને ગમે કે ન ગમે, જેમાં તમારું હિત હોય તેવી સાચી વાત અમારે તમને કહેવી જ પડે.

જેટલા તમારા બંગલા મોટા, ફેક્ટરી મોટી, ગાડી વધારે એટલી તમારી દુર્ગતિની શક્યતા વધારે. માટે તમારા બંગલા, ફેક્ટરીઓ, ગાડીઓ જોઈને અમને તમારી દયા આવે છે. જો અમને આ બધું જોઈને તમારી દયા ન આવે તો અમે તમારા સાચા હિતસ્વી નથી, અગર તો અમને હજુ સાધુપણાનો સ્વાદ આવ્યો નથી.

વીતરાગનો સાધુ એ જ કે જેને મન સત્તાધીશ કે સંપત્તિવાળાની કશી જ કિંમત ન હોય. એટલું જ નહીં પણ એ તેને મન દયાપાત્ર જ હોય. ઉપમિતિ ભવપ્રપંચા કથાના આઠમા પ્રસ્તાવમાં ષટ્ખંડ વિજેતા અનુસુંદર ચક્રવર્તીની વાત આવે છે. તે જીવનના છેલ્લા તબક્કામાં પોતાના રાજ્યને જોવા નીકળે છે. તે વખતે ગુરુ ભગવંત જ્ઞાનના ઉપયોગ દ્વારા જોઈ રહ્યા છે કે, મહાઆરંભ અને



મહાપરિગ્રહના કારણે એણે સાતમી નરકમાં જવા યોગ્ય કર્મો એકઠાં કરી લીધાં છે. આયુષ્ય હવે એક જ દિવસનું બાકી છે. જો એ બોધ પામે અને મહારંભ-મહાપરિગ્રહરૂપ ચક્રવર્તીપણાનો ત્યાગ કરી સર્વવિરતિ ધર્મની આરાધના કરે તો ઉગરી જાય. મહાકરુણાનિધાન ગુરુ ભગવંતે એમને ઉપદેશ આપી જગાડ્યા. સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. એ બરાબર સમજ્યા. એમણે સર્વસ્વનો ત્યાગ કરી ગુરુ ચરણે જીવન સમર્પિત કર્યું. એક જ દિવસના ચારિત્રની આરાધના એવા ઉત્કૃષ્ટ પરિણામે અમેણે કરી કે જેને લઈને સાતમી નરકે જવાની તૈયારી કરી ચૂકેલો એમનો આત્મા અનુત્તર વિમાનમાં પહોંચી ગયો અને એક ભવ પછી મોક્ષમાં જશે.

## ı અર્થ અને કામ અનર્થકારી છે :

જે વ્યક્તિ મરતાં સુધી મહાઆરંભ અને મહાપરિગ્રહમાં નિમગ્ન રહે છે, તેને માટે નરકગતિ નિશ્ચિત છે; માટે તમને જગાડવા છે. તમને આરંભ-પરિગ્રહની ભયાનકતાનો વાસ્તવિક પરિચય આપવો છે. તમને એ વાતનો બરાબર ખ્યાલ હોવો જોઈએ કે તમારાં કારખાનાં, તમારો બંગલો, તમારી સંપત્તિ તે પાપ છે. અઢાર પાપસ્થાનકનાં નામ બોલો છો ને ? તેમાં ચોથે શું બોલો છો અને પાંચમે શું બોલો છો ?

**સભા :** *ચૌથે મૈથુન અને પાંચમે પરિગ્રહ બોલીએ છીએ.*

મૈથુન એટલે પાંચેય ઈન્દ્રિયોના વિષયોનો ભોગવટો અને પરિગ્રહ એટલે નવેય પ્રકારનો પરિગ્રહ : આ બન્ને ય પાપ છે. એ વાત સમજાય છે ? આ બન્ને પાપ છે, એ વાત જેને ગળે ન ઉતરે તે ગમે તેટલી મહાપૂજા કરે કે મોટા મહોત્સવો કરે, મોટા સંઘ કાઢે કે મોટાં ઉજમણાં કરે, પણ વીતરાગના શાસનમાં તેની કોઈ કિંમત નથી. આ બે પાપને પાપ માને, પછી નાનો પણ ધર્મ કરે, પાંચ-દસ પૈસા ભંડારમાં પધરાવે કે ભગવાનની પૂજા કરે, તેનું મૂલ્ય ઘણું ઊંચું છે. આ બે પાપને પાપ ન માને તેના જીવનમાં બાકીનાં બધાં જ પાપ આવે. આ બે પાપને પોષવા માટે એ હિંસા પણ કરે, અસત્ય પણ બોલે, ચોરી પણ કરે, આ બધામાં સફળતા મળે તો એમાં અભિમાન કરે. સફળતા મેળવવા માયા કરે. એમાં કોઈ આડું આવે તો ક્રોધ કરે. જેમ જેમ સફળતા મળે, તેમ તેમ એનો લોભ વધે. રાગ-દ્વેષ, કજીયો, બીજાને આળ આપવો, ચાડી ખાવી, માયાપૂર્વક મૃષાવાદ કરવો એ બધાં જ પાપ એ કરે. એનું મિથ્યાત્વ મજબૂત હોય અને મજબૂત બનતું જાય. આ

બે પાપની પાછળ બધાં પાપો આવે છે. **જેમ જેમ પાપનો જથ્થો વધતો જાય તેમ તેમ દુર્ગતિની પરંપરાનું સર્જન થતું જાય.** આ બધું સાંભળ્યા પછી હવે તમારે શું કરવું છે ?

તમને એમ થાય છે કે, મારે મારા આ જીવનમાંથી બધાં જ પાપના મૂળ જેવાં આ બે પાપને દેશવટો આપવો છે. કદાચ આ જીવનને સાર્થક કરવા માટે વિશેષ આરાધના ન કરી શકું તો પણ વિરાધના તો નથી જ કરવી. ભલે કદાચ બીજું કાંઈ શક્ય ન બને તો છેવટે આ બન્નેય પાપોને અંતઃકરણપૂર્વક પાપરૂપ માનીને એનો સર્વથા ત્યાગ ન જ કરી શકું ત્યાં સુધી એના ઉપર અંકુશ તો મૂકવો જ છે. મહાઆરંભ અને મહાપરિગ્રહને છોડી ન શકું ત્યાં સુધી એને અલ્પ કરીને અલ્પારંભ અને અલ્પપરિગ્રહ દ્વારા જીવન જીવી લેવું છે; જેથી મારી દુર્ગતિ તો ન જ થાય અને જે સર્વત્યાગ આ જન્મમાં શક્ય ન બન્યો તે જન્માંતરમાં શક્ય બને તેટલો પાયો તો આ જન્મમાં મજબૂત કરી જ લેવો છે. એવો કોઈ વિચાર આવે છે, મહાનુભાવ ?

પરમતારક પરમાત્માશ્રી મહાવીર દેવે છેલ્લી સોળ પ્રહરની દેશના આપી, તેમાં કહ્યું કે –

> **'पुमर्था इह चत्वारः, कामार्थो तत्र जन्मिनाम् ।**
> **नामधेयादर्थवन्तौ, ह्यनर्थौ परमार्थतः ।।१।।'**

> **'જગતમાં ચાર પુરુષાર્થ છે, તેમાંથી અર્થ-કામ નામમાત્રથી અર્થભૂત છે. પરમાર્થે કરીને વિચારતાં જીવોને અનર્થરૂપ છે, અનર્થને કરનાર છે.'**

આ રીતે ભગવાને પણ અર્થ-કામને અનર્થકારી તરીકે વર્ણવ્યા છે. **બધા અનર્થનું, આપત્તિનું, ઉપાધિનું, કજીયાનું મૂળ આ અર્થ અને કામ બે છે.**

આજની કોર્ટ-કચેરી, જેલો, ગુનાખોરી, યુદ્ધો, આ બધું શાના કારણે છે ? અર્થ-કામના કારણે જ કે બીજા કોઈ કારણે ? વ્યવહારમાં પણ લોકોને એ વાત માન્ય રાખવી પડી છે કે, **'જર, જમીન ને જોરું, એ ત્રણ કજીયાનાં છોરું.'** આમ છતાં એનાથી છૂટવાનું મન કેમ નહિ ?

ભગવાનની અંતિમ દેશનાની ભાષામાં કહીએ તો **'અર્થ-કામ'**, પ્રાણાતિપાત



સૂત્રની ભાષામાં કહેવું હોય તો **'ચોથે મૈથુન અને પાંચમે પરિગ્રહ'**, મારા પરમતારક ગુરુદેવશ્રીજીની ભાષામાં કહેવું હોય તો **'સુખ અને સુખનાં સાધન'**, તમારી ભાષામાં કહેવું હોય તો **'રૂપ અને રૂપિયો'** અને વ્યવહારની ભાષામાં કહેવું હોય તો **'જર, જમીન ને જોરું'** આ બધાનું તાત્પર્ય એક જ છે. **આ અર્થ અને કામ પાયમાલીનું મૂળ છે. એની પાછળ પાગલ થનારા પાયમાલ થાય છે. તમે પણ એની પાછળ પાગલ બનીને પાયમાલી નોંતરી છે અને નોંતરી રહ્યા છો.** મારે તમારા ભ્રમાત્મક અનુભવ કરતાં ઊંધી વાત કરવાની છે, તમને આ વાત ગળે ઉતરે છે ? ન ઉતરતી હોય તો મહેનત કરીને પણ ગળે ઉતારવી પડશે. એમાં જ તમારું હિત છે. તમે હિત માટે અહીં આવતા હો તો અમારે પણ તમારા હિત માટે આ જ પ્રયત્ન કરવાનો છે અને તમારે એમાં મને ફરજીયાત સાથ-સહકાર આપવાનો છે.

અમે જ્યારે આ વાત ભારપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે કેટલાકો તો અમને પણ કહે છે કે, 'પૈસા વગર તમારાં કામ કેમ થશે ?' તેની સામે અમારો પ્રશ્ન એ છે કે, મંદિર બંધાવવું, એ અમારું કામ છે ? સંઘ કઢાવવા, એ અમારું કામ છે ? ઉજમણું કરાવવું, એ અમારું કામ છે ? ઉત્સવો-મહોત્સવો કરવા એ અમારું કામ છે ? કે આ બધાં તમારાં-શ્રાવકોનાં કામો છે ?

શ્રાવકોમાં પણ જેને પુણ્યયોગે ધન મળ્યું છે, તેણે તેનો સદુપયોગ કરવા, એમાંથી છૂટવા ધર્મ કરવાનો છે અને એ માટે આ બધાં અનુષ્ઠાનો કરવાનાં છે. જેને લક્ષ્મીનો વળગાડ વળગ્યો છે, તેને તેનાથી છોડાવવા આ અનુષ્ઠાનો કરાવવાનાં છે. જેમ કોઈને ભૂતાવળ વળગી હોય તેને ઉતાર કરવો પડે છે અને એ ઉતાર એવી જગ્યાએ મૂકવો પડે છે કે, જેથી એ ઉતાર કોઈને નુકસાન ન કરી શકે. તેમ જેને પરિગ્રહનો-લક્ષ્મીનો વળગાડ વળગ્યો છે, તેનો એ વળગાડ કાઢવા માટે આ ઉતાર કરવાનો છે અને એ ઉતાર કોઈને નુકસાન ન કરે તે માટે સાત ક્ષેત્રમાં મૂકવાનો કહ્યો છે. આ **સાત ક્ષેત્રમાં પરિગ્રહનો ઉતાર મૂકવાથી એ પરિગ્રહ અન્યને પણ નુકસાન કરી શકતો નથી.** એટલે એ વાત તમારા ધ્યાનમાં રહેવી જોઈએ કે, આ અનુષ્ઠાનો સાધુએ કરવાનાં નથી. કારણ કે એ તો પરિગ્રહનાં બંધનથી મુક્ત થયેલા છે. જે સંસારીઓ આ પરિગ્રહના બંધનથી બંધાયેલા છે, તેમણે તેનાથી છૂટવા માટે જ આ અનુષ્ઠાનો કરવાનાં છે. જે

સંસારનો ત્યાગ કરીને અહીં આવે એને પછી આ બધું કરવાની જરૂર નથી.

જ્યાં સુધી અર્થ-કામ સારા લાગે ત્યાં સુધી ભગવાનની આજ્ઞા સમજવાનું મન જ થતું નથી અને કોઈ સમજાવે તો પણ તે ગળે ઉતરતું નથી. આપણે સૌએ એ સમજવું જરૂરી છે કે, ભગવાનની આજ્ઞા શું છે ? કારણ કે જ્યાં સુધી ભગવાનની આજ્ઞા સમજાય નહિ, સમજેલી આજ્ઞા ગળે ઉતરે નહિ અને યથાશક્ય એનો અમલ થાય નહિ ત્યાં સુધી તમારું, અમારું, કોઈનું કલ્યાણ થાય નહિ.

### આજની કમનસીબી :

તમારા માટે ભગવાનની આજ્ઞા કઈ કઈ ? શ્રાવક જીવનના છત્રીસ કર્તવ્યોનું વર્ણન કરતી **'मन्नइ जिणाणमाणं'** સજ્ઝાયમાં સૌથી પહેલી આજ્ઞા છે, **'मिच्छं परिहरइ धरइ सम्मत्तं'** હું શું બોલ્યો તે કાંઈ સમજાયું ? ન સમજાય, કારણ કે તમને નથી તો સંસ્કૃત આવડતું કે નથી પ્રાકૃત આવડતું અને નથી આવડતું એનું દુઃખ પણ નથી. સંસ્કૃત-પ્રાકૃત તમને જરૂરી પણ લાગતું નથી. સંસ્કૃત-પ્રાકૃતના બદલે હવે તો ગુજરાતી પણ નથી આવડતું. આજે ઘણા લોકોનાં છોકરાંઓને ગુજરાતી પણ નથી આવડતું. ઘણા અમને એમ પણ કહે છે કે, 'મહારાજા સાહેબ, દસ વર્ષ પછી અમારા છોકરાઓને જો તમારા ઉપાશ્રયમાં આવતા રાખવા હશે તો તમારે વ્યાખ્યાન ઈંગ્લીશમાં કરવું પડશે.' સમજાય છે આ બેહાલી ! અમને કહે છે કે, 'અમારા છોકરાને તમારે આવતા રાખવા હશે તો... પણ એમને એમ નથી કે અમારે અમારા છોકરાને અહીં આવતા રાખવા છે.' જો એ ભાવના હોત તો છોકરાંને ઈંગ્લીશ મીડીયમ સ્કૂલોમાં ન મોકલ્યા હોત. કદાચ સંયોગવશ મોકલવા પડ્યા હોત તો ઘરે ટ્યુશન રાખીને પણ ગુજરાતી-સંસ્કૃત-પ્રાકૃત ભણાવ્યું હોત. પણ આજની હાલત તો એવી છે કે નથી એમને આજ્ઞા સમજવાની ઇચ્છા કે નથી તો પોતાનાં સંતાનોને ભગવાનની આજ્ઞા સમજાવવાની ઇચ્છા. ભગવાનની આજ્ઞા સમજ્યા વિના-પાળ્યા વિના અમે મરી જઈશું તો કઈ ગતિમાં જઈશું ? એની પણ ચિંતા નથી. આ બધો પ્રભાવ મિથ્યાત્વનો છે કે બીજું કાંઈ ?

### વકરો અને નફો :

**ધર્મકરણી એ વકરો છે અને તેના દ્વારા જે ગુણ પ્રાપ્તિ થાય છે તે નફો છે.** ધર્મકરણી જીવનભર કરીએ અને ગુણ પ્રાપ્તિ ન થાય તો શું કહેવાય ? માત્ર વકરો કર્યો પણ નફો ના કર્યો.



- **પૂજા કરીએ એ વકરો છે, ચિત્ત પ્રસન્નતા એ નફો છે.**
- **સામયિક એ વકરો છે, સમભાવ એ નફો છે.**
- **પ્રતિક્રમણ કરો એ વકરો છે, જીવનમાંથી પાપ-પ્રવૃત્તિ અને પાપવૃત્તિ ઘટે એ નફો છે.**
- **પૌષધ કરો એ વકરો છે, ધર્મભાવના પુષ્ટ થાય એ નફો છે.**
- **નવકારનો જાપ એ વકરો છે, પંચ પરમેષ્ઠી સાથેનું જોડાણ એ નફો છે.**
- **દાન આપવું એ વકરો છે, ધનનું મમત્વ ઘટે એ નફો છે.**
- **શીલ પાળવું એ વકરો છે, ભોગની આસક્તિ ઘટે એ નફો છે.**
- **તપ કરવો એ વકરો છે, આહારની લાલસા ઘટે એ નફો છે.**
- **ઉપવાસ કરવો એ વકરો છે, આત્માના સામીપ્યનો અનુભવ થાય તે નફો છે.**
- **વિવિધ પ્રકારની ધર્મકરણી કરો તે વકરો છે, વિષય વિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ, અપ્રમત્તભાવ પ્રગટે એ નફો છે.**

તમે વેપાર ગમે તેટલો કરો, વકરો ગમે તેટલો કરો, પણ નફો ન થાય તો? તે જ રીતે તમે પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જાપ, દાન, શીલ, તપ વગેરે અનેક પ્રકારની ધર્મકરણી કરો અને એના દ્વારા ગુણ પ્રાપ્તિરૂપ નફો ન થાય તો એનો ફાયદો શું ? ધર્મકરણી કરવા છતાં ગુણ પ્રાપ્તિ ન થઈ તો એનું કારણ શું ? એ કદી વિચાર્યું ? ધર્મકરણી કરવા છતાં ગુણ પ્રાપ્તિ ન થાય તો સમજવું કે આ બધી ધર્મકરણી આજ્ઞા-નિરપેક્ષપણે કરી એનું આ પરિણામ છે.

**શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાની ઉપેક્ષા કરીને ગમે તેટલી ધર્મકરણી કરવામાં આવે એનાથી ગુણ પ્રાપ્તિ ક્યારે પણ ન થાય.**

**કરેલી ધર્મકરણીનું વાસ્તવિક ફળ મેળવવું હોય, ધર્મકરણી દ્વારા તાત્ત્વિક ગુણ પ્રાપ્તિ કરવી હોય, ધર્મકરણી દ્વારા આત્મવિકાસ સાધવો હોય તો શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા પ્રત્યે આદર-બહુમાન કેળવવું જ પડશે.**

**આજ્ઞા પ્રત્યેના આદર વગરની બધી જ ધર્મકરણી નિષ્ફળ છે અને આજ્ઞા પ્રત્યેના અનાદરપૂર્વકની બધી જ ધર્મકરણી અનર્થકારક છે. માટે શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા પ્રત્યે આદર કેળવવો જરૂરી છે અને એ માટે આજ્ઞાને, આજ્ઞાના સ્વરૂપને અને આજ્ઞાના પ્રકારોને જાણવા અત્યંત જરૂરી છે.**

## ı શ્રોતા એ વક્તાની લગામ છે :

આજે તમને નવતત્ત્વનાં નામ, નવતત્ત્વનું સ્વરૂપ, નવતત્ત્વના ભેદ-પ્રભેદ (પ્રકારો) વગેરેનું જ્ઞાન છે ? પાંચ પ્રતિક્રમણનાં સૂત્રોનો અર્થ આવડે ? એનો શુદ્ધ ઉચ્ચાર કરતાં પણ આવડે ?

વ્યાખ્યાન દરમ્યાન અમે જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ વગેરે શબ્દોના પ્રયોગ કરીએ તો એ તમને સમજાય ખરા ? જો આ પ્રાથમિક કક્ષાની પરિભાષાનો ખ્યાલ ન આવે તો વિશિષ્ટ કોટિની પરિભાષાઓનો ખ્યાલ શી રીતે આવશે ? અને એ બધો ખ્યાલ ન આવે તો અમારે-તમારી સામે તત્ત્વજ્ઞાનની, આગમ ગ્રંથોની, યોગ અને અધ્યાત્મના ગ્રંથોની વાતો કરવી હોય તો શી રીતે કરવી ? ખરેખર તો શ્રાવકોની સભામાં ઊંચા તત્ત્વજ્ઞાનની જ વાતો કરવાની હોય.

થોડાં વર્ષો પહેલાં એવા શ્રાવકો મળતા કે જેમણે અગ્યાર અંગ સાંભળ્યાં હોય, બાર ઉપાંગ વગેરે સાંભળ્યાં હોય, પ્રકરણ ગ્રંથો અને યોગ-અધ્યાત્મના ગ્રંથો સાંભળ્યા હોય, સાધુની અને શ્રાવકની સામાચારીના ગ્રંથો સાંભળ્યાં હોય, આવા શ્રાવકો 'બહુશ્રુત' કહેવાતા. ભૂતકાળમાં આવા બહુશ્રુત શ્રાવકો ઘણા હતા અને તેઓ આગમાદિ ગ્રંથોનું શ્રવણ પૂરી એકાગ્રતાથી, બહુમાનભાવપૂર્વક કરતા અને એમાંથી ઘણું બધું યાદ રાખીને એની પરાવર્તના અને અનુપ્રેક્ષા પણ કરતા. આવનાર ગુરુ ભગવંતો સાથે તત્ત્વવિમર્શ પણ કરતા. ઉપદેશના નિરૂપણમાં ક્યાંક ત્રુટિ આવે તો વિનય-વિવેકપૂર્વક ધ્યાન પણ દોરતા.

મારા પરમતારક ગુરુદેવશ્રી કહેતા કે **'શ્રોતા એ તો વક્તાની લગામ છે.'** અમે બોલવામાં આઘા-પાછા થઈએ તો શ્રોતા અમને ઊભા રાખે. આઘું-પાછું બોલીએ તો તત્વજિજ્ઞાસાથી અમારી સામે જુએ, હાથ જોડીને પૂછે કે ભગવંત, ફરી સમજાવો, સમજાયું નહીં. એટલે સાધુ તરત સમજે કે કાંઈક ભૂલ થઈ લાગે છે. એટલે તરત જ સુધારી લેતા. જ્યારે આજે તો અમને એવા શ્રોતાઓ મળે છે કે, અમે શું બોલીએ છીએ એની સાથે જાણે કે એમને કોઈ સંબંધ જ નથી હોતો. સમજવાની દરકાર પણ નથી હોતી. તત્ત્વશ્રવણની ઉત્કંઠા જ નથી હોતી. વ્યાખ્યાન શ્રવણ પણ માત્ર વ્યવહાર બની ગયો હોય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ બધું જ આજ્ઞાની ઉપેક્ષાનું પરિણામ છે.



**આજ્ઞાની ઉપેક્ષાના યોગે વર્તમાનમાં પરમાત્માનું ધર્મશાસન પારાવાર આપત્તિમાં મૂકાયું છે. જેને જેમ અનુકૂળ આવે તેમ બોલી શકે છે અને વર્તી શકે છે. કોઈ કોઈને રોકનાર પણ નથી અને શું પરિણામ આવશે એની કોઈને ચિંતા પણ નથી. આ બધી બાબતો અત્યંત વ્યથા પેદા કરે તેવી છે. એમાંથી બહાર આવવું જ જોઈએ. એ માટેનો એક જ માર્ગ છે કે, 'હૃદયમાં આજ્ઞા પ્રત્યે અત્યંત આદર કેળવવો અને આજ્ઞાને સમજવાનો નિરંતર પ્રયત્ન કરવો.'**

## ı સંસારમાં રહે પણ રમે નહિ તે શ્રાવક :

જે માનવ જીવન આપણને પ્રાપ્ત થયું છે, એ જીવન કેટલું મૂલ્યવાન છે ? એની એકેક ક્ષણ કેટલી કિંમતી છે ? પરમાત્મા શ્રી મહાવીર ભગવંત પણ શ્રી ગૌતમ મહારાજાને કહે છે કે, 'હે ગૌતમ ! એક ક્ષણનો પ્રમાદ ન કરીશ.' આ કહીને ભગવાને માનવ જીવનની એક એક ક્ષણ કેટલી મૂલ્યવાન છે અને એમાં કર્મક્ષય કરવાની કેટલી તાકાત છે, એ સમજાવ્યું છે.

ધર્મના ક્ષેત્રે આજે પ્રમાદ અને નિષ્ક્રિયતા ઘર કરી ગઈ છે. એ માટે તમારો પ્રમાદ, તમારી નિષ્ક્રિયતા ખંખેરવી છે, તમે નિશ્ચિંત છો એમાંથી અમારે તમને સચિંત બનાવવા છે. તમે આત્મા, પુણ્ય, પાપ, પરલોક, મોક્ષ આ બધું ભૂલી ગયા છો, માત્ર પૈસો, તેનાથી મળતી સુખસામગ્રી, માન, મોભો એ બધાની પાછળ તમે તમારી જિંદગીને બરબાદ કરી રહ્યા છો, વેડફી રહ્યા છો, એવું અમને સ્પષ્ટ દેખાય છે. એમાંથી અમારે તમને સાવચેત કરી પાછા વાળવા છે અને આત્મકલ્યાણના માર્ગે આગળ વધારવા છે. આ બધું તમને મંજૂર છે ?

ભગવાન કહે છે, **'શ્રાવક સંસારમાં રહે એ બને પણ સંસારમાં રમે એ કદી ન બને.'** માટે પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે લખ્યું કે –

**'तत्त्वश्रद्धानपूतात्मा, न रमते भवोदधौ ।'**

> 'તત્ત્વની શ્રદ્ધાથી – સમ્યગ્દર્શનથી પવિત્ર બનેલો આત્મા સંસારમાં રમે નહિ.'

વરસાદ પડે ત્યારે નાના-મોટા બેયને બહાર જવાનો વારો આવે તો મોટો, મોટા ભાગે બહાર જાય નહિ અને જવું પડે તો પાણી કે કાદવમાં પગ ન મૂકતાં કિનારે-કિનારે ચાલે. જ્યારે બાળક તો દોડીને બહાર જાય અને પાણીમાં જ પડે

અને છબછબીયાં કરે. તેમ સંસારમાં છબછબીયા કોણ કરે ? મોહવશ બાળક જેવો હોય તે. ભગવાન કહે છે કે **સાચો શ્રાવક શક્ય પ્રયત્ને સંસાર છોડવાના પ્રયત્નમાં જ હોય. આમ છતાં કર્મયોગે એને સંસારની પ્રવૃત્તિ કરવી પડે તો પણ તે રસપૂર્વક તો ન જ કરે.** સમ્યગ્દૃષ્ટિ શ્રાવક સંસારમાં રહેવા છતાં સંસારથી વિરક્ત રહે છે. સંસારની પ્રવૃત્તિ ન છૂટકે કરે છે. તપેલા લોઢા ઉપર ચાલવા જેવી એની સંસારની પ્રવૃત્તિ હોય. ધાવમાતા જેમ પારકા સંતાનને જાળવે તેમ સંસારના વ્યવહારને એ જાળવતો હોય છે. એનું શરીર સંસારમાં હોવા છતાં એનું મન મોક્ષમાં હોય છે. આવા શ્રાવક માટે ભગવાન કહે છે કે, **'નિયમા વેમાણિયો હોઈ.'** નિર્મળ સમ્યગ્દર્શનને ધરનારો શ્રાવક નિયમા વૈમાનિક દેવલોકમાં જ જાય. સાચો સમ્યગ્દૃષ્ટિ શ્રાવક નરકમાં પણ ન જાય, તિર્યંચમાં પણ ન જાય, મનુષ્યમાં પણ ન જાય. એ તો વૈમાનિક દેવલોકમાં જ જાય.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકા રસોઈ કરતાં કરતાં મરે તો પણ વૈમાનિક દેવલોકમાં જાય. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક રૂપિયાની થપ્પી ગણતાં ગણતાં મરે તો પણ વૈમાનિક દેવલોકમાં જ જાય. શરત એટલી કે તે સમયે પણ તેનું સમ્યગ્દર્શન નિર્મળ-નિરતિચાર હોવું જોઈએ. જ્યારે તમે પૂજા કરતાં કરતાં પણ મરો તો વૈમાનિક દેવલોકમાં જ જાઓ, નવકાર મંત્ર ગણતાં ગણતાં મરો તો પણ વૈમાનિક દેવલોકમાં જ જાઓ, એમ કહેવાય તેવું છે ?

**સભા :** *ના, ન કહી શકાય.*

કેમ ન કહી શકાય ?

**સભા :** *કારણ કે ત્યારે પણ અમારા વિચાર-ભાવ સારા જ હોય તેવું કહી શકીએ તેમ નથી.*

ભગવાનની પૂજા કરો, નવકારવાળી ગણો ત્યારે પણ તમારા વિચાર સારા નહિ ?

**સભા :** *નાજી નહિ.*

કેમ નહિ ?

**સભા :** *આખો દિવસ સંસારના જ વિચાર આવતા હોય છે. ત્યારે પણ સંસાર સારો કેમ ચાલે એ જ ભાવ હોય છે.*



એક બાજુ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક માટે ભગવાન કહે છે કે, 'મારો શ્રાવક નોટ ગણતો હોય તો નોટ ક્યારે છૂટે ? પેઢીએ બેઠો હોય તો પેઢી ક્યારે છૂટે ? ઘરમાં બેઠો હોય તો ઘર ક્યારે છૂટે ? આ જ વિચારમાં હોય અને તમે ધર્મ કરતાં, પૂજા કરતાં, નવકારવાળી ગણતાં સંસાર સારો કેમ થાય એના વિચારમાં હો છો ! આ પ્રભાવ શાનો છે ? મિથ્યાત્વનો કે બીજું કાંઈ ?

ધર્મરત્ન પ્રકરણ ગ્રંથના આધારે ૩૫૦ ગાથાના સ્તવનમાં ભાવશ્રાવકના ભાવગત ગુણવર્ણનમાં કહ્યું છે કે –

**'આજ કાલ એ છાંડીશું, એમ વેશ્યાપરેં નિઃસનેહો રે;**
**ગેહો રે પર માને, ગુણ સત્તરમેં એ...'**

એને સંસારની કોઈ વસ્તુ પ્રત્યે સ્નેહરાગ હોય નહિ. એક જ વિચારમાં હોય કે આજે છોડીશ, કાલે છોડીશ; આ જ એનો ભાવ હોય. આ જ એનો મનોરથ હોય. પછી તેની કેવી સ્થિતિ હોય ? આ દૃષ્ટાંત કહીને ભગવાન કહે છે કે, સાચો શ્રાવક ઘરમાં, પેઢીમાં કે સંસારમાં બેઠો હોય તે છતાં પણ એનાથી ક્યારે છૂટું એ જ ભાવમાં રમતો હોય.

એની સામે તમે તમારી મનોદશાનો વિચાર કરશો તો તમને થશે કે ત્યાં પહોંચવા માટે જે નિષ્ઠા હોવી જરૂરી છે, તે નિષ્ઠા જ અમારામાંથી ચાલી ગઈ છે. આ પરિસ્થિતિમાં આગળ શી રીતે વધાય ?

શ્રાવક તરીકે ઓળખાતો વર્ગ, સંસારમાં મજેથી બેઠો હોય એ બને ? એ અર્થ-કામને ઉપાદેય માને તે બને ? એ અર્થ-કામનો ભોગવટો મજેથી કરે એ બને? આમ છતાં આજે બની રહ્યું છે કે, એ પણ હકીકત છે. જેનું પરિણામ ઘણું જ દારૂણ આવશે, એમ અમને લાગે છે.

## ı અર્થ-કામ છોડવા જેવા જ :

મારા પરમતારક ગુરુદેવશ્રી કહેતા કે, **'પુણ્યના ઉદયથી મળેલા સુખનો મજેથી ભોગવટો કરવો એટલે હાથે કરીને પોતાની દુર્ગતિ ઊભી કરવી.'**

આજે તમને જે લક્ષ્મી મળી છે, તે પુણ્યના ઉદયથી મળી છે, તેમ દાવાપૂર્વક કહી શકશો ખરા ? પુણ્યના ઉદય વગર લક્ષ્મી મળે જ નહિ, એ હકીકત છે. આમ છતાં 'મને મળેલી લક્ષ્મી પુણ્યના ઉદયથી મળી છે.' એવું બોલવાનો

અધિકાર તેને જ છે કે, જેણે લક્ષ્મી મેળવવા આડા-અવળા ધંધા કર્યા ન હોય. તમે, તમારા જીવનમાં જે પણ લક્ષ્મી મેળવી છે, તે સીધા રસ્તે જ મેળવી છે ને ? એ માટે કશું જ આડા-અવળું કર્યું નથી ને ? આ બધું કરીને પણ 'લક્ષ્મી પુણ્યથી જ મળી છે.' એવું તમે બોલો તો એ શોભે ખરું ? જ્ઞાની ભગવંતો તો કહે છે કે, **'જેણે લક્ષ્મી મેળવવા કશું જ આડા-અવળું નથી કર્યું, સીધે રસ્તે જ લક્ષ્મી મેળવી છે, અગર મળી છે, એને મળેલી એ લક્ષ્મી પુણ્યના ઉદયથી મળી કહેવાય. આમ છતાં એ પુણ્યના ઉદયથી મળેલી લક્ષ્મીને પણ જે કોઈ મજેથી ભોગવે, તેમાં આસક્ત થાય તે દુર્ગતિમાં જ જાય.'** આ વાત તમને ગળે ઉતરે છે ? જ્યાં સુધી આ વાત તમારા ગળે ઉતરે ત્યાં સુધી તમારો પણ નિસ્તાર નહિ થાય.

સામેથી સાપ આવતો હોય, ફેણ ચડાવેલી હોય, સુંવાળો હોય, રૂપાળો હોય, તડકામાં ચળકતો હોય, એકદમ શીતળ હોય, આમ છતાં સમજુને એને અડવાનું-ભેટવાનું મન થાય ? જો કદાચ કોઈ નાનો બાળક અણસમજમાં એને પકડવા જાય તો પરિણામ શું આવે એ કહેવાની જરૂર લાગે છે ? **પુણ્યના ઉદયથી મળતા અર્થ-કામ, વિષય-ભોગ સુંવાળા સાપ જેવા છે. એની પાછળ સમજુ-વિવેકી દોડે નહિ.** તમે તમારી જાતને સમજુ-વિવેકી તરીકે ઓળખાવવા છતાં એની પાછળ દોડો છો – એ જોઈને જ્ઞાનીઓને તમારી દયા આવે છે કે, 'તમારું શું થશે ?' **સાપની પાછળ જતાં બાળકને અટકાવવું સહેલું છે, કારણ કે એ માને સમર્પિત હોય છે. તમને અટકાવવા ત્યારે જ શક્ય બને કે જ્યારે તમે જ્ઞાનીને સમર્પિત હો !** તમે જ્ઞાનીને સમર્પિત છો ? જ્ઞાનીઓના સદ્ઉપદેશને સાંભળીને જો તમે અર્થ-કામ પાછળની તમારી દોડ નહીં છોડો તો તેનું પરિણામ તમારે માટે કેવું આવશે એ વિચારતાં પણ કમકમાટી આવે છે. ખરી વાત એ છે કે મિથ્યાત્વ મર્યું નથી; સમ્યક્ત્વ આવ્યું નથી, એના યોગે જ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા બેઠી નથી, એનું આ પરિણામ છે.

જ્ઞાનીઓએ-અર્થને અનર્થકારી કહ્યો, વિષયોને વિષ જેવા કહ્યા, ભોગને ભોરીંગ જેવા કહ્યા. આ વચન ઉપર જેને શ્રદ્ધા હોય તેને અર્થ-કામ પાછળ દોડવું પડે તો પણ ડગલે-પગલે એને ડંખે, તમને ડંખે છે ? તમારાં જોડાં નવાં હોય અને ડંખતા હોય તો મજેથી ફરી શકો ? તે વખતે તમારી હાલત શું હોય ? તેમ **સમ્યગ્દૃષ્ટિ એનું નામ કે જેને ડગલે ને પગલે સંસાર ડંખતો હોય.** ઘરે જાવ અને દીકરો પપ્પા કહીને બોલાવે તો મલકાવ, ઓફિસમાં જાવ અને તમારો જ પગાર



ખાતો ભૈયો સલામ ભરે અને તમારી છાતીના સેન્ટિમીટર વધે, એ તમારી હાલત કેવી ? તમારો જ ભૈયો તમારા રૂપિયા લઈને તમને સલામ ભરે એમાં ધાડ શું મારવાની ?

એક બાજુ વીતરાગનો સાધુ, જેના ચરણોમાં હજારો, લાખો નમે છતાં જેને માન સ્પર્શી શકતું નથી અને બીજી તરફ તમે જરાક કોઈએ મોટા કર્યા કે માન સ્પર્શી જાય, જરાક કોઈએ બોલાવ્યા, માન આપ્યું કે ગમે. કોઈએ ન બોલાવ્યા, માન ન આપ્યું તો ખટકે તો એનું પરિણામ શું ? આવો વિચાર આવે છે ખરો ? કેમ નથી આવતો ?

## ૧ રાગ પણ સંક્લેશ અને દ્વેષ પણ સંક્લેશ :

મોટા ભાગના જીવોની હાલત એવી છે કે, અનુકૂળતામાં રાગ કરીને મરવાનું છે. પ્રતિકૂળતામાં દ્વેષ કરીને મરવાનું છે, સુખમાં રાગ કરીને મરવાનું છે, દુઃખમાં દ્વેષ કરીને મરવાનું છે.

**જેમ પ્રતિકૂળતામાં દ્વેષ થાય એ સંક્લેશ છે, તેમ અનુકૂળતામાં રાગ થાય એ પણ સંક્લેશ છે. ગરમીનો ઘણો બફારો હોય ત્યારે જે અકળામણ થાય તે જેમ સંક્લેશ છે; તેમ તે સમયે ઠંડા પવનની લહેર આવતાં જે આનંદનો અનુભવ થાય તે પણ સંક્લેશ છે. અનુકૂળતામાં આનંદની અનુભૂતિ તે સમાધિ નહિ પણ સંક્લેશ છે.**

પંચસૂત્રમાં આ કહ્યું છે કે – અનુકૂળતામાં રતિ અને પ્રતિકૂળતામાં અરતિ એ બન્ને સંક્લેશ છે. અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષરૂપ સંક્લેશ જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે ચાર શરણનો સ્વીકાર, દુષ્કૃત ગર્હા અને સુકૃતની અનુમોદના કરવાની છે.

શરણ સ્વીકારવાનું મન કોને થાય ? જેને સંક્લેશનો અર્થાત્ કે અનુકૂળતામાં થતી રતિ અને પ્રતિકૂળતામાં થતી અરતિનો ભય લાગે તેને. જ્યાં સુધી સંક્લેશના ભય ન લાગે, તેનાથી બચવાનો ભાવ ન જાગે ત્યાં સુધી ચારના શરણે જવાનું મન ન થાય. રતિ-અરતિ સંક્લેશરૂપ છે. સંક્લેશ કર્મબંધનું કારણ છે અને કર્મબંધથી સંસારનું પરિભ્રમણ વધે છે.

મારે સંસારમાં પરિભ્રમણ કરવું નથી, એવું જેના મનમાં થાય તે સંક્લેશથી, રતિ-અરતિના ભાવોથી બચવા ચારના શરણનો સ્વીકાર કરે.

અરતિ ઘણાને ખટકે છે, પણ અનુકૂળતામાં થતી રતિ ખટકતી પણ નથી અને એનાથી બચવાનો ભાવ પણ નથી. પછી શરણે જવાનું મન થાય ક્યાંથી ?

**દુઃખમય સંસારથી બચવા ભગવાનના, સાધુના કે શાસનના શરણે, કોઈ જાય એનું મહત્ત્વ નથી, પણ સુખમય સંસારથી, સુખમય સંસારમાં થતી રતિથી બચવા ભગવાનના, સાધુના કે ધર્મના શરણે જાય તેનું મહત્ત્વ છે.**

**સંસારનું દુઃખ જેટલું ખરાબ છે, તેના કરતાં સંસારનું સુખ વધારે ખરાબ છે. સંસારના દુઃખનું મૂળ જ સંસારનું સુખ છે. સંસારના સુખનો રસિયો જીવ પાપ કર્યા વિના રહી શકતો નથી અને પાપ કરે એટલે દુઃખ આવ્યા વિના રહેતું નથી. દુઃખમુક્તિનો ખરો ઉપાય પાપમુક્ત થવું તે છે અને પાપમુક્તિનો સાચો ઉપાય સાંસારિક સુખથી મુક્ત થવું તે છે.**

જે કોઈ સાંસારિક સુખથી મુક્ત થવા ઈચ્છે તેને માટે સાધુધર્મ શ્રેષ્ઠ શરણ છે. માટે જ શ્રી જૈનશાસનના ધર્મોપદેશકો મુખ્યપણે સાધુધર્મનો જ ઉપદેશ આપે છે. **શ્રી જૈનશાસનના ધર્મોપદેશક તરીકેની જવાબદારીને ધરાવનાર શ્રોતાની યોગ્યતા જણાવવા છતાં સાધુધર્મનો ઉપદેશ ન આપે તો તેનો અર્થ એવો થાય છે કે તેમના જીવનમાં તેમને સાધુજીવનનો આસ્વાદ આવ્યો નથી અગર તેમના હૈયામાં શ્રોતાવર્ગ પ્રત્યે સાચો કરુણાભાવ પ્રગટ્યો નથી.**

જેના હૈયે વૈરાગ્ય હોય, જેને સાધુતાનો સાચો સ્વાદ આવ્યો હોય, જેનું હૈયું કરુણાથી ભીંજાયેલું હોય અને જેણે સર્વજ્ઞ વીતરાગની આજ્ઞાને પચાવી હોય તેવો ધર્મોપદેશક, શ્રોતાવર્ગ યોગ્ય હોય તો સાધુપણાનો ઉપદેશ આપ્યા વિના રહી શકે જ નહિ અને શ્રોતા પણ યોગ્ય અને શક્તિશાળી હોય તો એ ઉપદેશ ઝીલીને સાધુ બન્યા વિના પણ રહે નહિ અને જો કદાચ તેવી શક્તિ ન હોય તો તે ભલે સાધુ બની ન શકે પણ સાધુ બનવાની ભાવના તો એને અવશ્ય થાય જ કારણ કે **દુઃખના મૂળભૂત ભૌતિક સુખથી બચી આધ્યાત્મિક સુખની અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ શ્રમણજીવન-સાધુપણું છે.**

## 1 દીક્ષાર્થીની પરીક્ષા અને તેના પ્રકારો :

સર્વજ્ઞ વીતરાગની આજ્ઞાને સમજનારો સાધુ જ્યારે પણ ધર્મનો ઉપદેશ આપે ત્યારે મુખ્યતાએ સાધુધર્મનો જ ઉપદેશ આપે પણ શ્રોતા જ્યારે સાધુપણું લેવા તૈયાર થાય ત્યારે વગર વિચાર્યે કે વગર પરીક્ષાએ સાધુધર્મનું પ્રદાન તો ન જ



કરે. **સાધુપણું જ લેવા અને દેવા જેવું હોવા છતાં, તે ગમે તેણે અને ગમે તેને તો દેવા - લેવા જેવું નથી જ.** એ માટે પણ યોગ્યતા જોવી પડે છે. યોગ્યને જ તે આપી શકાય છે. દીક્ષા લેવા આવનારની જ્યારે પરીક્ષા કરવાનો અવસર આવે ત્યારે બાળકની બે પરીક્ષા કરવાની હોય છે અને મોટાની ત્રણ પરીક્ષા કરવાની હોય છે.

**સભા :** *નાનો કે મોટો, દીક્ષા તો બન્નેએ સરખી જ લેવાની છે અને સરખી જ પાળવાની છે છતાં નાનાની બે જ પરીક્ષા અને મોટાની ત્રણ એવું કેમ?*

નાનો બાળક એ કોરી પાટી જેવો હોય છે માટે એની બે જ પરીક્ષા અને મોટો ખરડાયેલી પાટી જેવો હોય છે માટે એની ત્રણ પરીક્ષા. ઘણા મોટા તો એવા પણ હોય કે અહીં આવીને ગુરુને પણ કહે કે 'મહારાજ સાહેબ ! તમારી ઉંમરના તો મારે ચાર દીકરા હતા. તમારા કરતાં મેં દુનિયા ઘણી જોઈ છે.' આવા લોકો અહીં ગુરુને પણ દબાવે અને ગુરુ પાસે પણ ધાર્યું કરાવવાની જ મહેનત કરે. માટે એમની તો પાકી પરીક્ષા કરવી પડે. **તમે એક માટલું પણ લેવા જાઓ તોય ટકોરા માર્યા વિના લાવતા નથી તો માણસ જેવા માણસને લેવાનો હોય ત્યારે પરીક્ષા તો કરવી જ પડે.**

નાનો બાળક દીક્ષા લેવા આવે ત્યારે માત્ર બે જ પરીક્ષા કરવાની.

૧. પોતાના માતા-પિતા વગર રહી શકે તેવો હોવો જોઈએ અને

૨. ગુરુ કહે તેમ કરે તેવો હોવો જોઈએ.

જે બાળકમાં મુખ્યપણે આ બે ગુણ દેખાય તેને દીક્ષા આપી શકાય. પણ મોટાની તો ત્રણ પરીક્ષા જ કરવાની.

૧- પ્રશ્નપરીક્ષા, ૨- કથાપરીક્ષા અને ૩- પરિચયપરીક્ષા. મોટી ઉંમરના જે કોઈ દીક્ષા લેવા આવે તે આ ત્રણ પરીક્ષામાં પાસ થવા જોઈએ.

**૧- પ્રશ્નપરીક્ષા :-** મોટી ઉંમરનો પુણ્યાત્મા દીક્ષા લેવા આવે એટલે પહેલાં એને 'તમે કોણ છો, ક્યાંથી આવ્યા છો ? દીક્ષા શા માટે લેવી છે ?' એમ પૂછવું પડે. એના જવાબમાં એ પોતાનું સાચું નામ, સાચું સ્થળ, સાચા સંયોગો રજુ કરી, 'સંસારની અસારતા જાણીને ભવસાગર તરવા આવ્યો છું' એવા ભાવનો જવાબ આપે તો પહેલી પરીક્ષામાં પાસ કહેવાય.

પોતાનો સાચો પરિચય આપવામાં જે આઘોપાછો થાય તે અયોગ્ય. પરિચય સાચો આપે પણ દીક્ષા લેવાના કારણમાં સાચો ભવ-વૈરાગ્ય ન હોય, સંસાર સાગર તરવાનો ભાવ ન હોય તો પણ અયોગ્ય. દુઃખનો માર્યો – સુખ મેળવવા - ભોગવવા અહીં આવતો હોય તો પણ અયોગ્ય.

'મહારાજ સાહેબ ! હું દુઃખી થઈ ગયો છું. દીકરો કહ્યું કરતો નથી. દીકરાની વહુ મને જાળવતી નથી. ઘરમાં માન-મોભો જળવાતો નથી. કુટુંબ સાથે મેળ જામતો નથી. મારે છેલ્લાં વર્ષો શાંતિનાં પસાર થઈ જાય તો સારું, એ માટે દીક્ષા લેવી છે.' આવી ભાવનાથી આવેલાને દીક્ષા ન અપાય. એને કહેવું પણ પડે કે 'ભાઈ તારા કુટુંબ સાથે તારો મેળ જામતો નથી તો અહીં તો જાત જાતના ગામ-ગામના અને દેશ-દેશાવરના બધા છે. આ બધા સાથે તારો મેળ શી રીતે જામશે?' વગેરે કહી એને રવાના કરવો પડે. અગર સાચું સમજે તેવો હોય તો તેની મનોવૃત્તિનું પરિવર્તન કરી તેનામાં સાચો વૈરાગ્ય પ્રગટે તેવો પ્રયત્ન કરવો પડે. પણ જ્યાં સુધી મનોવૃત્તિનું વાસ્તવિક-સમુચિત પરિવર્તન ન થાય ત્યાં સુધી દીક્ષા ન અપાય.

**૨. કથાપરીક્ષા :-** પહેલી પ્રશ્નપરીક્ષામાં જે પાસ થાય તેના માટે બીજી કથા પરીક્ષા કરવાની હોય છે. આ પરીક્ષા માટે તેની સામે દીક્ષા લીધા પછી ભૂખ-તરસ, ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર, આક્રોશ-અપમાન વગેરે બાવીશ-બાવીશ પરીષહો કેવી રીતે વેઠવા પડશે તેનો તેને ખ્યાલ આપવો પડે અને તે વખતે એના ચહેરાનું નિરીક્ષણ કરવું પડે. આ વર્ણન કરતાં જો એનો ચહેરો પડી જાય તો પણ તે અયોગ્ય. આ સાંભળતા જો તેના ચહેરા ઉપર ખંધાઈના ભાવ આવે- કે 'વાંધો નહિ હમણાં મહારાજ કહે તેમાં હા પાડો ! આવ્યા બાદ જોયું જશે !' અંદર આવીને પગ પહોળા કરવાની વૃત્તિ દેખાય તો તે પણ દીક્ષા માટે અયોગ્ય છે.

સાચા સાધુ પાસે જ્યારે દીક્ષા લેવા આવનાર પહેલી પરીક્ષામાં પાસ થાય એટલે બીજી પરીક્ષા કરવા માટે એ દરેકે દરેક પરીષહોનું વિગતવાર વર્ણન કરે અને કહે કે 'મહાનુભાવ ! જેને ઈંદ્રિયોનું સુખ કહેવાય, કષાયોથી પ્રગટતું સુખ કહેવાય તેવું એક પણ ભૌતિક સુખ અહીં નહીં મળે. ઉપરથી ઈંદ્રિયોને, શરીરને, મનને કષ્ટ થાય એવાં અનેક દુઃખો તારે ભોગવવાં પડશે ! આહાર મળશે તો પાણી નહિ મળે, પાણી મળશે તો આહાર નહિ મળે. આહાર પણ લુખો-સુકો ઠંડો



મળશે. જે મળશે, જેટલું મળશે એમાં ચલાવવું પડશે. અંગ ઢાંકવા પૂરાં કપડાં મળે પણ ખરાં અને ન પણ મળે ! મૂલ્યવાન વસ્ત્રો તો મળે તો પણ નહિ લેવાય, નહિ વપરાય. જીર્ણ-શીર્ણ વસ્ત્રો પહેરી ચલાવવું પડશે. ખુલ્લા પગે ચાલવું પડશે, માથાના વાળનો લોચ કરાવવો પડશે, શરીર ઉપર મેલ ચડશે છતાં નવાશે નહિ, હાથ-પગ-મોં ધોવાશે નહિ, ગરમી લાગશે છતાં મોં ઉપર પાણી છંટાશે નહિ. ઘરમાં ભલે તું બધાથી મોટો હોય, બધે તારું માન જળવાતું હોય, સો વાતમાં તારો અભિપ્રાય લેવાતો હોય, બધા તને આગળ કરતા હોય પણ અહીં તારે બધાથી નાના થઈને રહેવું પડશે,નાનાનું પણ અપમાન વેઠવું પડશે. તારો અભિપ્રાય તો કોઈ લક્ષ્યમાં નહિ લે પણ બીજાના અભિપ્રાય મુજબ તારે ચાલવું પડશે. તને કોઈ આગળ તો નહિ કરે પણ સૌથી પાછળ તારે રહેવું પડશે. દરેક પ્રકારના ટાઢ-તડકા વેઠવા પડશે, દરેક પ્રકારનાં દુઃખ સહન કરીશ તો જ તારું સાધુપણું સાર્થક થશે અને તારા આત્માનું કલ્યાણ થશે.' આ બધું કહેતી વખતે ધર્મગુરુ દીક્ષાર્થીનો ચહેરો જોતા જાય. જો તે યોગ્ય હોય તો તેનો ચહેરો ખીલતો જાય, ચહેરા ઉપર આનંદ વ્યક્ત થતો જાય. તેના મુખમાંથી સહેજે એવા ઉદ્‌ગારો નીકળે કે 'ભગવંત ! સંસાર માટે સંસારમાં શું નથી વેઠ્યું ? એ વેઠીને પણ પાપ બાંધ્યું છે, આ તો આત્મા માટે વેઠવાનું છે અને એનાથી મારું તો કલ્યાણ થવાનું છે ને ? ભગવંત અહીં મારે સુખ છોડીને, દુઃખ વેઠવા જ આવવાનું છે, જેના દ્વારા સાચું આત્મિક સુખ પામી શકાય.' આવા ભાવનો જવાબ જે સહેજે સહેજે આપે તે આ પરીક્ષામાં પાસ ગણાય પણ જો આ વર્ણન કરતાં એનો ચહેરો પડી જાય, 'આવું તો સહન શી રીતે થાય ?' એવા ઉદ્‌ગારો નીકળે, તો તે બીજી પરીક્ષામાં નાપાસ ઠરે છે. તે દીક્ષા માટે અયોગ્ય ઠરે છે. કેટલાક તો એવા પણ હોય કે આવા સમયે ચહેરા ઉપર અશક્તિના કોઈ જ ભાવ ન આવવા દે પણ મનમાં ખંધાઈથી વિચારે કે એક વાર આવી જવા દો પછી કેટલું વેઠવું, ન વેઠવું આપણા હાથની વાત છે ને ? એની આંખ ઉપરથી જો આ ખંધાઈનો કોઈ અણસાર આવી જાય તો તે પણ દીક્ષા માટે અયોગ્ય છે એમ જાણીને તેને પણ દીક્ષા માટે ના જ પાડવી પડે.

**૩. પરિચયપરીક્ષા :-** જે દીક્ષાર્થી બીજી કથાપરીક્ષામાં પાસ થાય તેને માટે ત્રીજી પરિચય-પરિક્ષા કરવાની હોય છે. આ પરિચયપરીક્ષા માટે દીક્ષાર્થીના પ્રત્યેક વ્યવહારો દ્વારા એની યોગ્યતાનો નિર્ણય કરવાનો છે અને એ માટે એનો પરિચય કરવાનો હોય છે. સંસારના વ્યવહારમાં પણ કહેવાય છે કે 'સોનું કસીને

અને માણસ વસીને.' દીક્ષાર્થીનો પરિચય કરવા જ્યારે એને સાથે રાખવામાં આવે ત્યારે તેની વિવિધ પ્રકારની રુચિઓ અને શક્તિનું માપ કાઢીને એ શક્તિનો યથોચિત સંયમમાર્ગમાં બરાબર ઉપયોગ કરશે કે નહિ તે નક્કી કરવાનું હોય છે. આ માટે જો તે તપની શક્તિવાળો હોય તો વારંવાર નાના મોટા તપ કરવાની ગુરુ પ્રેરણા કરે. લેવા આવ્યો હોય બેસણાનું પચ્ચક્ખાણ અને જરૂર પડે ઉપવાસ કરવાનું પણ ગુરુ કહે. તે વખતે જો પ્રસન્નતાથી તપ કરે તો યોગ્ય, અને પ્રસન્નતા ન જળવાય કે કહેવા છતાં પણ કરવા તૈયાર ન થાય તો તે અયોગ્ય ઠરે છે. દીક્ષાર્થી શરીરનો સશક્ત હોય તો તેને અનેક વાર નાનાં-મોટાં કામ બતાવી તેના ઉત્સાહનું – મનના પરિણામનું માપ કાઢવામાં આવે, એક કામ કરીને આવે, હજુ બેસે ત્યાં બીજું કામ બતાવે. જો તે વખતે પ્રસન્નતાપૂર્વક કામ કરવા જાય તો યોગ્ય અને નારાજ થઈને પગ પછાડતો જાય કે 'જાઉં છું, પછી જઈશ,' એવું કહે તો અયોગ્ય ઠરે છે. શ્રીમંત હોય તેને વિવિધ પ્રકારનાં ધર્મકાર્યમાં ધનનો વિનિયોગ કરવાનો ગુરુ ઉપદેશ આપે ત્યારે ઉત્સાહપૂર્વક વાપરે તો યોગ્ય ઠરે પણ જો તેમાં ઉત્સાહ ન દેખાય, આડાં-અવળાં બહાનાં કાઢે તો અયોગ્ય પૂરવાર થાય. આ માટે કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં જણાવે છે કે -

**'યः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न धनं वपेत् ।**
**कथं वराकश्चारित्रं, दुश्चरं स समाचरेत् ।।१।।'**

**'જે બાહ્ય અને નાશવંત એવા પણ છતા ધનને ક્ષેત્રમાં (શુભ કાર્યમાં) વાપરતો નથી તે ગરીબડો દુશ્ચર એવા ચારિત્રનું પાલન શી રીતે કરશે ?'**

આ રીતે પ્રશ્નપરીક્ષા, કથાપરીક્ષા અને પરિચયપરીક્ષા એમ ત્રણેય પરીક્ષામાં જે પાસ થાય તે જ દીક્ષા માટે યોગ્ય ગણાય અને તેને દીક્ષા આપવી. તેવા **યોગ્યને જ દીક્ષા આપવામાં આવે તો જિનાજ્ઞાનું પાલન થાય નહિ તો જિનાજ્ઞાની વિરાધનાનું પાપ લાગે.**

**જે ગુરુઓ દીક્ષા લેવા આવનારની યોગ્યતાની પરીક્ષા કરતા નથી તેઓ જિનાજ્ઞાના આરાધક ન બનતાં વિરાધક બને છે.**



કેટલાક તો એવા પણ ગુરુઓ હોય છે કે, ભૌતિક પ્રલોભનો આપીને જ દીક્ષા આપતા હોય છે. તારા ઘરે એક શાક મળે છે, પણ જો તું દીક્ષા લઈશ તો તને ઘર ઘરનાં શાક, રોજ મિષ્ઠાન્ન, જ્યાં જાય ત્યાં માન-સન્માન, રહેવા માટે મોટા મહેલ જેવાં મકાન મળશે, આવાં **દુન્યવી પ્રલોભનો આપીને દીક્ષા આપનારા ગુરુઓ જિનાજ્ઞાની આરાધનાને બદલે વિરાધના કરે છે.**

**'જે ગુરુઓ દીક્ષા આપ્યા બાદ શિષ્યનો યોગ-ક્ષેમ કરતા નથી. તે જૈનશાસનના પરમશત્રુ છે'** એવું મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'માર્ગપરિશુદ્ધિ' નામના ગ્રંથમાં '**परः प्रतीपः जिनशासनस्य ।**' પદ દ્વારા સ્પષ્ટ ઉદ્‌ઘોષિત કર્યું છે.

**પરમતારક પરમાત્માના શાસનની દીક્ષા જેટલી મહાન છે તેટલા જ મહાન દીક્ષાને આપનાર અને લેનાર પણ હોવા જ જોઈએ.** આત્મકલ્યાણ માટે દીક્ષા લેવી અનિવાર્ય હોવા છતાં દીક્ષા લેનાર અને દેનાર બન્નેય યોગ્ય હોવા જોઈએ. જો તે યોગ્ય ન હોય તો દીક્ષા લેનાર-દેનાર બેય શ્રી જિનાજ્ઞાના વિરાધક બને છે.

જેણે પણ આત્મકલ્યાણ કરવું હોય તે પ્રત્યેક શ્રાવકે દીક્ષાના લક્ષ્યને જીવનમાં આત્મસાત્ કરવું જ જોઈએ. દીક્ષા જેનું લક્ષ્ય હોય તેવા શ્રાવકે દીક્ષાની યોગ્યતા અને ક્ષમતા કેળવવા યથાશક્ય પ્રયત્ન રોજ કરવો જોઈએ.

## ૧ ઉપાશ્રયો કોને માટે :

જીવનભરની સર્વવિરતિરૂપ દીક્ષાના અર્થી શ્રાવકને એના અભ્યાસ માટે સામાયિક કરવું ખૂબ જ ગમે. એ જ્યારે સામાયિક કરે ત્યારે તેને લાગે કે બે ઘડી માટે આ સંસાર છૂટ્યો અને એટલો પણ સાધુતાનો આસ્વાદ મળ્યો. '**समणो इव सावओ**' એ પદ આવતાં એને રોમાંચ થાય. સામાયિકમાં સાધુતાનો સાચો સ્વાદ લેવો હોય તો ઘરમાં સામાયિક કરવાથી ન મળે. ઘરમાં જ્યાં ત્યાં નજર ફરતી હોય, ઘરનું વાતાવરણ કાને અથડાતું હોય ત્યારે સામાયિકનો આસ્વાદ આવે શી રીતે ?

**ધર્મસ્થાનમાં, પૌષધશાળામાં, સામાયિકશાળામાં કે ઉપાશ્રયમાં સામાયિક કરવાથી જે સાધુતાનો આસ્વાદ આવે તે ઘરના વાતાવરણમાં ન આવે.**

આજે તો ઉપાશ્રયો સાધુ માટેના જ હોય એવું બની ગયું. સાધુ આવે ત્યારે ઉપાશ્રય ખૂલે બાકી ઉપાશ્રયમાં કોઈ શ્રાવકો ન મળે. એક સમય એવો હતો કે ઉપાશ્રયો સવારથી સાંજ સુધી સામાયિક વગેરે આરાધના કરનારાઓથી અને પર્વદિવસે પૌષધ કરનારાઓથી ભરેલા રહેતા. આજે સાધુ મહારાજ આવે ત્યારે ઉપાશ્રયો ખૂલે અને જાય ત્યારે બંધ થાય તો ખરેખર આ ઉપાશ્રયો કોને માટે ? સાધુ માટે કે શ્રાવક માટે ? સાધુ માટે બનેલા ઉપાશ્રયમાં સાધુથી રહેવાય નહિ. એ આધાકર્મિક કહેવાય.

**સભા :** *આધાકર્મિક એટલે શું ?*

જે પણ વસ્તુ સાધુ માટે જ બનાવવામાં આવી હોય તે આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ-ઉપાશ્રય એ બધું આધાકર્મિક કહેવાય. એનો ઉપયોગ જો સાધુ શાસ્ત્રે બતાવેલાં વિશિષ્ટ કારણો વિના કરે તો સાધુને પાપ લાગે. સાધુનું ચારિત્ર મલિન થાય અને શ્રાવક પણ સાધુને શાસ્ત્રે બતાવેલાં કારણો સિવાય દોષિત આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ આપે તો શ્રાવકને પણ દોષ લાગે. **શાસ્ત્રે બતાવેલાં કારણો સિવાય સાધુને દોષિત આહાર-પાણી વગેરે આપનાર અને લેનાર બંનેય શ્રી જિનાજ્ઞાના આરાધક ન બનતાં વિરાધક બને છે.**

**સભા :** *દોષ કેટલા અને કયા કયા ?*

એ બધું વિગતવાર વર્ણવી શકાય તેટલો આજે સમય નથી પણ ટૂંકમાં કહું તો સાધુએ જે કાંઈ લેવાનું છે અને શ્રાવકે સાધુને જે કાંઈ આપવાનું છે તે બેંતાળીસ દોષથી રહિત હોવું જોઈએ. આ બેંતાળીશ દોષ પૈકી પહેલા સોળ દોષ કે જેને 'ઉદ્‌ગમ' દોષ કહેવાય છે તે સોળ દોષ તમારી શ્રાવકોની ગરબડમાંથી ઊભા થાય છે અને તે પછીના સોળ દોષ કે જેને 'ઉત્પાદન' દોષ કહેવાય છે તે બીજા સોળ દોષ અમારી એટલે કે સાધુની ગરબડથી થાય છે અને તે પછીના છેલ્લા દશ દોષ કે જેને એષણા દોષ કહેવાય છે, તે દશ દોષ તમારી – અમારી બન્નેયની ગરબડથી ઊભા થાય છે. આમાંનો એક પણ દોષ લાગ્યો હોય તેવા આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર, વસતિ તમારાથી સાધુને અપાય નહિ અને સાધુથી લેવાય નહિ. આમ છતાં શાસ્ત્રે બતાવેલાં વિશિષ્ટ સંયોગોમાં દોષિત વસ્તુ લેવી-આપવી પડે તો તે કયા ક્રમે, કેટલા દોષવાળી લેવી-આપવી તે અંગે શાસ્ત્રે અપવાદિક મર્યાદા બતાવી છે.



**સભા :** *આ ઉત્સર્ગ અને અપવાદ એટલે શું ?*

**વિશેષ પ્રકારના સંયોગ ન હોય ત્યારે જે રાજમાર્ગે ચાલવું તે ઉત્સર્ગ અને વિશેષ પ્રકારના સંયોગો ઊભા થાય ત્યારે જો રાજમાર્ગે ચલાય તેવું ન હોય તો કેડીમાર્ગે ચાલવું – શાસ્ત્રીય મર્યાદાનુસાર બહુ લાભ માટે અલ્પ દોષ સેવવો તે અપવાદમાર્ગ કહેવાય. આ અપવાદમાર્ગ ડાયવર્ઝન જેવો છે. જે આગળ જઈને રાજમાર્ગને મેળવી આપે. જે આગળ જઈને પણ રાજમાર્ગને ન જ મેળવી આપે તેવો હોય તે ડાયવર્ઝન ન કહેવાય પણ ઉન્માર્ગ કહેવાય.** આ બધું જાણવું હોય તો તમારે શ્રાવકોએ પણ સાધુજીવનની અને શ્રાવકજીવનની સામાચારીનું શ્રવણ કરવું જ જોઈએ. પણ આ બધું ક્યારે બને ? તમને સાધુપણા ઉપર પ્રેમ હોય તો.

**આજે મોટા ભાગના શ્રાવકોને સાધુ-વ્યક્તિ ઉપર પ્રેમ છે પણ સાધુતા ઉપર પ્રેમ નથી. જેને સાધુતા ન ગમે તેને સાધુ ગમે તો એ કેમ ગમે છે ? તે મોટો સવાલ છે.**

મારા પરમતારક ગુરુદેવશ્રીજી કહેતા કે 'જેને સાધુતા ન ગમે એવા ગમે તેટલી ભક્તિ કરે તો એનાથી સાવચેત રહેજો નહિ તો એ તમારી સાધુતાને ક્યારે રગદોળી નાંખશે તે કાંઈ કહેવાય નહિ.'

વર્તમાનના ઘણા શ્રાવકો એવા છે કે જેને સાધુઓ ઉપર ખૂબ પ્રેમ છે પણ સાધુતા ઉપર જરાય પ્રેમ નથી. એ સાધુઓની ખૂબ ચિંતા કરે છે પણ એની સાધુતાની જરાય ચિંતા કરતા નથી. એ સાધુઓનાં પાત્રાં ભરી દે, સાધુ પાસે કપડાં-કાંબળીના ઢગલા કરે પણ એની સાધુતા જળવાય છે કે નહિ તેની લેશમાત્ર દરકાર કરતા નથી. **સાધુઓને નિષ્કારણ દોષિત વહોરાવનારા વ્યક્તિના પૂજારી છે. સાધુઓને નિર્દોષ વહોરાવનારા સાધુતાના પૂજારી છે.**

**સાધુઓને માટે નિર્દોષ આહાર-પાણી એ અમૃત-ભોજન છે. સાધુઓને માટે નિષ્કારણ દોષિત આહાર-પાણી એ વિષ-ભોજન છે.** નિર્દોષ ભોજન એ અમૃત ભોજન હોવાથી સાધુના સંયમને પુષ્ટ કરે છે. નિષ્કારણ દોષિત ભોજન એ વિષ-ભોજન હોવાથી સાધુના સંયમનો નાશ કરે છે. સંયમ બળનો ઘાત કરે છે. માટે તેને શાસ્ત્રોમાં **'संयमबलघातिनी पौरुषघ्नी भिक्षा'** તરીકે ઓળખાવી છે. એને માટે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ૩૫૦ ગાથાના સ્તવનમાં **'બલહરણી જન ભિક્ષા'** તરીકે ઓળખાવેલ છે. આવી ભિક્ષા વહોરાવનારા વ્યક્તિઘેલા શ્રાવકો

સાધુના સંયમનો ઘાત કરનારા શ્રાવકો છે. તેઓ સાધુઓની સાધુતાનો નાશ કરીને જિનાજ્ઞાના વિરાધક બને છે.

## ı એ ભક્તિ હતી, સોદાબાજી નહિ :

જેના હૈયે જિનાજ્ઞાનો પ્રેમ હોય તેના હૈયે જ સાધુતાનો પ્રેમ હોય અને જેના હૈયે સાધુતાનો પ્રેમ હોય તે સાધુતા જોખમમાં મુકાય એવી પ્રવૃત્તિ કદી ન કરે.

જેને ભગવાનના અભિષેક માટે દૂધ ન મળે તે અમારા પાત્ર દૂધથી કેમ ભરતા હશે ? - એ સવાલ છે.

**સભા :** *સાહેબ ! નવ્વાણું પેટી ઉતરે ને ?*

આજ સુધીમાં તમે કેટલું કેટલું દૂધ વહોરાવ્યું ? નવ્વાણું પેટીની વાત બાજુએ રાખો, નવ્વાણું બારદાન પણ ઉતર્યાં ? શાલિભદ્રને ત્યાં નવ્વાણું પેટી ઉતરી યાદ છે પણ એણે આપેલું એ દાન અમૃત ભોજન હતું, એની ખીર દ્રવ્ય તરીકે ઉત્તમ હતી અને સર્વથા નિર્દોષ હોઈ સંયમપોષક હતી. એનો આપવાનો ભાવ પણ નિષ્કામ-પવિત્ર ઉલટવાળો હતો. એમાં ક્યાંય સોદાબાજીની ભાવના ન હતી. માટે એ દાનથી નવ્વાણું પેટી તો ઉતરી એ હકીકત છે પણ એના કરતાં **વધારે મહત્ત્વની વાત એ છે કે એ નવ્વાણું પેટી એમને ફસાવી ન શકી, એમના મોહને વધારી ન શકી, નવાં બંધન ઊભાં કરી ન શકી, માટે તેઓ તક મળતાં છોડીને ચાલી નીકળ્યા.** જ્યારે આજે તમને જે કાંઈ મળ્યું છે, તે શાલિભદ્રની અપેક્ષાએ એંઠવાડ જેવું પણ નથી છતાં મમતા કેટલી ? મોહ કેટલો ? ફસામણ કેટલી ? બંધન કેટલું ? આ બધું શાનું પરિણામ છે ? એ વિચારજો ! ધર્મ તો કર્યો પણ તે જિનાજ્ઞાનુસારી ન હતો, ભાવોમાં નિર્મળતા ન હતી, નિરાશંસપણું ન હતું, અપેક્ષા હતી, સોદાબાજીની ભાવના હતી અને હજુ પણ એ જ ભાવનાથી કરો છો, એનું પરિણામ શું આવશે ? તમે જ વિચાર કરો. મૂળમાં ભવનિર્વેદ નથી. એનું જ આ પરિણામ છે. જ્યાં સુધી ભવનિર્વેદ ન આવે ત્યાં સુધી પાપનો ભય પણ લાગતો નથી. જેને પાપનો ભય ન લાગે, તે પાપ રસપૂર્વક કરે એમાં નવાઈ નથી. જે પાપ રસપૂર્વક કરે તેને પાપથી પાછા ફરવાનું મન થતું નથી. જેને પાપથી પાછા ફરવાનું મન થતું નથી તેને પ્રતિક્રમણ જરૂરી લાગતું નથી. માટે



જ આજે શ્રાવક વર્ગમાંથી દિવસે-દિવસે પ્રતિક્રમણની રુચિ ઘટતી ગઈ છે. તમારે માટે પ્રતિક્રમણ ફરજીયાત છે કે મરજીયાત ? તમે શું માનો છો ?

**સભા :** *પ્રતિક્રમણ ફરજીયાત તો સાધુ મહારાજ માટે જ ને ? અમારે શ્રાવકોને મરજીયાત છે એવું નહિ ?*

હા. બરાબર કારણ કે સાધુને બચારાને રોજ પાપ લાગે એટલે એમના માટે પ્રતિક્રમણ ફરજીયાત અને તમે બધા એવું પવિત્ર જીવન જીવો છો કે, તમને તો કાંઈ પાપ લાગે જ નહિ એટલે તમારે માટે મરજીયાત, એમ જ કહવું છે ને, તમારે ? એક વાત બરાબર ધ્યાનમાં રાખો કે જેને જેને પાપ લાગે એ બધાને માટે પ્રતિક્રમણ ફરજીયાત છે ? માટે તમારાં શ્રાવક જીવનનાં છત્રીસ કર્તવ્યોની સજ્ઝાયમાં **'छव्विह आवस्सयंमि उज्जुत्तो होइ पइदिवसं'** સામાયિક, ચતુર્વિંશતિજિનસ્તવ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ આ છ પ્રકારના આવશ્યકમાં શ્રાવક પ્રતિ દિવસ રોજ ઉદ્યમશીલ હોય, એ વાત આવે છે અને તે છતાં તમે એમ માનો કે 'પ્રતિક્રમણ અમારે માટે મરજીયાત છે.' જો પ્રતિક્રમણ જેવી આત્માને નિર્મળ કરનારી ક્રિયા તમારે માટે મરજીયાત તો તમારા માટે ફરજીયાત શું ? ધંધો કરવો, દુનિયાના વ્યવહારો કરવા, વિષય-કષાયને પોષનારી પ્રવૃત્તિ કરવી એ શું તમારે માટે ફરજીયાત છે ? શાસ્ત્ર તો કહે છે કે જે **શ્રાવક પાસે આજીવિકાનું સાધન હોય તે એનું ચાલે તો ધંધો જ ન કરે, અને કોઈ એવા સંયોગ-વિશેષમાં ધંધો કરવો પડે તો પોતાની આવશ્યક ધર્મપ્રવૃત્તિને જાળવીને, એને મુખ્ય બનાવીને બાકીના સમયમાં ધંધો કરે.** આ અંગે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં આવતી મહાશ્રાવકની દિનચર્યા ખાસ વાંચવા જેવી છે. જ્યારે તમે તો તમારા સંસારને બરાબર અકબંધ જાળવીને વચ્ચે કે છેલ્લે સમય મળે ત્યારે પણ ભાવ જાગે તો ધર્મ કરો, નહિ તો ધર્મનો તો કયાંય નંબર જ લાગે નહિ.

**આજે ઘણાના ઘરમાં ધર્મ ખૂણે બેસીને રડી રહ્યો છે.** એ કહે છે કે આ ઘરમાં હું કયાં આવી ગયો ! જે હાલત ઘણાના ઘરમાં ઘરડાં મા-બાપની છે, એ હાલત આ લોકોએ મારી કરી છે. જાણે કે આખા ઘરમાં અણમાનીતો હું જ છું. સોમથી શનિ સુધી તો મારો નંબર જ લાગે નહિ અને રવિવારે ફરવા-રખડવા જાય એટલે ત્યારે પણ મારો નંબર નહિ. જ્યારે કોઈનો નંબર ન હોય ત્યારે છેલ્લે

મારો નંબર આવે અને ત્યારે પણ અળખામણા માણસની જેમ મારી સાથે વ્યવહાર કરે. આ દશા છે, આજે કહેવાતાં શ્રાવકકુળોની. આ સ્થિતિમાં આત્માનું હિત શી રીતે થાય ?

જ્યાં સુધી સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમજાય નહિ, સંસારની અસારતા-અનર્થકારિતાનું-ભયાનકતાનું ભાન થાય નહિ ત્યાં સુધી સંસાર છોડવા જેવો લાગે નહિ. જ્યાં સુધી સંસારથી ભાગી છૂટવાનું મન થાય નહિ ત્યાં સુધી જે પણ ધર્મ થાય તે મોટે ભાગે સંસારને છોડવા નહિ પણ પકડવા, સંસારને શોષવા નહિ પણ પોષવા, સંસાર સાગર તરવા નહિ પણ સંસાર સાગરમાં સહેલગાહ કરવા કરાય છે. જેના પરિણામે મોહ પરિપુષ્ટ બને છે, આસક્તિ પ્રબળ બને છે, સંસાર સુદૃઢ અને આગળ વધી સુદીર્ઘ પણ બને છે. આવી રીતે જે ધર્મ કરાય તેને અને જિનાજ્ઞાને કોઈ સંબંધ નથી હોતો. આવી રીતે ધર્મકરણી કરીને જેઓ શ્રી જિનાજ્ઞાની ઉપેક્ષા કરે છે તેઓ સરવાળે સંસારમાં રઝળતા હોય છે. એવું ન બને તે માટે આપણે શ્રી જિનાજ્ઞાને સાચા અર્થમાં સમજી તેના સાચા આરાધક બનવું છે. કારણ કે આરાધેલી આજ્ઞા મોક્ષ પ્રાપ્તિનું કારણ બને છે અને આપણે સૌએ પણ મોક્ષ જ પામવો છે - આ વાત બરાબર છે ને ? હજુ આ વિષયમાં ઘણી ઘણી વાતો કરવાની છે પણ તે હવે પછી.

Z Z Z



# પ્રવચન પાંચમું

**'वीतराग ! सपर्यायास्तवाज्ञा पालनं परम् ।**
**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।'**

**'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે કેમકે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે તો વિરાધેલી આજ્ઞા ભવ (સંસાર) વૃદ્ધિ માટે થાય છે.'**

અનંત ઉપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાનશ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વીતરાગ સ્તોત્ર નામના મહાગ્રંથરત્નમાં વીતરાગ પરમાત્માની સ્તુતિ કરતાં હૃદયની ભાવના વ્યક્ત કરી રહ્યા છે કે –

હે વીતરાગ ! તમારી પૂજા કલ્યાણને કરનારી છે, દુરિતનો ધ્વંસ કરનારી છે. સ્વર્ગ અને અપવર્ગને આપનારી છે. આ રીતે તમારી પૂજા શ્રેષ્ઠ વસ્તુ છે, પણ તમારી પૂજા કરતાં વધારે મહત્ત્વની વસ્તુ તમારી આજ્ઞાનું પાલન છે.

1 જેણે જેણે આજ્ઞાની આરાધના કરી, તે સંસાર સાગર તરી ગયા.

1 જેણે જેણે આજ્ઞાની વિરાધના કરી, તે સંસાર સાગરમાં ડૂબી ગયા.

1 આજ્ઞાનો આદર કરી પૂજા થાય તો એ પૂજા ભવનિસ્તાર કરનાર બને છે.

1 આજ્ઞાનો અનાદર કરી પૂજા કરાય તો એ પૂજા ભવનિસ્તાર કરવા સમર્થ બનતી નથી, પરંતુ સંસારનું પરિભ્રમણ વધારનાર પણ બને છે.

આપણને જૈન તરીકે ઓળખાવવાનો અધિકાર ત્યારે જ મળે, જ્યારે આપણે પરમાત્મા વીતરાગદેવની આજ્ઞાને શિરસાવંદ્ય કરીએ ! અમને સાધુ તરીકે ઓળખાવવાનો અધિકાર પણ ત્યારે જ મળે કે જ્યારે અમે પરમાત્માની આજ્ઞાને શિરસાવંદ્ય કરીએ.

અમે પાંચે પાંચ મહાવ્રત પાળીએ અને આજ્ઞાનું પાલન જો ન કરીએ તો એ મહાવ્રત પાળવાનો કોઈ મતલબ નથી. તમે ગમે તેટલાં અણુવ્રતો લો કે સંઘ, ઉપધાન, ઉજમણાં, પૂજા, મહોત્સવ કરો-કરાવો પણ આજ્ઞા પ્રત્યેનો આદર ન હોય, તો તેની કશી મહત્તા નથી.

આજ્ઞા સાથે અમારું જોડાણ ન થાય તો અમારા મહાવ્રતોનું પણ કશું જ મૂલ્ય નથી. તેમ આજ્ઞા સાથે તમારું જોડાણ ન થાય તો તમારા અણુવ્રતો કે અનુષ્ઠાનોનું પણ કશું મૂલ્ય નથી. જ્ઞાનીઓ તો ત્યાં સુધી કહે છે કે બેય ટંકનું પ્રતિક્રમણ, સામાયિક, ત્રિકાળ પૂજા, તત્ત્વનો અભ્યાસ, જિનવાણીનું શ્રવણ, આ બધું કરે પણ જીવનમાં આજ્ઞાનો પ્રેમ ન હોય તો તેનો કોઈ મતલબ નથી. જો કે આજે આ બધું કરનારા ય કેટલા મળે ?

દેરાસરમાં પણ જવા માત્રથી તરત પૂજાનો અધિકાર મળતો નથી. એ માટે પહેલાં કપાળમાં તિલક કરવું પડે છે. પૂજકના કપાળમાં પહેલું તિલક શા માટે ? તે બહુ મહાન છે માટે ? ભગવાન કરતાં ય પૂજકની કિંમત વધી ગઈ માટે ?

**સભા :** *ના !*

તિલક એ આજ્ઞાનું પ્રતિક છે.

1 પરમાત્માની આજ્ઞાને જે મસ્તકે ચડાવે તેને જ પરમાત્માની પૂજાનો અધિકાર મળે છે. પરમાત્માની આજ્ઞા મસ્તકે ચડાવ્યા વગર પરમાત્માને સ્પર્શ કરવાનો પણ અધિકાર મળતો ન હોય તો બીજો કયો અધિકાર મળે?

1 પરમાત્માની આજ્ઞાને સમજીએ નહિ, આજ્ઞાને સમજાવનારા ધર્મશાસ્ત્રોનું વાંચન શ્રવણ કરીએ નહિ, આજ્ઞાને સમજાવનારા સદ્‌ગુરુઓનો સમાગમ કરીએ નહિ, તો જ્ઞાનીઓ કહે છે કે, 'માનવ જીવન નિષ્ફળ જાય છે.'



ભગવાનના શાસનની આરાધના આજ્ઞાની આરાધનાથી જ શક્ય બને.

## 1 સંઘમાં કોણ આવે ?

શાસનમાં-સંઘમાં કોણ આવે ?

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ ચતુર્વિધ સંઘમાં નંબર કોનો ?

પાંચ મહાવ્રત પાળે, અણુવ્રતો પાળે, રોજ પૂજા કરે, ધર્મક્રિયા કરે, તેનો સંઘમાં નંબર ગણાય ?

**1 જેને ભગવાનની આજ્ઞાનો આદર છે, તેનું સંઘમાં સ્થાન છે.**

**1 જેને ભગવાનની આજ્ઞાનો આદર નથી, તેનું સંઘમાં સ્થાન નથી.**

વ્યવહારમાં પણ બાપને કેવો દીકરો ગમે ? મોટાં મોટાં કામ કરતો હોય પણ બાપનું એક વેણ માનતો ન હોય તો એવો દીકરો બાપને ગમે ખરો ?

બીજો દીકરો ભલે મોટા કામ કરી શકતો ન હોય, પરંતુ બાપનું એક વેણ ઉત્થાપતો ન હોય તો એ દીકરો એને ગમે ને ?

દીકરો એ ગમે, કે જે આજ્ઞા ઉઠાવે.

નોકર પણ એ ગમે, કે જે આજ્ઞા ઉઠાવે.

પત્ની પણ પડતો બોલ ઝીલે તે ગમે.

આપણા ભગવાન વીતરાગ છે. એમને ગમો-અણગમો હોય નહિ, પણ કહેવાનો મતલબ એ છે કે, જે ભગવાનની આજ્ઞા ઉઠાવે તેનો નંબર જ સંઘમાં આવે.

કાળ વિષમ આવ્યો છે. આજે મોટા ભાગને આજ્ઞાની વાત ગમતી નથી. આજ્ઞાની વાત કોઈ બોલતું હોય તે સાંભળવું ય ગમતું નથી. ઘણા તો આજ્ઞાની વાત સામે ઘૂરકીયાં કરતા હોય છે. કેમ ગમતી નથી આજ્ઞા ? નિયંત્રણમાં રહેવું નથી. સ્વચ્છંદતા જ જોઈએ છે, માટે ! **આજ્ઞાની વાત ઘણી ઘણી પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ લાવે છે.**

ભગવાનની આજ્ઞાને ઉઠાવનારો બજારમાં હોંશે હોંશે ન જાય. જેને આજીવિકાનું પૂરતું સાધન ન હોય તે જ બજારમાં જાય. કોઈને લોભને વશ જવું પડે તો માને કે 'મારી લાચારી છે, મારો લોભ કાબૂમાં નથી. એ ઊંડે ઊંડે પણ માને કે, 'આ માનવ જીવન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના કરવા માટે જ છે. એના બદલે અર્થ, કામની પાછળ હું દોડું છું. મારી જીંદગી વેડફાઈ રહી છે. ભગવાનની આજ્ઞા છે, શક્તિ હોય તો આઠ વર્ષની ઉંમરે જ સર્વવિરતિ સ્વીકારવી જોઈએ. એના બદલે મને આઠ, અઢાર, અઠ્ઠાવીસ, આડત્રીસ, અડતાલીશ, અઠ્ઠાવન... થયાં, હજી દીક્ષાનો વિચાર આવતો નથી, સાધવા જેવું સાધતો નથી.'

ભર તડકે ખુલ્લા પગે સાધુ-મહાત્માને જતા જુએ તો થાય છે કે, 'બચારા મહારાજ કેટલા દુઃખી છે ?' સાધુ બચારા કે સંસારી બચારા ? સંસારી જ ને ? છતાં આવા ઉદ્ગારો કેમ નીકળે છે ? હકીકતમાં હજી આજ્ઞા સમજાઈ નથી એનું આ પરિણામ છે. એની સામે, વ્યાખ્યાન ઉઠે, મોટરમાં જાવ ત્યારે થાય કે 'મહારાજ સાહેબ કેવા ભાગ્યશાળી છે, નાના-મોટા કોઈ જીવની વિરાધના જીવનમાં કરવાની નહિ ! મારે તો હમણાં આ મોટરનાં વ્હીલ ફરશે ને બિચારા જીવોનો કચ્ચરઘાણ નીકળી જશે !' તમારી મોટરોનાં વ્હીલ નીચે કેવા કેવા જીવો મરે છે ? છેક પંચેન્દ્રિય જીવોની પણ હત્યા થાય કે નહિ ? આજ્ઞા પ્રત્યે આદર આવે તો તમારો ઢાળ બદલાઈ જાય. **હૈયાનો ઢાળ પહેલાં બદલવાનો છે, પછી પ્રવૃત્તિ તો આપોઆપ બદલાઈ જશે.**

### 1 ભગવાનના શાસનનો સંઘ સંસારનો મહેમાન હોય :

મહેમાન તરીકે કોઈના ઘરે જમવા ગયા હો તો શાંતિથી બે-પાંચ કલાક બેસી રહો કે, 'મારે જવાનું છે', 'મારે ગયા વગર ચાલે એવું નથી' એમ સમજી સમયસર કામ પતાવી નીકળી જાવ ?

તેમ ભગવાનનો સંઘ સંસારનો મહેમાન હોય. જ્યારે જુઓ ત્યારે એ ઘરમાંથી ઉઠવાની તૈયારીમાં હોય. જેને આજ્ઞા ગમી ગઈ. આજ્ઞા પ્રત્યે આદર થઈ ગયો, તેને સંસાર છોડવાનું જ મન હોય.

-- કુટુંબ ભેગું થાય ત્યારે એને એમ થાય કે આ કિચ્ચડમાં ક્યાં સુધી ખૂંપ્યા રહેવાનું ?



-- દીકરો મોટો ધંધો કરીને આવે ત્યારે એમ થાય કે આ નવાં પાપ શા માટે ?

પછી એ કહી પણ દે. 'ભાઈ ! આ પાપ કોના માટે ? મેં તો મારી જીંદગી બરબાદ કરી નાંખી, તમે શા માટે કરો છો ?'

એક દીકરો એવા સમાચાર લાવે કે, 'બાપાજી ! હવે ઓફિસ વહેલી બંધ કરવી છે. ચાર કલાક બચશે તેમાં ધર્મની આરાધના કરવી છે.'

બીજો દીકરો એવા સમાચાર લાવે કે, 'બાપાજી ! બીજી નવી ઑફિસ ચાલુ કરી છે. સમય બિલકુલ રહેતો નથી માટે સેવા-પૂજા થાય તેમ નથી.' તો સાચું કહેજો મહાનુભાવ, તમને કયા દીકરાની વાત ગમે ? **તમને કયો દીકરો ગમે ? ધર્મ ઘટાડીને ધંધો વધારે તે ગમે કે અવસરે ધંધો ઘટાડીને ધર્મ વધારે તે ગમે ?**

અહીં શ્રાવકના કુળમાં જન્મ્યા પછી દીકરાની સદ્ગતિ થશે કે દુર્ગતિ તે વિચારવાનું છે.

જીંદગી ટૂંકી છે, થોડા દિવસોમાં જવાનો સમય આવી જશે. એ પહેલાં જ જન્માંતરની સાધના કરી લેવા જેવી છે.

આટલી બધી સામગ્રી મળ્યા પછી પણ તેનો જો સદુપયોગ ન કરો અને માત્ર સંસાર જ પોષ્યા કરો તો ક્યાં જવું પડશે ?

કોઈપણ ક્ષણે તમારે કે અમારે જવું પડશે. 'મૃત્યુ પછી ક્યાં જવાનું ?' આટલો વિચાર પણ આવે તો ગતિ બદલાયા વગર ન રહે. ખોટી દિશામાં જતા હો તો બ્રેક લાગ્યા વગર ન રહે.

બાકી નથી આત્માનો વિચાર, નથી મૃત્યુનો વિચાર, નથી પરલોકનો વિચાર, નથી પુણ્ય-પાપનો વિચાર, નથી કર્મના વિપાકોનો વિચાર, ક્ષણિક સુખ માટે વર્તમાનમાં કેવાં કેવાં પાપો કર્યાં, એના વિપાકો કેવાં કેવાં ભોગવવા પડશે, એનો વિચાર છે ખરો ?

### 1 નક્કી કરો કે આથી વધારે તો ન જ જોઈએ :

આજે તો તમે રેસમાં દોડો છો.

-- આની પાસે આટલા રૂપિયા, મારી પાસે કેમ નહિ ?

-- આને આવો બંગલો, મારી પાસે કેમ નહિ ?

-- આને આવી ગાડી ? મારી પાસે કેમ નહિ ?

આ એક એવી રેસ છે કે, જેનો ક્યારેય અંત જ નથી. મારે આજે પૂછવું છે કે, તમને કેટલા મળે તો તમે જપીને રહો ?

ભગવાનની આજ્ઞા પ્રત્યે પ્રેમ હોય તો ભગવાને પરિગ્રહને પાપ કહ્યો છે, આ વાત જચ્યા વિના રહે નહિ.

મહારંભ અને મહાપરિગ્રહ બંને નરકગતિનાં કારણો છે. આ વાત કર્મગ્રંથમાં લખી છે. કર્મગ્રંથ ભણ્યા નથી એટલે તમને ડર લાગતો નથી.

કેવી કેવી પ્રવૃત્તિ કરનારો મરીને દેવલોકમાં જાય, તિર્યંચમાં જાય, મનુષ્યમાં જાય અને નરકમાં જાય, આ વાત કર્મગ્રંથમાં જણાવી છે.

તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે,

**'बंधइ निरयाउ महारंभ-परिग्गहरओ रुद्दो ।"**

**'મહારંભ અને મહાપરિગ્રહમાં રત રહેનારો અને રૌદ્રધ્યાની નરકના આયુષ્યને બાંધે છે.'**

રૂપિયા જેમ વધતા જાય, તેમ નરકની મુસાફરી વધતી જાય. તમારા રૂપિયા જોઈને અમને ઈર્ષ્યા નથી આવતી, પણ તમારા ઉપર સાચી આત્મલાગણી હોય તો તમારી ચિંતા થાય કે ન થાય ?

કિનારી ઉપર બસો ફૂટ ઊંડો ખાડો હોય અને તમારું બાળક કિનારીની નજીક જાય તો ટેન્શન વધે ને ? તેમ જ્ઞાનીઓને પણ લાગે છે કે તમે કિનારીની નજીક જઈ રહ્યા છો.

માટે જ તમારા માટે પરિગ્રહ પરિમાણ વ્રત છે. પરિગ્રહ છોડી દો તો બહુ ઉત્તમ, પણ છોડી ન શકો તો આથી વધારે તો નહિ જ ! આરંભ છોડી દો તો બહુ ઉત્તમ પણ છોડી ન શકો તો આથી વધારે તો નહિ જ ! આવું નક્કી કરો.

જ્ઞાનીઓ કહે છે કે ઉત્સર્ગ માર્ગે શ્રાવક કર્માદાનના ધંધા કરે જ નહિ.

**સભા :** *શેરનો ધંધો થાય ને ? શેર કર્માદાન કહેવાય ?*

શેર શું ? સીધું સમજાવો.



**સભા :** *શેર એટલે ભાગીદારી.*

એ કંપની શાની એ કહો ? આ તો માત્ર કાગળ બતાવે, વધુ ફોડ ન પાડે. એ ન ચાલે.

આ બધા દુર્ગતિમાં જવાનાં ધંધા છે. શેરબજારવાળાને પૂછો, ચોવીસ કલાક વિચાર શાના આવે ? રાતે પણ જંપીને ન સૂવે, ભૂંગળું પાસે રાખી સૂવે અને ઊંઘમાંય લિયા-દિયા બોલ્યા કરે. એ વખતે આયુષ્યનો બંધ પડે તો કઈ ગતિમાં જાય ?

સાધુ તમારા આંગણે શા માટે આવે. એ નિમિત્તે પણ બે સાચી વાત તમારા કાન સુધી પહોંચાડી શકાય તે માટે. તમારા પ્રસંગ નિમિત્તે તમે પાંચ-પચાસ સ્વજનોને બોલાવ્યા હોય, તેમના પણ કાને સાચી વાત પહોંચે.

જે આંગણે તીર્થંકર પરમાત્મા પધારે, તીર્થંકર પરમાત્માનો અનુયાયી એવો ચતુર્વિધ સંઘ પધારે, એનું જીવન હવે બદલાઈ જવું જોઈએ. પ્રવૃત્તિ કદાચ ન બદલાય પણ હૈયાનો ઢાળ તો બદલાઈ જવો જોઈએ.

### 1 આજ્ઞા એ જ સર્વસ્વ :

**ચતુર્વિધ સંઘ એટલે ત્રણ લોકના નાથની આજ્ઞાને શિરસાવંદ્ય કરનારો સંઘ. શ્રાવક સંઘના માથે શ્રમણ સંઘ છે. શ્રમણ સંઘના માથે આચાર્ય છે. આચાર્યના માથે ધર્મશાસ્ત્ર છે. ધર્મશાસ્ત્રમાં તીર્થંકરની આજ્ઞા સમાયેલી છે.**

**જેને માથે તીર્થંકરનાં ધર્મશાસ્ત્રની આજ્ઞા નહિ, તે આચાર્ય નહિ.**

**જેને માથે આચાર્યની આજ્ઞા નહિ તે શ્રમણ પણ નહિ.**

**જેને માથે શ્રમણસંઘની આજ્ઞા નહિ તે શ્રાવક-શ્રાવિકા પણ નહિ.**

આપણે બધાએ આજ્ઞાને સમર્પિત રહેવાનું છે. જીવનમાં આજ્ઞાથી વિપરીત કશું જ ન થાય તેની સાવધાની રાખવાની છે. અજાણતાં આજ્ઞાની વિરાધના થઈ જાય એ વાત જૂદી, પણ જાણી જોઈને આજ્ઞાની વિરાધના થાય એવું તો ન બને ને ?

શ્રાવક સંસાર છોડવાની ભાવનાવાળો હોય. આ જીવનમાં સાધુપણા સુધી પહોંચવાની ભાવનાવાળો હોય. પોતાના કુટુંબ માટે પણ શ્રાવક આ જ મહેનત

કરતો હોય. દીક્ષા લેવા કોઈ પુણ્યાત્મા કુટુંબમાં તૈયાર થઈ જાય તો પોતે આનંદ માને. જે ઘરમાંથી એક પુણ્યાત્મા સંયમના માર્ગે નીકળે, તેના ઘરનાને દિવસમાં પચાસ-સો વાર યાદ આવે કે, 'આ ઘરમાંથી દીક્ષા થઈ, માટે આ ઘરમાં રાત્રિભોજન ન હોય, મહાઆરંભ-મહાસમારંભ ન હોય.' જે ઘરમાંથી કોઈ નીકળ્યું ન હોય તેને એમ થાય કે, 'આપણી કમનસીબી છે કે આપણા ઘરમાંથી કોઈ ન નીકળ્યું. ક્યારે એવો ધન્ય દિવસ આવશે કે આપણા ઘરમાંથી પણ કોઈ પુણ્યાત્મા નીકળશે.' જેના ઘરમાંથી કોઈ પુણ્યાત્મા ત્યાગના માર્ગે નીકળ્યો ન હોય એને એમ લાગે કે મારું ઘર શ્રાવકનું ઘર નથી.

સૂર્યાસ્ત થાય એ પહેલાં તો શ્રાવકના ઘરનું રસોડું બંધ થઈ ગયું હોય. શ્રાવકના ઘરમાં અભક્ષ્ય ન હોય, અપેયનું પાન ન હોય. શ્રાવકના ઘરમાં શક્તિ હોય તો જિનમંદિર ન હોય એવું ન બને. આજે લોકોના ઘરમાં બધું હોય : એક દેવ નહિ, એક ગુરુ નહિ અને એક ધર્મ નહિ, આવું અમારે કહેવું પડે એ યોગ્ય લાગે છે ? નાનકડું પણ ગૃહમંદિર શ્રાવકના ઘરમાં હોય. **શ્રાવકના ઘરના આંગણામાં પ્રવેશ કરો તો સૌથી વધુ જોવાલાયક વસ્તુ દેવમંદિર જ હોય.** ભલે નાનકડું, નાજુક હોય, પણ જોવાલાયક તો એ જ હોય ! શ્રાવકના ઘરમાં ઢગલાબંધ ધર્મનાં પુસ્તકો હોય, કોઈ આવ્યું હોય ને બે કલાક બેસે તો આવ્યું લેખે લાગે. એના કબાટનાં પુસ્તકો કોઈને વાંચવાનું મન થાય અને ઘરે આવનાર કાંઈક ધર્મનું વાંચીને જાય.

જૈનના ઘરમાં જૈનત્વના સંસ્કાર જે મઘમઘતા હતા, તે આજે નામશેષ થઈ રહ્યા છે.

આ પરિસ્થિતિ ચાલુ રહી તો એમાં ન તમારું હિત, ન તમારા પરિવારનું હિત, ન તમારા આશ્રિતોનું હિત થવાનું.

શ્રાવકપણાના છત્રીસ કર્તવ્યો સમજી લેવાય તો શ્રાવકને પોતાનું જીવન કેવું હોવું જોઈએ તેની ખબર પડે. એમાં સૌથી પહેલાં લખ્યું છે કે –

**'मन्नइ जिणाणमाणं मिच्छं परिहरइ, धरइ सम्मत्तं ।'**

**'શ્રાવક કોને કહેવાય ? સૌથી પહેલાં જિનેશ્વરની આજ્ઞાને માને. મિથ્યાત્વનો ત્યાગ કરે અને સમ્યક્ત્વનો સ્વીકાર કરે.'**



મિથ્યાત્વનો ત્યાગ અને સમ્યક્ત્વનો સ્વીકાર એટલે શું ? મારા જીવનમાં મિથ્યાત્વ છે કે નહિ તેને કઈ રીતે દૂર કરું? મારા જીવનમાં સમ્યક્ત્વ છે કે નહિ, નથી તો કઈ રીતે લાવું ? આવો વિચાર ક્યારેય પણ આવે છે ? જે વ્યક્તિ મિથ્યાત્વનો ત્યાગ કરે તે એક વીતરાગ દેવ સિવાય બીજા કોઈને ન નમે. શાસ્ત્રકારે દેવ તરીકે વીતરાગ કહ્યા, ગુરુ તરીકે નિર્ગ્રંથ કહ્યા અને ધર્મ તરીકે મોક્ષ આપનારો કહ્યો. પણ આજના મોટા ભાગના લોકો કહે છે કે, દેવ વીતરાગ હોય કે ન હોય પણ તે ચમત્કારી તો હોવા જ જોઈએ; ગુરુ નિર્ગ્રંથ હોય કે ન હોય, શાસ્ત્ર મુજબ બોલે કે ન બોલે, એ ભાંજગડમાં પડવું નથી પણ ગુરુ ચમત્કારી તો હોવા જ જોઈએ અને ધર્મ મોક્ષ આપે કે ન આપે એની ચિંતા નથી પણ ધાર્યા કામ પાર પાડે તેવો ચમત્કારી તો હોવો જ જોઈએ."

તમારે દેવ-ગુરુ-ધર્મ, કેવાં જોઈએ ?

દેવ વીતરાગ જોઈએ કે ચમત્કારી જોઈએ ?

**સભા :** *બે ય જોઈએ.*

બે ય હોય જ નહિ. વીતરાગ પરમાત્મા નાટક કરે જ નહિ અને નાટક કરે તે વીતરાગ હોઈ શકે નહિ. કહ્યું ને 'ન કરે ગીત નૃત્યના ચાળા.' ચમત્કાર ભગવાનને શું હોય ? **ચમત્કારમાં મૂંઝાનારાના હાથમાં સાચું દેવતત્ત્વ ક્યારેય નહીં આવે. વીતરાગપણું એ જ મોટામાં મોટો ચમત્કાર છે.**

### ૧ ગુરુ અને ગોર વચ્ચેનો તફાવત :

ગુરુ કેવા જોઈએ ? વીતરાગના શાસનના ગુરુ પંચમહાવ્રતધારી, આજ્ઞા મુજબની જ પ્રવૃત્તિ કરનારા હોય. તમને તો તમારા સાંસારિક કામો માટે વાસક્ષેપ નાંખી આપે, રક્ષા પોટલી મંત્ર-માદળીયું કરી આપે અને તમારું કામ પતી જાય એવા ગુરુ જોઈએ ને ?

ગુરુ એ કરી શકે ? ગુરુનું કામ શું ? સંસાર છોડાવવાનું કે સંસાર વધારવાનું?

પોતે સંસાર છોડ્યો, હવે બીજાને પણ છોડાવવાનું કામ ગુરુ કરે.

ગુરુ અને ગોર બેમાં તફાવત સમજો છો ? **બે જુદા હોય, તેને ભેગા કરી આપવાનું કામ કરે તે ગોર અને કર્મના ઉદયે બે ભેગાં થઈ ગયા હોય તેને વિવેકપૂર્વક છૂટાં પાડે તે ગુરુ. પૈસો મેળવવાનો રસ્તો ગુરુ ન બતાવે. પરંતુ**

**મેળવેલા પૈસાને વિવેકપૂર્વક છોડાવે. ટૂંકમાં, સંસાર માંડી આપે તે ગોર અને સંસાર છોડાવે તે ગુરુ.**

**'અર્થલાભો ભવતુ !, પુત્રલાભો ભવતુ ! લક્ષ્મીલાભો ભવતુ'ના આશીર્વાદ ગુરુ ન આપે. ગુરુ તો માત્ર ધર્મલાભનો જ આશીર્વાદ આપે.** અમારી પાસે તમારી અપેક્ષા શું છે ? તમે ઇચ્છો એમાંનું કશું સાધુ પાસે નથી. સાધુ પાસે માત્ર એક આ ઓઘો છે.

સાધુને રહેવા માટે ગામમાં ઘર નથી, કમાવા માટે બજારમાં ઑફિસ કે પેઢી નથી, ખેડવા માટે જંગલમાં જમીન નથી, દુનિયાની કોઈ બેંકમાં ખાતું નથી, કોઈના ઘરે થાપણ નથી. પાસે ફૂટી કોડી નથી, મુસાફરી માટે મોટર નથી કે સેવા માટે ચાકર નથી. જંગલમાં પણ એકલા જાય તો કોઈનો ડર નથી. બોલો, સાધુ સુખી કે દુઃખી ?

અનાજનો કણીયો, પાણીનું ટીપું કે કપડાની ચીંદરડી જોઈએ તો પણ તમારા ઘરે આવવું પડે. તમે આપો તોય ધર્મલાભ અને કહો કે મહારાજ અહીં ક્યાં આવી ચડ્યા ? તોય ધર્મલાભ. **મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ, આવી સાધુની મનોવૃત્તિ હોય, માટે સાધુ સદા સુખી.** તમે સુખી છો એવો તમારો દાવો હોય તો મને સમજાવો, તમે કઈ રીતે સુખી છો ? 'અમે સુખી છીએ' એવો દાવો કોણ માંડી શકે છે ? હું દાવા સાથે કહું છું કે, દુનિયામાં એક વીતરાગનો સાધુ જ સુખી છે. **એક નિયમ ગોખી લો, 'જેને જોઈએ તે દુઃખી છે. જેને કાંઈ ન જોઈએ, તે સુખી છે.'**

સુખી થવા માટે બે મંત્ર છે. આ મંત્રમાં **ૐ હ્રીં શ્રીં ઠઃ ઠઃ સ્વાહા** એવું કશું આવતું નથી. એનો કોઈ વિધિ નથી, ગમે ત્યારે ગણી શકાય એવાં આ મંત્રો છે.

**૧. મારે કાંઈ જોઈતું નથી અને**

**૨. મારો કોઈ શત્રુ નથી**

આ બે મંત્રનો જો જાપ બરાબર થાય તો છ મહિનામાં સુખી થઈ શકાય. **સાધુ સુખી એટલા માટે છે કે, એમને કાંઈ જોઈતું નથી ને એ કોઈને શત્રુ માનતા નથી. જો સાધુને પણ કાંઈ જોઈએ એવું થાય તો એ પણ દુઃખી.** પછી તમને ગમે એવા ધંધા સાધુએ પણ કરવા પડે. સાધુપણું નેવે મૂકવું પડે.



જેને કાંઈ જોઈતું નથી, એનો શત્રુ કોઈ ન હોય. શત્રુ કેમ થાય ? કાંઈને કાંઈ જોઈતું હોય... મોભો, સત્તા, સંપત્તિ. કાંઈ ને કાંઈ જોઈએ. જોઈતું હોય તેમાં કોઈ આડે આવે તે શત્રુ લાગે. જેને કાંઈ જોઈતું નથી, તેને ચિંતા, તનાવ, કશું ન હોય.

માનો કે આ શહેર ઉપર કોઈ આપત્તિ આવે ને નીકળવું પડે તો અમને નીકળતાં કેટલી વાર લાગે ? અહીં આવીને નવો સંસાર ઊભો ન કર્યો હોય તો ફટ દઈને આ પાતરાં-ઝોળી ખભે નાંખીને નીકળી પડીએ.

## ı મુક્તિનું સુખ :

મોક્ષમાં પણ સદાનું સુખ શા માટે ?

મોક્ષમાં જીવવાનું સદા, જરૂરીયાતનું નામ નહિ માટે !

સંસારમાં સદાનું દુઃખ શા માટે ?

સંસારમાં જીવવાનું થોડું, જરૂરીયાતોનો પાર નહિ માટે !

'મારે કાંઈ જોઈતું નથી' આ મંત્રની પૂર્ણ સિદ્ધિ – મોક્ષમાં છે, માટે જ મોક્ષે જવાનું. સીધી સાદી ભાષામાં એકેક વાક્યમાં સમજાવી દઉં. જ્યાં દુઃખનો કોઈ પડછાયો પણ નથી. જ્યાં ગયા પછી કદી મરવું પડતું નથી, ત્યાંના જેવું સુખનું ધામ બીજું એકે નથી તે મોક્ષ.

ı જીવવાનું સદા, જરૂરીયાતનું નામ નહિ, તે સુખનું ધામ કહેવાય.

ı જીવવાનું થોડું, જરૂરિયાતનો પાર નહિ તે દુઃખનું ધામ કહેવાય.

અહીં પણ જે જરૂરીયાત ઘટાડે તેને જ આવું સંપૂર્ણ જરૂરીયાત વગરનું જીવન મળે છે.

ı સંપૂર્ણ જરૂરીયાત વગરનું જીવન એટલે સાધુપણું છે.

ı મર્યાદિત જરૂરીયાતવાળું જીવન એટલે શ્રાવકપણું છે.

માટે જ કહ્યું કે, સાધુપણું એટલે મોક્ષનું સેમ્પલ.

## ı આનંદ અને કામદેવ :

આનંદ અને કામદેવ જન્મે જૈન ન હતા, પણ શ્રમણ ભગવાનશ્રી મહાવીર

પરમાત્માની દેશના સાંભળી, સંસારની અસારતા, મોક્ષની ઉપાદેયતા અને સાધુપણાનું વર્ણન સાંભળીને એમને થયું કે, 'આ સંસારમાં એક ક્ષણ પણ રહેવા જેવું નથી. સર્વવિરતિ જેવો ઉત્તમ માર્ગ બીજો એકે નથી.'

ભગવાને કયા શબ્દોમાં કહ્યું હશે ! અને એમણે કયા હૈયાથી સાંભળ્યું હશે ! એ વિચારવા જેવું છે.

એ સાંભળી એમના હૈયામાં ઘમ્મર વલોણું શરૂ થયું. હૈયામાં વલોણું શરૂ થાય તો સમજવું કે સાંભળતાં એ વાત ગમી છે અને હૈયામાં વલોણું ન થાય તો નક્કી થાય કે એ વાત જોઈએ તેવી ગમી નથી.

આત્માને પૂછવું, 'તારે શું કરવું છે ? સંસારમાં રહેવું છે કે મોક્ષે જવું છે.' અંદરથી અવાજ આવે કે 'મોક્ષે જવું છે.' ફરીથી પૂછવું : 'મોક્ષે જવું છે ? તો દીક્ષા લેવી પડશે.' અંદરથી જવાબ મળે કે, 'આકંઠ ઇચ્છા છે. ફરી પ્રશ્ન પૂછવો, 'તો બેસી કેમ રહ્યો છે ?' જવાબ આવે કે હજુ એવું સત્ત્વ, કૌવત, ઉલ્લાસ, ભાવ થતો નથી. આ રીતે સતત આત્મા સાથે પ્રશ્નોત્તરી કરવી પડે. માટે જ –

1 છોડવા જેવો સંસાર !

1 પામવા જેવો મોક્ષ અને તે માટે

1 લેવા જેવું સાધુપણું, આ ત્રણ વાત ભગવાને કરી છે.

એ સાંભળી આનંદ અને કામદેવ ઊભા થયા, એકરાર કર્યો, બોલી ઊઠ્યા :

**'भयवं ! एसे अट्ठे, एसे परमट्ठे, सेसे अणट्ठे ।'**

**'ભગવન્ ! આપે જે સાધુપણાની વાત કરી તે જ ખરેખર અર્થ છે, મોક્ષની વાત કરી તે જ ખરેખર પરમાર્થ છે. એ બે સિવાય બાકીનો બધો સંસાર અનર્થરૂપ છે.'**

આમાંની બે વાત તમે પણ હજુ કબૂલ કરશો. પણ **'सेसे अणट्ठे'** આ ત્રીજી વાત કબૂલ કરવી અઘરી છે. આ ત્રીજી કબૂલાત ન થાય તો પહેલી બે કબૂલાતનો કોઈ અર્થ નથી. **सेसे अणट्ठे** એટલે તમે જે કાંઈ લઈને બેઠા છો તે બધું જ અનર્થકારી છે.

**'सेसे'**માં શું આવે જાણો છો ?



તમારો બંગલો – અનર્થકારી !

તમારી ઑફિસ – અનર્થકારી !

તમારી કમાયેલી સંપત્તિ – અનર્થકારી !

તમારી પત્ની, તમારો પરિવાર, વગેરે અનર્થકારી !

આજ સુધી જે લાંબું, પહોળું પાથર્યું છે, તે બધું જ અનર્થકારી છે ! એમ ભગવાન કહી રહ્યા છે.

કેરીની સીઝનની શરૂઆતમાં મોંઘીદાટ કેરી લાવી હોય, સારામાં સારી કેરી જોઈને ખરીદી હોય, મહેમાન આવ્યા છે. જમાડવાનો ભાવ પણ છે. એમાં સવારે કરંડીયો ખોલ્યો અને કેરી બગડેલી, ભડથું થયેલી નીકળે તો શું કરો ? ફેંકી દો? આટલા મોંઘા ભાવની કેરી ફેંકાય તો નહિ જ એમ કહો ? કે પછી શું કરો ?

**સભા :** *ફેંકી દઈએ.*

કેમ ? સડી ગઈ, અનર્થકારી લાગી માટે ને ?

તેમ ગમે તેવા રૂડા-રૂપાળા લાગતા સંસારનું તમે સર્જન કર્યું. પણ સદ્‌ગુરુનો સમાગમ થતાં 'સંસાર અનર્થકારી છે' – તેમ સમજાઈ જાય તો શું કરવું પડે ? છોડવો જ પડે ને ?

ચાલો, સંસારને છોડી શકો એટલી તમારી તાકાત ન જ હોય તો પણ એ અનર્થકારી છે. તે હૈયાથી કબૂલ તો કરી શકો ને ? મારી આ વાત હૈયે બેસે છે મહાનુભાવ ?

આનંદ અને કામદેવને આ વાત હૈયે બરાબર બેસી ગઈ, માટે જ તેઓ બોલી ઊઠ્યા કે -

**'भयवं ! एसे अट्ठे, एसे परमट्ठे, सेसे अणट्ठे ।'**

ભગવાન ! આપની વાત હૈયાથી માનીએ છીએ. આજે અમારી મૂંઝવણનો કોઈ પાર નથી. સંસાર અનર્થકારી છે ને છોડવું જ જોઈએ એ વાત પૂરી સાચી; પણ જાત સાથે વિચારતાં હજી છોડવાની તાકાત દેખાતી નથી, તે માટેનું કૌવત જાગતું નથી. જે મમતાના તાર આજ સુધી બાંધ્યા છે, તે એક સાથે કાપી શકીએ તેમ નથી. આપે બતાવેલું સંયમ જીવન જીવવાના ઊંચા પરિણામો હજુ પેદા થયા નથી. અમારે માટે બીજો કોઈ તરવાનો રસ્તો ખરો ? તે વખતે ભગવાને એમને

યોગ્ય દેશવિરતિનો માર્ગ બતાવ્યો. પણ **'एसे अट्ठे' 'एसे परमट्ठे'** અને **'सेसे अनट्ठे'** ત્રણ વાત કબૂલ કરે તેને આ રસ્તો બતાવી શકાય. રૂપિયા એક સાથે ચૂકવી ન શકે, છતાં મારે આટલા રૂપિયા આપવા છે, એમ જે કબૂલાત કરે તેને પછી કાંધા-હપ્તા કરી અપાય. તેમ સંસાર છોડવા જેવો, સંયમ લેવા જેવું અને મોક્ષે જવા જેવું છે; આ વાત કબૂલ કરે પછી જો સંયમ લેવાની તાકાત ન દેખાય તેને સંસારમાં રહીને પણ ધર્મ કરવાનો રસ્તો ભગવાને બતાવ્યો છે. એના માટે ભગવાને સમ્યક્ત્વમૂલ બાર વ્રતની વાત કરી છે. આનંદ અને કામદેવે આ વાત સાંભળી. ચોમાસામાં મેઘ ગાજે અને મોર નાચી ઊઠે, તેમ એ બન્ને પુણ્યાત્માઓ નાચી ઊઠ્યા.

તેઓએ મિથ્યાત્વના ત્યાગપૂર્વક સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનો સ્વીકાર કર્યો. ઘરે જઈને એમની શ્રાવિકાને વાત કરી. 'આજે અમે ભગવાનની દેશના સાંભળી અને ભગવાનની વાત અમને હાડોહાડ બેસી ગઈ. ભગવંતે ભવનિસ્તારનો માર્ગ બતાવ્યો. મહાકરુણાના સ્વામી ભગવાને કરુણા કરી, અનુગ્રહ કર્યો અને સમ્યક્ત્વમૂલ બાર વ્રત આપ્યાં, જે લઈને અમે આવ્યા છીએ.' આ બોલતાં એમના મુખ ઉપર કદી ન જોયો હોય તેવો આનંદ દેખાતો હતો. એ જોઈ એમની શ્રાવિકાઓને પણ થું કે, કાંઈક અપૂર્વ પામ્યાં છે. એમને પણ મન થયું. એમણે પણ ભગવાનશ્રી મહાવીર દેવ પાસે જઈ સમ્યક્ત્વ મૂળ બાર વ્રતોનો સ્વીકાર કર્યો.

તમને એમ થાય છે કે, 'જીવનમાં સર્વવિરતિ તો ન લઈ શકાઈ, છેવટે દેશવિરતિ તો સ્વીકારવી જ છે. સમ્યક્ત્વ મૂલ બારે વ્રત લેવાં છે. બાર વ્રત ન લેવાય તો અગિયાર વ્રત, દસ વ્રત, નવ વ્રત... છેવટે એક વ્રતનો પણ સ્વીકાર કરવો છે ?

છેવટે શ્રાવક તરીકેનું જીવન અને એ મુજબની દૈનિક કરણી તો ગોઠવવી જ છે.

1 આજ પછી નવકારશીથી ઓછું પચ્ચક્ખાણ નહિ.

1 આજ પછી ઘરમાં રાત્રિભોજન નહિ.

1 આજથી અભક્ષ્યનો ત્યાગ.

1 સવારે દર્શન કર્યા વગર મોઢામાં પાણી નહિ નાંખું.

1 મધ્યાહ્ને અષ્ટપ્રકારી પૂજા કર્યા વગર ગરમ રસોઈ નહિ જમું.



1 સાંજે ધૂપ-દીપ-આરતી કર્યા વગર પથારીમાં સૂવા નહિ જઉં.

1 રોજ કમસે કમ એક સામાયિક કરી તાત્ત્વિક વાંચન કરીશ. એમાંય પ્રતિક્રમણનાં સૂત્રો નહિ આવડે ત્યાં સુધી એને ગોખવાનો પ્રયત્ન કરીશ. આવડી જશે તો ઉભયટંક પ્રતિક્રમણ ચાલુ કરીશ.'

## 1 છેવટે આટલું ચિંતન કરો !

આમાંનું કાંઈ પણ કરી ન શકો પણ રોજની પંદર મિનીટ કાઢી આટલું વિચારી તો શકો ને કે,

'અનાદિકાળથી સંસારમાં રખડતો આવ્યો છું, પચીસ-પચાસ વર્ષની જીંદગી જોતજોતામાં પૂરી થઈ જશે, અહીંથી મરીને ક્યાંક જવું તો પડશે જ. અહીં જેવું જીવન જીવ્યો હોઈશ તેવું જ ભાવિનું નિર્માણ થશે. જીવનમાં ન કરવાનાં કેવાં કેવાં પાપ કર્યાં ? કરવા જેવાં કયાં કર્તવ્યો ચૂકાયાં ? કર્તવ્ય ચૂકાયું તેનું મિચ્છા મિ દુક્કડં. અકર્તવ્ય થયું તે મારાથી ફરી ન થાય તેની સજાગતા. આવતીકાલે મારા જીવનમાં એક એવો દિવસ આવે કે જેમાં એક પણ અકર્તવ્ય મારાથી ન થાય અને કર્તવ્યમાં લેશ પણ પ્રમાદ ન થાય. ભગવાનની આજ્ઞા મુજબનું જીવન મારે જીવવું છે. મારે મારો પરલોક બગાડવો નથી જ.'

હું સંસાર છોડવાની વાતમાંથી નીચે આવ્યો, દેશવિરતિથી પણ નીચે આવ્યો. શ્રાવકપણાની કરણીથી પણ નીચે આવ્યો. છેક 'તમે પરલોક પણ ભૂલી ગયા છો' તે વાતની યાદ કરાવું છું.

પરમાત્માના શાસનને પામેલો શ્રાવક ચોવીસેય કલાક અંદરથી સજાગ હોય. એને સંસારમાં જેટલો પણ સમય વીતાવવો પડે, તેનું પારાવાર દુઃખ હોય. તમને કોઈ કહે કે 'મહિના પછી તને પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા આપીશ' તો મહિના પહેલાં જ તમે પ્લાનીંગ શરૂ કરી દો ને ? કેવાં કેવાં પ્લાનીંગ મનમાં ગોઠવો. મોકાની જગ્યાએ ઑફિસ કરીશ, બજારમાં શાખ ઊભી કરીશ, તે વખતે તાવ-ટાઈફૉઈડ કે કમળો થાય અને એકેક દા'ડો કામ કર્યા વિનાનો નકામો જાય તો કેવું લાગે ?

તો તમને આ મનુષ્ય જીવન પ્રાપ્ત થયા પછી આટલી બધી તક મળી છે. એમાં

એક પછી એક દિવસ નકામો જઈ રહ્યો છે, એવું લાગે છે ? આ કિંમતી દિવસો જાય છે. મળેલા દિવસો પાછા નથી આવવાના. આ બધો વિચાર તમને આવે છે ?

તમને થાય છે કે – 'મારા ભગવાન અનંત કરુણાના નિધાન હતા... તેમણે એકેક વાત મારા-તમારા, સૌના હિત માટે કરી છે.'

જતાં જતાં છેલ્લે બાપાજી જે કાંઈ હિતવચનો કહી ગયા હોય તે સાચા દીકરાને ડગલે ને પગલે યાદ આવે ને ? તેમ, 'મારા ભગવાને આમ કહ્યું છે. મારા ભગવાનની આ આ આજ્ઞાઓ છે.' આવું તમને ડગલે ને પગલે યાદ આવે છે ?

## ૧ શ્રાવક નિયમા સદ્ગતિમાં કેમ જાય ?

ભગવાને કહ્યું છે કે, મારો શ્રાવક રૂપિયાની નોટની થપ્પી ગણતો મરે અને મારી શ્રાવિકા, ચૂલો સળગાવતાં દાઝીને મરે તો પણ **'नियमा वेमाणिओ होइ ।'** વૈમાનિક દેવલોકમાં જાય. તેની સદ્ગતિ નિશ્ચિત છે. કારણ તે વખતે પણ એ શ્રાવક-શ્રાવિકાના મનમાં એક જ વિચાર હોય કે મારા ભગવાને આઠ વર્ષની ઉંમરમાં જ આ સંસાર છોડવાનું કહ્યું છે. કમનસીબી મારી છે કે સંસાર ન છોડ્યો માટે આ પાપ મારે કરવું પડે છે. ધન્ય છે તે સાધુ- સાધ્વીજીને કે, જે નાની નાની ઉંમરમાં નીકળી ગયાં. તેમને આવાં પાપ ક્યારે પણ કરવાં પડતાં નથી.

'મારા ભગવાને સંસાર છોડવાનું અને સંયમ લેવાનું કહ્યું છે.' આ તેને ડગલે ને પગલે યાદ આવતું જ હોય. આજ તો પૂજા કરતાં કરતાં કોઈ મરે અને કોઈ પૂછે કે ભઈ ક્યાં ગયા હશે ? તો પણ સ્વર્ગે જ ગયા છે, તેમ ન કહી શકાય. કેમ ?

ઘણા તો ભગવાનની પલાઠી પકડીને જ ઊભા રહે. ભગવાનને પણ કહે કે, 'ત્રીસ થયાં, હજુ એકલો છું. ભગવાન ! બેકલો કરી દો.' આ રીતે પૂજા કરતાં પણ કોઈને કોઈ પ્રકારના સંસારના જ મેલા ભાવો રમતા હોય તો પૂજા કરતાં કરતાં ય મરે તો મરીને ક્યાં જાય ? શાસ્ત્રમાં કહ્યું છે કે,

**'यादृशी मतिः, तादृशी गतिः ।'**

**'જેવી મતિ તેવી ગતિ થાય છે.'**

વિ. સં. ૧૮૯૫, ઈ.સ. ૧૯૨૯-૩૦ની વાત છે. તે જમાનામાં એક ભાઈ



સો રૂપિયાનો ખર્ચો કરી દરરોજ ભગવાનની પૂજા કરતા. પૂજાની બધી શ્રેષ્ઠ સામગ્રી લાવે. ત્રણ કલાક એની પૂજા ચાલે. મારા પરમતારક ગુરુદેવશ્રીજી રોજ અલગ અલગ જિનાલયે દર્શન કરવા જતા. એક દિવસ એ ભાઈ પૂજા કરતા હતા. તે દેરાસરે દર્શન કરવા ગયા, ત્યારે એની આવી સુંદર ભક્તિ જોઈને એમને આનંદ થયો. આટલી સરસ પરમાત્માની ભક્તિ કરે છે, એમ આનંદ થયો. પરમતારક ગુરુદેવશ્રીને થયું કે આવી સરસ ભક્તિ કરનાર ભાઈ વ્યાખ્યાનમાં કેમ દેખાતા નથી ? બહાર ઊભા રહ્યા. શ્રાવક પૂજા પતાવી બહાર નીકળ્યો ત્યારે પૂછ્યું. 'ભાગ્યશાળી પૂજા ખૂબ સરસ કરો છો. વ્યાખ્યાનમાં કેમ દેખાતા નથી ?' ત્યારે પેલાનું બોઈલર ફાટ્યું. 'શું આવે તમારા વ્યાખ્યાનમાં. તમને એક દીક્ષા ને બીજું મોક્ષ, આ બે સિવાયની ત્રીજી વાત ક્યાં આવડે છે ?' ત્યારે પરમતારક ગુરુદેવશ્રીએ પૂછ્યું કે, 'તો પછી આ પૂજા શા માટે કરો છો ?' ત્યારે ધીરેથી જવાબ આપ્યો કે, 'મહારાજ સાહેબ ! મને મંગળ નડે છે.' જો આવી જ પરિસ્થિતિ હોય તો પછી આત્મકલ્યાણ કઈ રીતે થાય, મહાનુભાવ ! માટે ફરી એક વાત નક્કી કરી લો.

**જવું છે ક્યાં ? મોક્ષમાં !**

**પામવું છે શું ? સાધુપણું !**

**એ ન મળે ત્યાં સુધી એને મેળવવા માટે ઊંચામાં ઊંચું શ્રાવકપણું !**

શ્રાવકપણામાં પણ શક્ય તેટલી સુંદરમાં સુંદર ધર્મ આરાધના કરી જીવનને એવું તો સરસ ગોઠવી દઈએ કે જેના પ્રભાવે આ જીવન પૂરું થાય એ પહેલાં તો અવશ્ય આપણને સાધુપણું મળી જાય, તેની શક્તિ અનુસારની આરાધના થઈ જાય અને તેના પરિણામે વીતરાગની આજ્ઞા પાળ્યાનો એક અપૂર્વ સંતોષ લઈને સંપૂર્ણ સમાધિ સાથે આપણે મોતને ભેટીએ. આપણું આજ્ઞા મુજબનું જીવન અને આજ્ઞા મુજબનું મોત જોઈને પણ બીજા ઘણાને 'જીવન અને મૃત્યુ તો આમનું જ' એવું કહેવાનું મન થઈ જાય. પરિણામે તે પણ આજ્ઞાના સામ્રાજ્યમાં આવી જાય અને આજ્ઞાની રૂડી આરાધનાના પ્રતાપે-પ્રભાવે સર્વ કર્મનો ક્ષય કરી, પરમ સુખમય પરમપદના ભાગી બનીએ એ જ અભિલાષા સાથે પૂર્ણ કરું છું.

v v v